દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 255 ■ વિક્રમ સંવત ૨૦૮૨
કાર્તિક સુદ-૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 29 October 2025, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
બુધવાર, ૨૯ ઑક્ટોબર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
ઈન્ટરવલ પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# આંધ્ર, ઓડિશામાં વાવાઝોડાએ વેર્યો વિનાશ



**વિનાશનો સંકેતઃ** મોન્થા વાવાઝોડાની અસર હેઠળ ચેન્નઈ પાસેના દરિયામાં મહાકાય મોજાં ઊછળ્યાં હતાં. (એજન્સી)

## ‘મોન્થા’ ૯૦-૧૧૦ કિ.મી. ઝડપી પવન સાથે ત્રાટક્યું: તમિળનાડુ, પશ્ચિમ બંગાળમાં પણ ભારે વરસાદ

કાકિનાડાઃ આંધ્ર પ્રદેશ, ઓડિશા સહિત કેટલાક રાજ્યમાં મંગળવારે રાતે ‘મોન્થા’ નામના વાવાઝોડા સાથે ભારે વરસાદ પડવાનું શરૂ થયું હતું. આ કુદરતી આફતને લીધે જાનમાલને થયેલી હાનિનો ચોક્કસ અંદાજ મોડી રાત સુધી જાણી નહોતો શકાયો.

આંધ્ર પ્રદેશના કાકિનાડાના દરિયાકિનારાના વિસ્તારમાં વાવાઝોડું ફૂંકાવાનું શરૂ થયું હતું. નેલ્લોરથી શ્રીકાકુલમ સુધીના દરિયામાં મોજાં બહુ જ ઊંચા ઊછળતા હતા.

વાવાઝોડામાં હવાની ગતિ કલાક દીઠ ૯૦થી ૧૧૦ કિલોમીટર સુધીની હતી. વાવાઝોડાની અસર આંધ્ર પ્રદેશમાં રાતના સાત વાગ્યાથી વર્તાવાની શરૂ થઇ હતી.

મછલીપટ્ટણમ અને કાલિંગપટ્ટણમની વચ્ચે કાકિનાડાના તટ પરથી વાવઝોડું આંધ્ર પ્રદેશમાં પ્રવેશ્યુ હતું.

તમિળનાડુ અને પશ્ચિમ બંગાળમાં પણ વાવાઝોડાની અસરને લીધે અમુક વિસ્તારમાં વરસાદ પડ્યો હતો.

વાવાઝોડા અને ભારે વરસાદને ધ્યાનમાં રાખીને માછીમારોને દરિયામાં નહિ જવાની સૂચના અપાઇ હતી. સામાન્ય જનતાને દરિયાકિનારાથી દૂર રહેવાની ચેતવણી અપાઇ હતી.

કાકિનાડા અને તેની આસપાસ રહેતા લોકોને સલામત સ્થળે ખસેડાયા હતા. કાકિનાડામાં જ ૪૦૧ જેટલી રાહત (જુઓ પાનું ૨) ▸▸

## ૫૦ લાખ કેન્દ્રીય કર્મચારી, ૬૯ લાખ પેન્શનરને લહાણીઃ આઠમા વેતન પંચની રચનાને મંજૂરી

### પહેલી જાન્યુઆરી, ૨૦૨૬થી અમલની આશાઃ કેન્દ્ર સરકારે યુરિયા સિવાયના ખાતરની સબસિડી વધારી

નવી દિલ્હીઃ કૅબિનેટે આઠમા વેતન પંચની રચનાને (ટર્મ્સ ઑફ રૅફરન્સને) મંગળવારે મંજૂરી આપી હતી. આ વેતન પંચનો ૨૦૨૬ની પહેલી જાન્યુઆરીથી અમલ થવાની શક્યતા છે. સરકારની આ જાહેરાતનો ફાયદો ૫૦ લાખ જેટલા કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને ૬૯ લાખ જેટલા પેન્શનરોને મળશે.

આ ઉપરાંત, કેન્દ્રના પ્રધાનમંડળે ૨૦૨૫ના રવી પાકની મોસમ માટે યુરિયા સિવાયના ખાતરની સબસિડી વધારી છે.

આઠમા વેતન પંચની ભલામણના અમલથી કેન્દ્ર સરકારના અંદાજે પચાસ લાખ કર્મચારી અને ૬૯ લાખ પેન્શનરને લાભ થશે.

આઠમા વેતન પંચમાં એક અધ્યક્ષ (ચેરપર્સન), એક સભ્ય (પાર્ટ ટાઇમ) અને અન્ય એક સભ્ય - સૅક્રેટરી રહેશે. આ પંચ પોતાની રચનાના ૧૮ મહિનામાં ભલામણ કરશે.

સર્વોચ્ચ અદાલતનાં ભૂતપૂર્વ ન્યાયાધીશ રંજના પ્રકાશ દેસાઇ આ પંચનાં અધ્યક્ષા રહેશે. તેઓ કેન્દ્ર સરકારને પંચની ભલામણ સુપરત કરશે.

માહિતી અને પ્રસારણ ખાતાના પ્રધાન અશ્વિની વૈષ્ણવે આઠમા વેતન પંચના અમલની સંભવિત તારીખ અંગે પુછાયેલા સવાલના જવાબમાં જણાવ્યું હતું કે પંચનો વચગાળાનો અહેવાલ સુપરત કરાય તે પછી તેના અમલની ચોક્કસ તારીખ નક્કી કરાશે. તેનો અમલ ૨૦૨૬ની પહેલી જાન્યુઆરીથી થવાની (જુઓ પાનું ૨) ▸▸

## દરેક પરિવારમાંથી એકને નોકરી ને દારૂબંધી વિશે ફેરવિચારના બિહારમાં વિપક્ષી વાયદા

### મફત વીજળી, તાડી પરનો પ્રતિબંધ ઉઠાવી લેવાનો, જૂની પેન્શન સ્કીમનો ચૂંટણીઢંઢેરામાં ઉલ્લેખ

પટણાઃ વિપક્ષોની યુતિ (ઇન્ડિયન નેશનલ ઇન્ક્લૂસિવ અલાયન્સ - ‘ઇન્ડિ’)એ બિહાર વિધાનસભાની ચૂંટણી જીતી સત્તા પર આવશે, તો દરેક પરિવારના એક સભ્યને સરકારી નોકરી આપવાનું, તાડી પરનો પ્રતિબંધ ઉઠાવી લેવાનો, જૂની પેન્શન સ્કીમ ફરી શરૂ કરવાનું અને ૨૦૦ યુનિટ સુધી મફત વીજળી આપવાની બાંયધરી મંગળવારે જાહેર કરેલા ચૂંટણી ઢંઢેરામાં આપી હતી. આ ઉપરાંત બિહારમાંની સંપૂર્ણ દારૂબંધી વિશે પણ ફેરવિચાર કરવાનો વાયદો ચૂંટણી ઢંઢેરામાં કરાયો છે.

‘બિહાર કા તેજસ્વી પ્રણ’ મથાળા હેઠળ બહાર પાડવામાં આવેલા ૩૨ પાનાના વિપક્ષના ચૂંટણી ઢંઢેરામાં વિપક્ષના અનેક નેતાની સાથે રાષ્ટ્રીય જનતા દળના ૩૫ વર્ષીય નેતા પણ હાજર રહ્યા હતા.

તેજસ્વી યાદવે ચૂંટણી ઢંઢેરો બહાર પાડવાના કાર્યક્રમમાં જણાવ્યું હતું કે બિહારમાં ‘ઇન્ડિ’ના ચૂંટણી ઢંઢેરામાં પચીસ મુદ્દાનો ‘પ્રેક્ટિકલ ઉકેલ’ છે. બિહારમાં અમારી સરકારની (જુઓ પાનું ૨) ▸▸

## ગુજરાતમાં આફતનો વરસાદઃ ઊભા પાકનો સર્વનાશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી કમોસમી વરસાદ વરસી રહ્યો છે. ત્યારે અમદાવાદ હવામાન વિભાગ દ્વારા આગામી ચાર દિવસ કમોસમી વરસાદ અંગે આગાહી કરવામાં આવી છે. અમદાવાદ હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ આગામી ચાર દિવસ અંગે જણાવ્યું હતું કે, હાલ ગુજરાત ઉપર ડિપ્રેશન સર્જાયું છે અને રાજસ્થાન ઉપર એક સાયક્લોનિક સર્ક્યુલેશન છે. આગામી ચાર દિવસ સૌરાષ્ટ્ર અને કચ્છમાં ઓરેન્જ અલર્ટ આપવામાં આવ્યું છે.

રાજ્યમાં ફરી એક વખત માવઠું ખેડૂતો માટે મુસિબત બન્યું છે. કમોસમી વરસાદથી ખેડૂતોને મોટા પ્રમાણમાં નુકસાન થયું છે, તેથી ખેડૂતોને સહાય પેકેજ ચુકવવા માટેની માગ ઊઠી છે. જો કે અગાઉ પણ સરકારે અતિવૃષ્ટિ પેકેજની જાહેરાત કરી હતી પણ તે રકમ ખેડૂતોને હજુ સુધી ચુકવવામાં આવી નથી. આજે ગુજરાતની સરકાર ધરતીપુત્રો માટે વધુ એક સહાય પૅકેજની જાહેરાત કરે એવી શક્યતા છે.

પ્રદીપ શર્માએ આપેલી માહિતી પ્રમાણે, અરબ સાગરમાં ડિપ્રેશન સક્રિય છે. આ સાથે જ (જુઓ પાનું ૨) ▸▸

## દિલ્હીમાં આખરે કૃત્રિમ વરસાદના અખતરા થયા

નવી દિલ્હી : દિલ્હી સરકારે આઈઆઈટી-કાનપુરના સહકારથી ક્લાઉડ સીડિંગ (કૃત્રિમ વરસાદ) ના અખતરા દિલ્હીમાં મંગળવારે શરૂ કર્યા હતા અને આગમી થોડા દિવસોમાં આવી વધુ કવાયત કરાશે, એવી માહિતી પર્યાવરણ ખાતામાં પ્રધાન મનજિન્દર સિંહ સિરસાએ આપી હતી.

અધિકારીઓના જણાવ્યા પ્રમાણે વિમાન કાનપુરથી દિલ્હી ઉડ્યું હતું અને તેણે બુરાડી, નોર્થ કરોલ બાગ અને મયુર વિહાર જેવા વિસ્તારોને આવરી લીધા હતા. વિમાન પછી (જુઓ પાનું ૨) ▸▸

## જમૈકામાં સૌથી શક્તિશાળી વાવાઝોડું મેલિસા વિનાશ વેરશે

કિંગસ્ટન (જમૈકા) : ભારે ઉત્પાત મચાવે એવી પાંચમી કેટેગરીનું વાવાઝોડું મેલિસા મંગળવારે જમૈકાને ધમરોળી નાખશે. ૧૭૪ વર્ષ પહેલાંથી વંટોળ-વાવાઝોડાનો રેકોર્ડ રખાય છે અને આ સમયગાળાનું સૌથી શક્તિશાળી વાવાઝોડું છે. આની ઝડપ એક કલાકદીઠ ૨૬૦ કિલોમીટર છે.

વાવાઝોડા ત્રાટકેના કલાકો પહેલાં જમૈકાની સરકારે કહ્યું હતું કે અમે અમારાથી શક્ય હોય એવી અગમચેતી રાખી છે. જોકે સરકારે ચેતવણી આપી છે કે અમે ભારે વિનાશ માટે તૈયાર છીએ. કિંગ્સ્ટનની ગલીઓ સૂમસામ હતી. ફક્ત રખડતો કૂતરો ખાબોચિયાને ઓળંગતો કે ગણ્યાગાંઠ્યા લોકો જોરદાર ફૂંકાતા પવન વચ્ચે ઝાડની ડાળી નીચેથી ચાલી રહેતા દેખાય છે.

વડા પ્રધાન એન્ડ્રેવ હોલનેસે કહ્યું હતું કે રિજનમાં કેટેગરી પાંચના વાવાઝોડાનો સામનો કરવાનું કોઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નથી. સવાલ વાવાઝોડા ત્રાટક્યા બાદ કેટલા સમયમાં કળ વળશે એનો છે. આ પડકાર છે.

વાવાઝોડું મંગળવારે જમીનમાં અથડાશે અને ટાપુમાંથી ત્રાસું પસાર થશે. થોડા સમય બાદ તે ક્યુબામાં ત્રાટકે એવી સંભાવના છે. (એજન્સી)■





**આગઃ** દિલ્હી ઍરપોર્ટના ટર્મિનલ-૩ નજીક પાર્ક કરેલા વિમાન નજીક ઊભેલી ઍર ઈન્ડિયાના એસએટીએસ બસમાં આગ લાગ્ય બાદના અવશેષો. (એજન્સી)

## સંઘની શતાબ્દીઃ દેશભરમાં એક લાખ હિન્દુ સંમેલન યોજાશે

જબલપુરઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની સ્થાપનાની શતાબ્દીની ઉજવણીના ભાગરૂપ દેશભરમાં એક લાખ કરતાં પણ વધુ હિન્દુ સંમેલન અને મેળાવડા યોજાશે એવી માહિતી આરએસએસ એ મંગળવારે આપી હતી.

આ સંમેલનોનો મુખ્ય આશય ‘પાંચ પરિવર્તન’ હિન્દુત્વનો વ્યાપ વધારવો, કુટુંબ પ્રબોધન, સામાજિક સમરસતા, પારિવારિક સભાનતાને પ્રોત્સાહન આપવાનો અને સામાજિક મુદ્દાઓ અંગે ચર્ચા કરવાનો છે, એમ સંઘના ઑલ ઈન્ડિયા પબ્લિસિટી ચીફ સુનીલ આંબેકરે કહ્યું હતું. ૩૦ ઑક્ટોબરથી શરૂ થનારી આરએસએસના અખિલ ભારતીય કાર્યકારી મંડળની ત્રણ દિવસની રાષ્ટ્રીય બેઠક અગાઉ પત્રકારોને આપેલી મુલાકાત દરમિયાન આંબેકરે ઉપરોક્ત નિવેદન કર્યું હતું. આરએસએસના વડા મોહન ભાગવત સહિત ૪૦૬ અધિકારીઓ આ બેઠકમાં ભાગ લેશે એમ જણાવતાં આંબેકરે કહ્યું હતું કે શતાબ્દીની ઉજવણીના ભાગરૂપ નવેમ્બરથી જાન્યુઆરી દરમિયાન કાર્યકર્તાઓ ૨૫થી ૪૦ દિવસ ઝુંબેશ ચલાવશે અને લોકોને પાંચ પરિવર્તન, નાગરિકી ફરજ, પારિવારિક જીવન અને સામાજિક મુદ્દાઓ અંગે માહિતગાર કરશે.

## જયપુર પાસે બસ હાઇ ટેન્શન વાયરના સંપર્કમાં આવતા વીજ આંચકોઃ બેનાં મોત

ટોડી : રાજસ્થાનના જયપુર નજીક મનોહરપુર પોલીસ સ્ટેશન વિસ્તારના ટોડી ગામમાં મોટી દુર્ઘટના બની છે. જેમાં મજૂરોથી ભરેલી એક બસ હાઈ ટેન્શન સાથે ટકરાતા વીજ કરંટ લાગતા બે મજૂરના મોત થયા છે. જયારે છ જેટલા મજૂર દાઝી ગયા છે.

તેમને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

આ અંગે મળતી માહિતી મુજબ મજૂરો ભરેલી બસ ઉત્તર પ્રદેશથી મનોહરપુર ટોડીસ્થિત ઈંટના ભઠ્ઠા પર જતી હતી. પરંતુ તે જયારે ૧૧ હજાર વોલ્ટની હાઈ ટેન્શન લાઈન પસાર થઈ રહી હતી. ત્યારે બસ તેના સંપર્કમાં આવી હતી અને બસમાં કરંટ લાગ્યો હતો તેમ જ તેમાં આગ લાગી હતી. જેના લીધે મજૂરોએ બચવા માટે નાસભાગ કરીને ચીસાચીસ કરી હતી.

આ ઘટનાની જાણ થતા જ મનોહરપુર પોલીસ અને વહીવટી અધિકારી ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેમજ ઘાયલોને નજીકમાં શાહપુરા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.■

## દિલ્હી એસિડ અટેકમાં ટ્વિસ્ટ, પીડિતાનો પિતા જ આરોપી

નવી દિલ્હી : દિલ્હીમાં ૨૬ ઓક્ટોબરના રોજ નોંધાયેલી એસિડ અટેકની ઘટનામાં નવો ખુલાસો થયો છે. જેમાં પોલીસ તપાસમાં માલૂમ પડ્યું છે કે આ સમગ્ર ઘટનાનું ષડ્યંત્ર પીડિત પુત્રીના પિતાએ જ કર્યું હતું. જેની પોલીસે ધરપકડ કરી છે. આ સમગ્ર ઘટનાની પ્રકાશમાં આવેલી વિગતો મુજબ પોલીસે જણાવ્યું કે પીડિતાના પિતાએ કહ્યું હતું કે તેની પુત્રી ઘરેથી ટોયલેટ ક્લીનર લઈને ગઈ હતી અને હાથ પર લગાવ્યું હતું. તેની બાદ જિતેન્દ્ર નામના વ્યકિત દ્વારા એસિડ અટેક કરવાની ફરિયાદ નોંધાવામાં આવી હતી. જોકે, હાલ પિતા અકીલ ખાને ગુનો કબૂલ કર્યો છે. તેમજ જણાવ્યું છે કે જિતેન્દ્ર અને અન્ય બે લોકોને ખોટા કેસના ફસાવવાનું ષડયંત્ર રચ્યું હતું.

આ કેસમાં શાહબાદ ડેરી પોલીસ સ્ટેશન દ્વારા આરોપી પિતાની બળાત્કારના કેસમાં ધરપકડ કરી છે. પોલીસ હવે આરોપી પિતા અને તેની પુત્રી સામે ખોટા કાવતરા માટે બીએનએસની વિવિધ કલમો હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી રહી છે. પોલીસના જણાવ્યા અનુસાર, બંને પર ગુનાઇત કાવતરાનો આરોપ પણ લગાવવામાં આવ્યો છે. આ કેસમાં ફસાવવામાં આવેલા આરોપી જિતેન્દ્રની પત્નીનો આરોપ છે કે તે એસિડ અટેક થયો હોવાનો દાવો કરતી પીડિતાના પિતા અકીલ ખાનની ફેક્ટરીમાં કામ કરતી હતી. તેમજ અકીલ ખાને તેનું જાતીય શોષણ કર્યું હતું. તેથી તેણે ૨૪ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ ફરિયાદ નોંધાવી હતી. તેમજ અકીલ ખાન સાથે સમાધાન કરવાનો ઇનકાર કર્યા બાદ તેણે ૨૬ ઓક્ટોબરના રોજ તેની પોતાની પુત્રી પર એસિડ અટેક કરવાનું કાવતરું ઘડ્યું અને તેના પતિને ફસાવી દીધા હતા. ■



**વાવાઝોડુંઃ** આંધ્ર પ્રદેશના મછલીપટનમમાં મંગળવારે મોન્થા વાવાઝોડું ત્રાટક્યું હતું. પ્રતિકલાક ૫૦થી ૬૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાવાની સાથે થયેલા ભારે વરસાદને પગલે તૂટી પડેલા ઝાડને કારણે રસ્તા પર અવરોધ ઊભો થયો હતો. (એજન્સી)

## દિલ્હી ઍરપોર્ટ પર વિમાન પાસે પાર્ક કરાયેલી બસ સળગી

નવી દિલ્હીઃ મંગળવાર બપોરે દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ એક મોટી દુર્ઘટના બનતા બનતા રહી ગઈ.

ટર્મિનલ-૩ પર ઉભેલા એર ઇન્ડિયાના વિમાનથી માત્ર થોડા મીટર જ દૂર પાર્ક કરેલી એક બસમાં વિકરાળ આગ ફાટી નીકળી હતી. સદભાગ્યે બસમાં મુસાફરો સવાર ન હતાં, જેને કારણે કોઈ જાનહાનિ થઇ ન હતી.

ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટના ટર્મિનલ-૩ પર બસમાં લાગેલી આગનો એક વીડિયોમાં સોશ્યલ મીડિયા પર શેર કરવામાં આવ્યો છે.

આગ પર કાબૂ મેળવવામાં આવ્યો છે, આગ લાગવાના કારણોની તપાસ કારવામાં આવી રહી છે.■

## ‘મનરેગા’નો બંગાળમાં અમલ કરવા સુપ્રીમ કોર્ટનો આદેશ

નવી દિલ્હીઃ દેશમાં ૧૦૦ દિવસની રોજગારીની બાંયધરી આપતી મહાત્મા ગાંધી નેશનલ રુરલ એમ્પ્લૉયમેન્ટ ગૅરન્ટી ઍક્ટ (મનરેગા) હેઠળની યોજનાનો પશ્ચિમ બંગાળમાં ૨૦૨૫ની પહેલી ઑગસ્ટથી અમલ કરાવવા કલકત્તા હાઇ કોર્ટે આપેલા આદેશને પડકારતી કેન્દ્રની અરજીને સર્વોચ્ચ અદાલતે કાઢી નાખી હતી.

ન્યાયાધીશ વિક્રમ નાથ અને ન્યાયાધીશ સંદીપ મહેતાની બનેલી બૅન્ચે કલકત્તા હાઇ કોર્ટે ૧૮ જૂને આપેલા સંબંધિત આદેશમાં દખલગીરી કરવાનો ઇનકાર કરતા જણાવ્યું હતું કે વડી અદાલતના આ આદેશમાં દરમિયાનગીરી કરવાની જરૂર નથી જણાતી.

અગાઉ, કલકત્તા હાઇ કોર્ટે ૧૮ જૂને આ કેસમાં આપેલા ચુકાદામાં જણાવ્યું હતું કે કેન્દ્રને પશ્ચિમ બંગાળમાં ‘મનરેગા’ના અમલમાં ગેરરીતિ ન આચરાય તેના માટે ખાસ શરત કે નિયંત્રણની સાથે તેનો અમલ કરાવવાની સંપૂર્ણ સત્તા છે.

સર્વોચ્ચ અદાલતે પશ્ચિમ બંગાળમાંના કેટલાક જિલ્લામાં આ યોજનાના અમલ વખતે આચરવામાં આવેલી ગેરરીતિની તપાસ ચાલુ રાખવા કેન્દ્રને પરવાનગી આપી હતી. કલકત્તા વડી અદાલતે ૧૮ જૂને આપેલા ચુકાદામાં જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં આ યોજનાનો અમલ છેલ્લાં ત્રણ વર્ષથી મુલતવી રાખવામાં આવ્યો છે, પણ કેન્દ્ર તેને ૨૦૨૫ની પહેલી ઑગસ્ટથી અમલમાં મૂકી શકે છે. (એજન્સી)■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ચીનનાં એરબેઝ મજબૂત બનતાં ભારત પર ખતરો વધ્યો

**ભારતના** ચીન સાથેના સંબંધો સારા થયા હોવાના કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારના દાવા વચ્ચે એક ચોંકાવનારો મીડિયા રિપોર્ટ બહાર આવ્યો છે. આ રિપોર્ટ પ્રમાણે, ચીને તિબેટમાં લુન્ઝે એરબેઝ પર ૩૬ હાર્ડન્ડ એરક્રાફ્ટ શેલ્ટર્સ બનાવ્યાં છે. ચીને લુન્ઝેમાં હાર્ડન્ડ એરક્રાફ્ટ શેલ્ટર્સની સાથે સાથે નવા વહીવટી બ્લોક્સ અને નવા એપ્રોનનું બાંધકામ પણ કર્યું છે. લુન્ઝે એરબેઝ ભારતના ઉત્તર-પૂર્વના રાજ્ય અરુણાચલ પ્રદેશની એકદમ નજીક છે.

અરુણાચલ પ્રદેશના વ્યૂહાત્મક શહેર તવાંગથી લગભગ ૧૦૭ કિલોમીટર દૂર આવેલા લુન્ઝે એરબેઝમાં ચીને સીએચ-૪ ડ્રોનનો ખડકો પણ કર્યો છે. ચીનના લશ્કરી ખડકાનો પર્દાફાશ સેટેલાઈટ તસવીરોના કારણે થયો છે. વિશ્વમાં વંતોર સીક્યુરિટી ઈન્ટેલિજન્સમાં ટોચની એજન્સી મનાય છે. અગાઉ મેક્સર તરીકે ઓળખાતી વંતોરે લીધેલી સેટેલાઈટ તસવીરોમાં ચીને ભારત સાથેની સરહદે તાણી બાંધેલાં લશ્કરી બાંધકામ સ્પષ્ટ દેખાય છે.

હાર્ડન્ડ એરક્રાફ્ટ શેલ્ટર્સનો મતલબ જેટ ફાઈટર્સને રાખવા માટેનાં બંકર થાય છે. દુશ્મન દેશ ગમે તેવા હુમલા કરે પણ જેને કશું ના કરી શકે એવા બંકરને હાર્ડન્ડ એરક્રાફ્ટ શેલ્ટર્સ કહે છે. ચીને લુન્ઝેમાં આવા હાર્ડન્ડ એરક્રાફ્ટ શેલ્ટર્સની સાથે સાથે નવા વહીવટી બ્લોક્સ અને નવા એપ્રોનનું બાંધકામ પણ કર્યું છે.

એરપોર્ટ એપ્રોનને રેમ્પ અથવા ટાર્મેક પણ કહેવાય છે. એરપોર્ટ એપ્રોનમાં વિમાન પાર્ક કરવામાં આવે છે, લોડ કરવામાં આવે છે, અનલોડ કરવામાં આવે છે, રિફ્યુઅલ કરવામાં આવે છે અને સૈનિકોને ચડાવવામાં પણ આવે છે. ટર્મિનલ બિલ્ડિંગ અને રનવે વચ્ચે આવેલા એપ્રોનમાં રખાયેલાં જેટ ફાઈટર ગમે ત્યારે આક્રમણ કરવા તૈયાર સ્થિતિમાં હોય છે. એપ્રોનમાં વિમાનની સર્વિસિંગ માટે ગ્રાઉન્ડ કામગીરી પણ થાય છે. ચીનનાં ઈઇં-૪ ડ્રોન ઇલેક્ટ્રો-ઓપ્ટિકલ સેન્સર ધરાવે છે અને ૧૬,૦૦૦ ફૂટથી વધુ ઊંચાઈથી બૉમ્બ ફેંકી શકે છે.

ભારત અને ચીન વચ્ચેની સરહદ મેકમોહન લાઇનથી લગભગ ૪૦ કિલોમીટર ઉત્તરમાં આવેલા લુન્ઝે એરબેઝ પર ચીન આ બધું બાંધકામ કરે કે ડ્રોનનો ખડકલો કરે તેનો અર્થ એ થયો કે, ચીન ભારતની સરહદે મોટા પ્રમાણમાં લશ્કરી થાણાં ઊભાં કરી રહ્યું છે. સ્વાભાવિક રીતે જ ચીનની સરકાર પોતાના સૈનિકો અને વિમાનોને લુન્ઝે એરબેઝ પર ભારત દર્શન કરાવવા માટે તો નથી જ ખડકી રહી તેથી ભારત માટે આ ચિંતાનો વિષય છે.

ચીન ભારત સાથેની સરહદે લશ્કરી ખડકલો કરે તેનો મતલબ એ થયો કે, ચીન ગમે ત્યારે ભારત પર આક્રમણ કરી શકાય ને ભારતના વિસ્તારોમાં બૉમ્બમારો કરી શકાય એવી તૈયારી કરીને બેઠું છે. ચીનનો ખરેખર ઈરાદો શું છે એ આપણને ખબર નથી પણ આવા મોટા પ્રમાણમાં લશ્કરી બાંધકામો કરવા પાછળ ચીનની કોઈ ગણતરી તો હશે જ. સરહદ પર ભારત અને ચીનના સૈનિકો વચ્ચે ચકમક ઝર્યા જ કરે છે ને એ સંજોગોમાં ચીનનાં હેલિકૉપ્ટર્સ કે ડ્રોન ભારતીય સરહદમાં ઘૂસીને ધડબડાટી બોલાવી શકે એવી વ્યવસ્થા ચીને અકારણ તો નહીં જ કરી હોય. ચીનની માનસિકતા બીજા દેશોનું પચાવી પાડવાની છે અને ભારતના તો ઘણા બધા વિસ્તારો પર ચીનનો પહેલેથી ડોળો છે જ એ જોતાં ચીન ગમે ત્યારે ભારત પર હલ્લાબોલ કરી નાંખે એવો ખતરો વધી ગયો છે.

ભારતીય વાયુસેનાના ભૂતપૂર્વ વડા એર ચીફ માર્શલ બી એસ ધનોઆ (નિવૃત્ત) એ તો સાફ શબ્દોમાં કહ્યું છે કે, ચીન આ બધી તૈયારી કરીને હુમલો કરવાની તૈયારી જ કરી રહ્યું છે. એર ચીફ માર્શલના કહેવા પ્રમાણે, આ બધું રાતોરાત થયું નથી. ચીને ભારતને કે દુનિયાના બીજા દેશોને ગંધ ના આવે એ રીતે બાંધકામ કરી નાંખ્યું ને શસ્ત્ર સરંજામ પણ ખડકી નાંખ્યો તેનો અર્થ એ થયો કે, દારૂગોળો અને બળતણ મોકલવા માટે પહેલેથી આ વિસ્તારમાં ભૂગર્ભ ટનલો બનાવી રાખી હશે.

એર ચીફ માર્શલ બી એસ ધનોઆના કહેવા પ્રમાણે, મેં ૨૦૧૭માં ડોકલામમાં ભારતના ૨૦ સૈનિકોની હત્યા ચીનાઓએ કરી એ વખતે જ મેં મારા સ્ટાફને કહ્યું હતું કે, અત્યારે ચીનના પીપલ્સ લિબરેશન આર્મી એરફોર્સનાં પ્લેન તિબેટમાં તૈનાત નથી પણ જે દિવસે ચીન તિબેટમાં તેમના એરફિલ્ડમાં મજબૂત એરક્રાફ્ટ શેલ્ટર બનાવવાનું શરૂ કરશે એ દિવસે સ્પષ્ટ થઈ જશે કે ચીન આપણી સાથે યુદ્ધની તૈયારી કરી રહ્યું છે. તિબેટમાં એરબેઝ મજબૂત થતાં જ ચીન બાંયો ચડાવશે. એર ચીફ માર્શલની ગણતરી સાચી હોય તો ચીન ભારત પર હુમલો કરવાની તૈયારીમાં છે એ વિશે કોઈ શંકા જ રહેતી નથી.

ભારત માટે મોટી સમસ્યા એ છે કે, ચીન માત્ર એક એરબેઝને સજ્જ નથી કરી રહ્યું પણ એક સાથે છ-છ એરબેઝને યુદ્ધ માટે સજ્જ કરી રહ્યું છે. ટીંગરી, લુન્ઝે, બુરાંગ, યુટિયન અને યારકાંત એરબેઝને ચીન યુદ્ધ માટે તૈયાર કરી રહ્યું છે. ટીંગરી, લુન્ઝે અને બુરાંગ એરબેઝ વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC)ની એકદમ નજીક લગભગ ૧૫૦ કિમી.ની અંદર આવેલા છે. આ એરબેઝ પર ચીનની તાકાત વધે તેના કારણે અરુણાચલ પ્રદેશ, સિક્કિમ, ઉત્તરાખંડ અને લદાખમાં ભારતીય એરબેઝને ખતરો વધ્યો છે.

આ છ એરબેઝ પર ધમધોકાર કામ ચાલી રહ્યું છે તેના સેટેલાઈટ ઈમેજ એપ્રિલમાં જ બહાર આવી ગયેલી એ છતાં ચીને કામ ચાલુ રાખ્યું તેનો મતલબ એ થયો કે ચીન પોતાના બદઈરાદાને પાર પાડવાની દિશામાં આગળ વધી રહ્યું છે. ઉત્તરમાં લેહથી પૂર્વમાં ચાબુઆ સુધી ભારતીય એરફોર્સના ૧૫ મુખ્ય એરબેઝ આવા છે. તેના કારણે ભારતનો હાથ ઉપર હતો પણ હવે ચીન પોતાના એરબેઝને મજબૂત કરીને ભારતીય એરબેઝને પોતાની રેન્જમાં લાવી રહ્યું છે.

ચીનની આ તૈયારીઓ વચ્ચે આપણી સરકાર કશું કરી નથી રહી એ કમનસીબી છે. કેન્દ્ર સરકારે ચીનના બાંધકામ અંગે પ્રતિક્રિયા પણ નથી આપી. સરકાર રિએક્શન ના આપે એ ચાલે પણ સામે બીજી તૈયારીઓ ચાલી રહી છે તેનો અણસાર પણ મળે તો લોકોનો જુસ્સો બુલંદ રહે પણ આપણી સરકાર એવું પણ કશું કરી રહી નથી.

ભારતીય એરફોર્સ મજબૂત છે પણ ચીનની તાકાત રાક્ષસી છે. ચીને વિકસાવેલાં ડ્રોન તો ગમે ત્યાં ઘૂસી જાય છે. ચીન તરફથી ઊભા થયેલા આ ડ્રોન ખતરાનો ભારત પાસે કોઈ જવાબ અત્યારે નથી. ૨૦૨૯માં જનરલ એટોમિક્સ દ્વારા ઉત્પાદિત સ્કાય ગાર્ડિયન ડ્રોન ઈન્ડિયન આર્મીને મળશે ત્યારે ભારત પાસે ચીનનાં ડ્રોનનો જવાબ હશે પણ ૨૦૨૯ને હજુ ચાર વર્ષની વાર છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર હેમંતઋતુ,
બુધવાર, તા. ૨૯-૧૦-૨૦૨૫, જલારામ જયંતી, ભદ્રા

- ભારતીય દિનાંક ૭, માહે કાર્તિક, શકે ૧૯૪૭.
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, કાર્તિક સુદ-૭
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે કાર્તિક, તિથિ સુદ-૭.
- પારસી શહેનશાહી રોજ ૧૬મો મેહેર, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫.
- પારસી ફસલી રોજ ૧૬મો મેહેર, માહે ૪થો તીર, સને ૧૩૯૫.
- પારસી ફસલી રોજ ૧૪મો ગોશ, માહે ૯મો આદર, સને ૧૩૯૪.
- મુસ્લિમ રોજ ૬ઠ્ઠો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭.
- મીસરી રોજ ૮મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭.
- નક્ષત્ર ઉત્તરાષાઢા સાંજે ક. ૧૭-૨૯ સુધી, પછી શ્રવણ.
- ચંદ્ર મકરમાં.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૩, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-હ્ર
- ભરતીઃ બપોરે ક. ૧૫-૫૯, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૪૧ (તા. 30).
- ઓટઃ સવારે ક. ૧૧-૦૦, રાત્રે ક. ૨૨-૧૫.
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, કાર્તિક શુક્લ - સપ્તમી. જલારામ જયંતી, ભદ્રા સવારે ક. ૦૯-૨૩થી રાત્રે ક. ૨૧-૪૮, સૂર્ય મહાનક્ષત્ર સ્વાતિમાં, વાહન દેડકો.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ સર્વત્ર જલારામ જયંતી ઉત્સવ, વિશ્વ દેવતાનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, બિલીનું વૃક્ષ વાવવું, સર્વશાંતિ શાંતિ પૌષ્ટિક પૂજા, પ્રયાણ મધ્યમ, મુંડન કરાવવું નહીં, પ્રાણી પાળવા.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ સ્વતંત્ર પ્રકૃત્તિના, બુધ-નેપ્ચૂન ત્રિકોણ સૂક્ષ્મ દષ્ટિવાળા, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ સામાન્ય વ્યવહારોમાં મુશ્કેલી. મંગળ-શનિ ત્રિકોણ હિંમતવાળા.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, બુધ-નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ, મંગળ-શનિ ત્રિકોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય-તુલા, મંગળ-વૃશ્ચિક, માર્ગી બુધ-વૃશ્ચિક, ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## રશિયા સાથે મળીને ભારત પેસેન્જર પ્લેનનું ઉત્પાદન કરશે

નવી દિલ્હી : ભારત અને રશિયાના વ્યૂહાત્મક સંબંધો સુદૃઢ થવાના ભાગરૂપે બન્ને દેશોએ ટૂંકા અંતરના ઉડ્ડયનો માટે બે એન્જિન ધરાવતા નાના કદના પેસેન્જર વિમાનના ઉત્પાદનમાં સહકાર કરવાનું નક્કી કર્યું છે. એરોસ્પેસની મોટી સરકારી કંપની હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (એચએએલ) રશિયાની પબ્લિક જોઈન્ટ સ્ટોક કંપની યુનાઈટેડ એરક્રાફ્ટ કોર્પોરેશન (પીજેએસસી-યુએસી) સાથે એસજે-૧૦૦ વિમાનના ઉત્પાદનના કરાર કર્યા છે. કરાર પર સોમવારે મોસ્કોમાં સહીસિક્કા થયા હતા. ભારતમાં પેસેન્જર વિમાનનું ઉત્પાદન કરવાનો આ પહેલો પ્રોજેક્ટ હશે.આજની તારીખે ૨૦૦થી વધારે એસજે-૧૦૦ વિમાનનું ઉત્પાદન થયું છે અને ૧૬થી વધારે કમર્શિયલ એરલાઈન ઓપરેટર આનો ઉપયોગ કરે છે. (એજન્સી)

## ડૉક્ટરોનું આપણે ધ્યાન નહીં રાખીએ તો સમાજ ક્યારેય માફ નહીં કરેઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે સમાજ ન્યાયપાલિકાને માફ નહીં કરે જો તે ડોક્ટરોની સંભાળ નહીં રાખે અને તેમની સાથે ઉભા નહીં રહે. સુપ્રીમ કોર્ટે મંગળવારે એક અરજી પર નિર્ણય સુરક્ષિત રાખતા આ ટિપ્પણી કરી હતી. ખાનગી ક્લિનિક્સ, ડિસ્પેન્સરી અને ગેર માન્યતા પ્રાપ્ત હોસ્પિટલોમાં કોવિડ-૧૯ સામે લડતા મૃત્યુ પામેલા ડોક્ટરો અને આરોગ્યસંભાળ કર્મચારીઓને વીમા પોલિસીમાં સામેલ ન કરવાની વિરુદ્ધમાં અરજી દાખલ કરી હતી.

જસ્ટિસ પી.એસ. નરસિંહા અને આર. મહાદેવનની બેન્ચે જણાવ્યું હતું કે સરકારે ખાતરી કરવી જોઈએ કે વીમા કંપનીઓ કાયદેસર દાવાઓનો નિકાલ કરે. બેન્ચે વધુમાં જણાવ્યું હતું કે ખાનગી હોસ્પિટલોમાં ડોકટરો ફક્ત નફા માટે કામ કરી રહ્યા હતા તે ધારણા ખોટી છે. બેન્ચે મૌખિક રીતે અવલોકન કર્યું હતું કે, જો તમારી અનુસાર શરત પૂર્ણ થાય છે તો તેઓ (ખાનગી ડોકટરો વગેરે) કોવિડની ફરજમાં હતા અને કોવિડના કારણે તેમનું મોત થયું હતું તો તમારે વીમા કંપનીને ચૂકવણી કરવા દબાણ કરવું જોઈએ. ફક્ત એટલા માટે કે તેઓ સરકારી સેવામાં ન હતા અને એવું માની લેવું કે તેઓ નિષ્ક્રિય બેઠા હતા અને નફો કમાઈ રહ્યા હતા તે યોગ્ય નથી.

## ભારતીય યુવકનો વિમાનમાં બે ટીનેજર પર હુમલો

ન્યૂ યૉર્કઃ શિકાગોથી જર્મની જતા વિમાનમાં ૨૮ વર્ષના એક ભારતીય યુવકે ધાતુના કાંટા વડે બે ટીનેજર પર હુમલો કર્યો હતો અને મહિલા પ્રવાસીને લાફો માર્યો હતો, એમ અમેરિકાના સત્તાધિકારીઓએ કહ્યું હતું.

ઍર લુફથાન્સાના વિમાનમાં શનિવારે આ ઘટના બની હતી. ઘટનાને પગલે વિમાનને બૉસ્ટન લૉગાના ઈન્ટરનેશનલ ઍરપોર્ટ પર વાળવામાં આવ્યું હોવાનું તેમણે કહ્યું હતું. ધાતુના કાંટા વડે ૧૭ વર્ષના ટીનેજરના માથા પર ઘા કરતા અગાઉ ૨૮ વર્ષના પ્રણીતકુમારે ૧૭ વર્ષના અન્ય કિશોર પર પણ હુમલો કર્યો હતો. (એજન્સી)

## એઆઈ ઈફેક્ટઃ ઍમેઝોન ૧૪,૦૦૦ કર્મચારીની છટણી કરશે

સિએટલઃ ઑનલાઈન રિટેલ જાયન્ટ ઍમેઝોને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) પર ખર્ચ વધારતાં અંદાજે ૧૪,૦૦૦ જેટલા કર્મચારીની છટણી કરશે.

ઍમેઝોન ખાતે પીપલ એક્સપિરિયન્સ ઍન્ડ ટૅક્નોલૉજીના વાઈસ પ્રેસિડન્ટ બૅથ ગૅલેટ્ટીએ કહ્યું હતું કે ગ્રાહકોની વર્તમાન તેમ જ ભાવિ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સૌથી મોટા પડકારોને પહોંચી વળવા કંપની સ્રોતોને અન્યત્ર વાળી રહી છે અને વિવિધ સ્તરોને નાબૂદ કરી રહી છે જેથી કરીને વહીવટી કામ ઘટે અને યંત્રણા વધુ મજબૂત બને.

કંપનીના નિર્ણયને કારણે અસર પામનારની ટીમ અને કર્મચારીઓને મંગળવારે જાણ કરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

## સપ્ટેમ્બરમાં ઔદ્યોગિક ઉત્પાદન સ્થિર રહ્યું

નવી દિલ્હીઃ ઉત્પાદન ક્ષેત્રના સારાં પ્રદર્શનને કારણે સપ્ટેમ્બરમાં દેશનું ઔદ્યોગિક ઉત્પાદન ચાર ટકા પર સ્થિર રહ્યું હોવાનું મંગળવારે સત્તાવાર બહાર પાડવામાં આવેલા આંકડાઓમાં દર્શાવવામાં આવ્યું હતું.

ઈન્ડેક્સ ઑફ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન (આઈઆઈપી) પ્રમાણે માપવામાં આવતો ફેક્ટરી આઉટપૂટનો આંક સપ્ટેમ્બર ૨૦૨૪માં ૩.૨ ટકા વધ્યો હતો. ધ નેશનલ સ્ટેટિસ્ટક્સ ઑફિસ (એનએસઓ)એ ઑગસ્ટ ૨૦૨૫ માટે આઈઆઈપીનો વિકાસદર અગાઉના મહિનાના અંદાજિત ચાર ટકાથી સુધારીને ૪.૧ ટકા કર્યો હતો. એનએસઓના તાજેતરના આંકડાઓ દર્શાવે છે કે અગાઉના વર્ષની સરખામણીએ સપ્ટેમ્બર ૨૦૨૫માં ઉત્પાદન ક્ષેત્રનાં ઉત્પાદનનો આંક વધીને ૪.૮ ટકા થયો હતો. (એજન્સી)

## મતદાર તરીકે બંગાળ અને બિહાર એમ બે જગ્યાએ નોંધણીઃ પ્રશાંત કિશોર વિવાદમાં ફસાયા

પટણા/કોલકતા : જન સુરાજ પાર્ટીના સંસ્થાપક પ્રશાંત કિશોરે મતદાતા તરીકે તેમના વતનના રાજ્ય બિહાર તેમ જ પડોશી પશ્ચિમ બંગાળમાં નોંધણી કરાવી હોવાથી તેઓ મંગળવારે મોટા વિવાદમાં ફસાયા હતા. સત્તાવાર રેકર્ડ પ્રમાણે કિશોરે પશ્ચિમ બંગાળમાં કોલકાતાના ભાબનીપુર વિધાનસભા મતદારક્ષેત્રમાં તૃણમૂલ કૉંગ્રેસના વડા મથકના ૧૨૧, કાલિઘાટ રોડમાં મતદાતા તરીકે નોંધણી કરાવી છે. આ મુખ્ય પ્રધાન અને તૃણમૂલનાં વડાં મમતા બેનર્જીની બેઠક છે. તેમનું પોલિંગ સ્ટેશન બી, રાણીશંકરી લેન પરની સેન્ટ હેલન સ્કૂલમાં છે. ૨૦૨૧ની વિધાનસભાની ચૂંટણી દરમિયાન કિશોરે ટીએમસીના રાજકીય કન્સલટન્ટ તરીકે કામ કર્યું હતું. ચૂંટણી અધિકારીએ કહ્યું હતું કે કિશોરે બિહારના રોહતસ જિલ્લાની સસારામ સંસદીય મતદારક્ષેત્રના કરગહર વિધાનસભાના પટ્ટામાં મતદાર તરીકે નોંધણી કરી છે. તેમનું મતદાનકેન્દ્ર કોનરના મધ્ય વિદ્યાલયમાં છે. ચૂંટણી અધિકારીએ આ બાબત પર બોલતા કહ્યું હતું કે લોકપ્રતિનિધિત્વ ધારો૧૯૫૦ની કલમ ૧૭ પ્રમાણે કોઈ પણ વ્યક્તિનું એક કરતાં વધારે મતદારક્ષેત્રમાં નામ ન હોઈ શકે.

## પ્રજામત

### લોકલ ટ્રેનમાં ઓટોમેટિક દરવાજા શક્ય છે?

મુંબઈની લોકલ ટ્રેનોમાં અકસ્માતને અટકાવવા માટે ઓટોમેટિક દરવાજા મૂકવાની ભલામણ કરવામાં આવી છે. એવામાં સવાલ એ થાય છે કે શું આ શક્ય છે? મેટ્રોમાં આવા દરવાજા છે છતાં જ્યારે ભીડ વધતાં આવા દરવાજા બંધ થવામાં તકલીફ થાય છે. ચાર-પાંચ પ્રયાસ બાદ જ આ દરવાજા બંધ થાય છે. લોકલ ટ્રેનમાં પ્રવાસીઓ દરવાજા પાસે જ લટકતાં હોય છે. આવી સ્થિતિમાં ઓટોમેટિક દરવાજા કેવી રીતે બંધ થશે? ટ્રેન પણ મોડી પડશે, કેમ કે દરવાજા બંધ ન થાય ત્યાં સુધી ટ્રેન આગળ વધશે નહીં.

**- રાજકુમાર ગાંગજી ગાલા,**
ઘાટકોપર (ઈસ્ટ)

### માતા-પિતાની મિલકતમાં દીકરીનો અધિકાર કેટલો વાજબી?

પિતાની સંપત્તિમાં પરિણીત દીકરીનો હક કેટલી હદે યોગ્ય છે? દીકરી પરણીને સાસરે જાય ત્યારે તેની અટક બદલાઈ જાય છે. નામ પાછળ પતિનું નામ લાગી જાય છે. એથી તેને પતિની સંપત્તિમાં હક મળે છે.

જોકે પરણ્યાં પછી મા-બાપની તે કેટલી સેવા-ચાકરી કરે છે? તેમની કેટલી કાળજી લે છે? દીકરીઓને પિતા અને પતિની મિલ્કતમાં હક મળે એથી તેમને ડબલ ફાયદો થાય છે.

જોકે દીકરા અને પુત્રવધૂઓ તેમની સેવા કરે છે. તેમની તમામ જરૂરિયાતો પૂરી કરે છે.

એવામાં દીકરીને અધિકાર આપવો એ દીકરા અને પુત્રવધૂ સાથે અન્યાય થયો હોય એવું નથી લાગતું?

**- રાજકુમાર ગાંગજી ગાલા,**
ઘાટકોપર (ઈસ્ટ)

### પત્ર મિત્રોને ખાસ સૂચના

પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો.

E-mail:
prajamat@bombaysamachar.com

ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. - તંત્રી

પહેલા પાનાનું ચાલુ

### આંધ્ર, ઓડિશામાં

છાવણી શરૂ કરાઇ છે.

કાકિનાડા જિલ્લાના કલેક્ટર એસ. શાહન મોહને જણાવ્યું હતું કે અમે અંદાજે ૧૨,૦૦૦ લોકોને ૭૬ રાહત છાવણીમાં આશ્રય આપ્યો છે. ૬૭ ગામ, પાંચ નગર અને કાકિનાડા શહેરમાં વાવાઝોડાની સૌથી વધારે અસર જોવા મળી હતી.

કાકિનાડાના સાંસદ તંગેલ્લા ઉદય શ્રીનિવાસે જણાવ્યું હતું કે અસરગ્રસ્ત વિસ્તારોમાંથી લોકોનું સલામત જગ્યાએ સ્થળાંતર કરવા માટે શાળાની આશરે ૧,૬૦૦ બસની મદદ લેવાઇ હતી. રાહત છાવણીઓમાં ૪૯,૦૦૦ ટન ચોખા અને આઠ ટન ગોળ મોકલાયો હતો.

કાકિનાડાના કલેક્ટરે જણાવ્યું હતું કે અહીં તાજેતરમાં જ માતા બનેલી અંદાજે ૧,૪૦૦ માતા અને ૯૫ ગર્ભવતીને નજીકની હૉસ્પિટલો અને ૨૫૯ મેડિકલ કેમ્પમાં રખાઇ છે. સારવાર માટે કુલ ૫૮ એમ્બ્યુલન્સ તૈયાર રાખવામાં આવી છે.

કાકિનાડા - ઉપ્પાડાના કાંઠા વિસ્તારના આખા પટ્ટામાં વાવાઝોડા અને ભારે વરસાદને કારણે વાહનવ્યવહાર અટકાવી દેવાયો છે. આ ઉપરાંત, ૪૪ માર્ગની બસ-સેવા પણ બંધ કરી દેવાઇ છે.

ઓડિશાના મલકાનગિરિ, કોરાપટ, રાયગડા, ગજાપતિ, ગંજમ, કાંધમલ, કાલાહાંડી અને નબારંગપુરમાં વાવાઝોડા અને ભારે વરસાદને લીધે ભારે નુકસાન થયું હતું. ઓડિશાના ૧૫ જિલ્લામાં સામાન્ય જનજીવન ખોરવાયું હતું. (એજન્સી)

### ૫૦ લાખ

આશા રખાય છે. અગાઉ, કેન્દ્રે આઠમું વેતન પંચ રચવા ૨૦૨૫ની જાન્યુઆરીમાં સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી. આઇઆઇએમ (બેંગલોર)ના પ્રોફેસર પલક ઘોષ તેના પાર્ટ-ટાઇમ સભ્ય અને પેટ્રોલિયમ સચિવ પંકજ જૈન મેમ્બર - સેક્રેટરી રહેશે.

દરમિયાન, કેન્દ્રે ૨૦૨૫-૨૬ની રવી પાકની મોસમ માટે ફોસ્ફરસ અને ગંધક (સલ્ફર)ના ખાતર માટેની સબસિડી વધારીને રૂપિયા ૩૭,૯૫૨ કરોડ કરવા મંજૂરી આપી હતી. તેનો અમલ ૨૦૨૫ની પહેલી ઑક્ટોબરથી ૨૦૨૬ની ૩૧ માર્ચ સુધી કરાશે.

આમ છતાં, નાઇટ્રોજન અને પોટાશની સબસિડીના દરમાં કોઇ ફેરફાર નથી કરાયો.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળના કેબિનેટે રવી પાકની ૨૦૨૫-૨૬ની ચાલુ મોસમમાં ફોસ્ફેટની સબસિડી વધારીને કિલોગ્રામ દીઠ રૂપિયા ૪૭.૯૬ કરી છે, જ્યારે ગંધક (સલ્ફર)ની સબસિડી વધારીને કિલોગ્રામ દીઠ રૂપિયા ૨.૮૭ કરી છે. (એજન્સી)

### દરેક પરિવારમાંથી

રચનાના ૨૦ દિવસમાં જ રોજગારીની બાંયધરી આપતો કાયદો ઘડીશું અને આખા બિહારમાં તેનો અમલ કરાવીશું.

વિપક્ષના ચૂંટણી ઢંઢેરામાં જણાવાયું હતું કે બિહાર સરકારના કૉન્ટ્રેક્ટ પરના બધા કર્મચારીને કાયમી કરાશે. બધી 'જીવિકા દીદી'ને પણ કાયમી કર્મચારી કરાશે અને માસિક રૂપિયા ૩૦,૦૦૦નો પગાર આપીશું.

બિહારમાં આઇટી પાર્ક્સ, એસઇઝેડ (સેઝ), ડેરી અને કૃષિ આધારિત ઉદ્યોગો, શિક્ષણને પ્રાધાન્ય આપવા સહિતના વચન ઢંઢેરામાં અપાયા છે. યાદવે જણાવ્યું હતું કે બિહારને ગુનાથી મુક્ત અને કૌભાંડથી મુક્ત બનાવાશે. જનતા સરકાર પાસેથી સારું શિક્ષણ, સારી આરોગ્ય સેવા, રોજગારી અને સિંચાઇની સારી સુવિધા ઇચ્છે છે.

તેમણે દાવો કર્યો હતો કે નીતીશ કુમાર ભાજપની કઠપૂતળી છે. કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે સ્પષ્ટ શબ્દમાં કહી દીધું છે કે બિહારમાં હવે નીતીશ કુમારને ફરી મુખ્ય પ્રધાન નહિ બનાવાય. (એજન્સી)

### દિલ્હીમાં આખરે

મેરઠ એરફિલ્ડમાં ઉતર્યું હતું. સિરસાએ વીડિયો સ્ટેટમેન્ટમાં કહ્યું હતું કે સેસના વિમાન કાનપુરથી ઉડ્યું હતું એને તેણે આઠ ફાયર ફ્લેર છોડી હતી. અખતરો અડધો કલાક ચાલ્યો હતો. પ્રધાને કહ્યું હતું કે આઈઆઈટી-કાનપુરે એવો મત આપ્યો હતો કે વરસયદ અખતરા પછી ૧૫ મિનિટથી ચાર કલાકમાં પડી શકે.

બીજો અખતરો બાહ્ય દિલ્હીમાં દિવસના અંતમાં કરાયો હતો. આગામી થોડા દિવસોમાં નવથી દસ અખતરા કરવામાં આવશે. સિરસાએ કહ્યું હતું કે પ્રદૂષણ ઘટાડવા માટે સરકારે આ પગલું ભર્યું છે. જો અખતરા સફળ થશે તો અમે લાંબા ગાળાની યોજના ઘડીશું. શિયાળાના મહિનાઓમાં હવાની કથળતી ગુણવત્તા અટકાવવા માટેની દિલ્હી સરકારની આ વ્યાપક રણનીતિ છે. રાજધાનીમાં કૃત્રિમ વરસાદ પાડીને પ્રદૂષણ ઘટાડવાનો આ પ્રયાસ છે. સરકારે ગયા અઠવાડિયે બુરાડીમાં ટેસ્ટ ફ્લાઈટ યોજી હતી. વિમાન વડે સિલ્વર આયોડાઈડ અને સોડિયમ ક્લોરાઈડના કમ્પાઉન્ડનો નાના પ્રમાણમા છંટકાવ કરીને કૃત્રિમ વરસાદ પાડવાનો પ્રયાસ કરાયો હતો. જોકે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૨૦ ટકા હોવાથી વરસાદ પડ્યો નહોતો. કૃત્રિમ વરસાદ લાવવા ૫૦ ટકા ભેજ હોવો ઘટે. અગાઉ અનેક વાર કૃત્રિમ વરસાદના અખતરા મોકૂફ રાખવામાં આવ્યા હતા. (એજન્સી)

### ગુજરાતમાં

રાજસ્થાન પર સાયક્લોનિક સર્ક્યુલેશન છે. આ સિસ્ટમોની સાથે એક ટ્રફ પણ સક્રિય છે. જેના કારણે આગામી સાત દિવસ સુધી વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, પૂર્વ-મધ્ય અરબી સમુદ્ર પર બનેલું ડિપ્રેશન છેલ્લા ૦૬ કલાક દરમિયાન ૧૨ કિમી પ્રતિ કલાકની ઝડપે ઉત્તર-પૂર્વ તરફ આગળ વધી રહ્યું છે. આજે ૨૮ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ ભારતીય સમય મુજબ ૦૮ ૩૦ કલાકે, વેરાવળ (ગુજરાત) થી લગભગ ૫૦૦ કિમી દક્ષિણ-દક્ષિણપશ્ચિમ, મુંબઈ (મહારાષ્ટ્ર) થી લગભગ ૫૮૦ કિમી પશ્ચિમ-દક્ષિણપશ્ચિમ, પણજી (ગોવા) થી લગભગ ૬૭૦ કિમી પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ, અમીનીદિવી (લક્ષદ્વીપ) થી ૮૫૦ કિમી ઉત્તર-પશ્ચિમ અને મેંગ્લોર (કર્ણાટક) થી લગભગ ૮૯૦ કિમી પશ્ચિમ-ઉત્તરપશ્ચિમમાં, તે જ પ્રદેશ પર કેન્દ્રિત હતું. આગામી ૩૬ કલાક દરમિયાન તે પૂર્વ-મધ્ય અરબી સમુદ્રમાં લગભગ ઉત્તર-ઉત્તરપૂર્વ તરફ આગળ વધવાની શક્યતા છે.

હવામાન વિભાગે વધુમાં જણાવ્યું હતું કે, ઉત્તરપૂર્વ રાજસ્થાન અને આસપાસના વિસ્તારોમાં સમુદ્ર સપાટીની ઉપર એક અપર એર સર્ક્યુલેશન છે. આ ટ્રફ હવે પૂર્વ મધ્ય અરબી સમુદ્ર પરના ડિપ્રેશન સાથે સંકળાયેલ ઉપલા હવા ચક્રવાતી પરિભ્રમણથી ઉત્તરપૂર્વ રાજસ્થાન સુધી ઉત્તરપૂર્વ અરબી સમુદ્ર અને મધ્ય ગુજરાત પ્રદેશમાં સરેરાશ સમુદ્ર સપાટીથી ઉપર ફેલાયેલું છે. આ સાથે સોમવારનું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ મધ્ય ઉષ્ણકટિબંધીય પશ્ચિમી પ્રદેશોમાં એક ટ્રફ તરીકે ફેલાયેલું છે જે હાલ ગુજરાત માટે બિનમહત્ત્વપૂર્ણ બની ગયું છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, ૨૯મી તારીખે અમરેલી અને ભાવનગરમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. આ સાથે જ જૂનાગઢ, ગીરસોમનાથ, બોટાદ, ભરૂચ, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડમાં યલો એલર્ટની સાથે ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે.

# મનોજકુમાર દાસની ગુજરાતના નવા મુખ્ય સચિવ તરીકે નિમણૂક, પંકજ જોશી વયનિવૃત્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના અધિક મુખ્ય સચિવ તરીકે ફરજ બજાવતા સિનિયર આઈએએસ અધિકારી મનોજ કુમાર દાસને રાજ્યના નવા મુખ્ય સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ નિયુક્તિ ૩૧ ઓક્ટોબરથી લાગુ થશે. સામાન્ય વહીવટ વિભાગે આ સત્તાવાર નોટિફિકેશન જાહેર કર્યું હતું. તેઓ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ આ પદનો કાર્યભાર સંભાળશે. તેમની આ નિમણૂક વર્તમાન મુખ્ય સચિવ પંકજ જોશીની નિવૃત્તિથી ખાલી થતી જગ્યાને ભરવા માટે કરવામાં આવી છે. પંકજ જોશીએ ગુજરાત સરકારના વિવિધ ક્ષેત્રોમાં તેમની સેવા આપ્યા બાદ ૯ મહિના સુધી ચીફ સેક્રેટરી તરીકે સેવા આપી હતી. પંકજ જોશી ૩૧ ઓક્ટોબરે વયનિવૃત્ત થશે. ૧૯૯૦ બેચના ગુજરાત કેડરના આઈએએસ અધિકારી દાસનો કાર્યકાળ એક વર્ષથી વધુ રહેશે. તેઓ ડિસેમ્બર ૨૦૨૬માં નિવૃત્ત થશે. મનોજ કુમાર દાસ, જેઓ એમ.કે. દાસ તરીકે પણ જાણીતા છે, તેઓ ગુજરાત કેડરના સિનિયર અને પ્રભાવશાળી અધિકારી ગણાય છે. તેમનો જન્મ બિહારના દરભંગા જિલ્લામાં થયો હતો. તેમના શિક્ષણની વાત કરીએ તો, તેમણે દેશની પ્રતિષ્ઠિત સંસ્થા આઈઆઈટી ખડગપુરથી કમ્પ્યુટર સાયન્સમાં બી.ટેક. (ઓનર્સ)ની ડિગ્રી મેળવી છે. પોતાના વહીવટી કાર્યકાળ દરમિયાન, તેમણે વડોદરા અને સુરત મ્યુનિસિપલ કમિશનર તરીકે કામગીરી કરીને શહેરી વિકાસમાં નોંધપાત્ર સુધારા કર્યા છે. તેમણે ગુજરાત મરીન બોર્ડ (જીએમબી)ના ચેરમેન તરીકે પણ દરિયાકાંઠાના વિકાસમાં યોગદાન આપ્યું હતું.

મનોજ કુમાર દાસની વહીવટી ક્ષમતા અને વિશ્વસનીયતાના કારણે જ તેઓ ૨૦૧૮માં મુખ્યમંત્રીના પ્રિન્સિપલ સેક્રેટરી તરીકે નિયુક્ત થયા હતા.

# ઈરાનમાં બંધક બનાવાયેલા ચાર ગુજરાતી વતન પરત ફર્યા: બે લોકોની ગાંધીનગર પોલીસે પૂછપરછ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઈરાનમાં બંધક બનાવાયેલા માણસા તાલુકાના બાપુપુરા અને બદપૂરા ગામના ચાર લોકો હેમખેમ વતન પરત ફરતા પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. આ ચારેય લોકો વાયા દિલ્હી અમદાવાદ એરપોર્ટ પર પહોંચ્યા હતા. અમદાવાદ એરપોર્ટથી પૂર્વ ધારાસભ્ય અમિત ચૌધરીની કારમાં પોલીસકાફલા સાથે બે લોકોને લોકલ ક્રાઇમ બ્રાન્ચ-૧ની ઓફિસે લવાયા હતા, જ્યારે અન્ય બે લોકોની તબિયત ખરાબ હોવાથી તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અનિલ ચૌધરી અને નિખિલ ચૌધરીને ગાંધીનગર એલસીબીમાં લવાયા હતા. જ્યારે ચૌધરી અજયકુમાર કાંતિભાઈ, ચૌધરી પ્રિયાબેન અજયકુમારની તબિયત ખરાબ હોવાથી હૅસ્પિટલ ખસેડાયા હતા. એલસીબી ઓફિસે માણસા વિધાનસભાના વર્તમાન ધારાસભ્ય જે.એસ.પટેલ અને પૂર્વ ધારાસભ્ય અમિત ચૌધરી પણ હાજર રહ્યા હતા.

લોકલ ક્રાઇમ બ્રાન્ચમાં વિગતવાર પૂછપરછ કરી તેમને માણસા લઈ જવામાં આવશે. ચારેય જણ માણસાથી ઈરાન કેવી રીતે ગયા, એજન્ટની વિગતો, કયા રૂટ પરથી નીકળ્યા હતા. વિઝા હતા કે નહીં. ખંડણીખોરોએ કેવો અત્યાચાર ગુજાર્યો સહિતની વિગતો પૂછવામાં આવી હતી.

આ અંગે માહિતી આપતા માણસાના ધારાસભ્ય જયંતી પટેલે જણાવ્યું હતું કે બાપુપુરા અને બદપૂરા ગામના ચાર લોકો ઓસ્ટ્રેલિયા જવા નીકળ્યા હતા. જેમને એજન્ટ અલગ અલગ ત્રણ દેશમાં લઈ ગયો હતો. બાદમાં ઈરાનમાં અપહરણ કરી માર મારવામાં આવ્યો હતો. સમગ્ર બાબતે પરિવાર અને સરપંચે મને રજૂઆત કરી હતી. મેં અમિત શાહ, મુખ્ય પ્રધાન, ગૃહ રાજ્યપ્રધાનને રજૂઆત કરી હતી. હાલ તેઓને સલામત પાછા લવાયા છે. ગાંધીનગરના એસપીએ પણ આ મુદ્દાને ગંભીરતાથી લીધો છે. એરપોર્ટથી તેમના પરિવાર સાથે વાત થઈ હતી. પીડિતોએ હજુ સુધી એજન્ટ અંગે પરિવારને જાણ કરી નથી. તેમના માતા-પિતા પણ આ બાબતે અજાણ હતા. ગેરકાયદે વિદેશ જવા બાબતે પોલીસ ફરિયાદ થઈ નથી. અગાઉ ગાંધીનગરના માણસા તાલુકાના બાપુપુરા ગામના ચાર લોકો ઓસ્ટ્રેલિયા જવા માટે નીકળ્યા બાદ ઈરાનમાં અપહરણ થયું હોવાનું બહાર આવ્યું હતું. અપહરણકારોએ બાપુપુરા ગામમાં રહેતા પરિવારજનોને વીડિયો મોકલી કરોડો રૂપિયાની ખંડણી માગતા પરિવારજનો ચિંતિત બન્યા હતા. આ મામલે માણસાના ધારાસભ્ય જે.એસ. પટેલને જાણ થતા તેઓએ કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહને પત્ર લખી મદદ માગી હતી.

# સુરતના ડુમસ બીચ પર મર્સિડિઝ ફસાઈ જતાં બહાર કાઢવા ક્રેઈન બોલાવવી પડી

અમદાવાદ: સુરત શહેરના ડુમસ બીચ પર વાહનો લઈ જવાનો પ્રતિબંધ હોવા છતાં અનેક લોકો સીન સપાટા મારવા તેમનાં વાહનો લઈને જાય છે, જોકે ઘણી વખત પાણીમાં ફસાઈ જાય છે. વધુ એક વખત નિયમોની અવગણના કરીને દરિયાકિનારે લઈ જવાયેલી એક મોંઘીદાટ મર્સિડીઝ કાર દરિયાની રેતીમાં ખરાબ રીતે ફસાઈ ગઈ હતી અને લગભગ ૬૦ ટકા જેટલી પાણીમાં ડૂબી ગઈ હતી. ભારે જહેમત બાદ માંડ-માંડ તેને બહાર કાઢવામાં આવી હતી અને આ માટે ક્રેઈન બોલાવવામાં આવી હતી. ઘટનાનો વીડિયો પણ વાઇરલ થયો હતો. મર્સિડીઝ કારને ચાલક દ્વારા બીચના કિનારે ઊંડે સુધી રેતીમાં લઈ જવામાં આવી હતી. અચાનક દરિયાના પાણીનો પ્રવાહ વધતા કાર રેતીમાં ધસી ગઈ હતી. દરિયાનાં મોજાંનો માર એટલો જોરદાર હતો કે કારનો પાછળનો ભાગ મોટાભાગે પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. પાણીના પ્રવાહને કારણે કારની પાછળની ડીકી પણ ખૂલી ગઈ હતી. કારને બહાર કાઢવાના તમામ સ્થાનિક પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા. આખરે, કારને બહાર કાઢવા માટે વિશાળ કાય ક્રેન મંગાવવાની નોબત આવી હતી. ક્રેનની મદદથી દરિયામાં ફસાયેલી આ મોંઘી કારને રેતીમાંથી બહાર કાઢીને સુરક્ષિત જગ્યાએ ખસેડવામાં આવી હતી.

પોલીસે કારના નંબરના આધારે માલિક વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી હતી. જુલાઈ મહિનામાં પણ ડુમસના દરિયાકિનારે સ્ટંટ કરવાના ચક્કરમાં એક યુવકે પોતાની લક્ઝુરિયસ કાર જાણે ડૂબાડી હતી, જેનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો. ઉલ્લેખનીય છે કે, સુરક્ષાની દ્રષ્ટિએ ડુમસના દરિયાકિનારા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે ઉપરાંત કાર લઈ જવા મનાઈ ફરમાવવામાં આવી છે. તેમ છતાં લોકો પોલીસ પેટ્રોલિંગની અવગણના કરીને ગાડી સાથે પહોંચી જાય છે.

# રાજ્યમાં અતિભારે વરસાદની આગાહી, ગાંધીનગર ખાતે સમીક્ષા બેઠક યોજાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ઓક્ટોબર મહિનાના અંતમાં કમોસમી વરસાદ વરસી રહ્યો છે. ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં હળવાથી અતિભારે વરસાદ વરસી રહ્યા છે. આ માવઠાને કારણે ગુજરાતના ખેડૂતોની હાલત કફોડી બની છે. ખેડૂતોની મહિનાઓની મહેનત અને તેની પાછળ કરેલા ખર્ચ પર પાણી ફરી વળ્યું છે. અનેક વિસ્તારોના ખેડૂતોના પાક ધોવાયા છે. તો બીજી બાજુ હવામાન વિભાગે ચાર દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે.

આ આગાહીને ધ્યાને લઈને આપત્તિ વ્યવસ્થાપન રાજ્યપ્રધાન સંજયસિંહ મહિડાએ ગાંધીનગરસ્થિત સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર (એસઈઓસી) ખાતે સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં મુખ્ય સચિવ પંકજ જોષી અને મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. જયંતી રવિ સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

આ બેઠકમાં અમરેલી, પોરબંદર, જૂનાગઢ, ગીર-સોમનાથ, ભાવનગર, ભરૂચ, નર્મદા, નવસારી, વલસાડ, ડાંગ અને તાપી જિલ્લા કલેક્ટર સહિતના વિવિધ ઉચ્ચ અધિકારીઓ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતાં.

# પ્રધાનોએ માવઠાગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી: કૅબિનેટમાં પેકેજ જાહેર થવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં કમોસમી વરસાદના પગલે સરકાર સતર્ક બની હતી. રાજ્ય સરકારે પ્રધાનોને વિવિધ અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચવા સૂચના આપી હતી. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે તેમના પ્રધાનમંડળના કૌશિક વેકરિયા, જીતુ વાઘાણી, અર્જુન મોઢવાડિયા, પ્રદ્યુમન વાજાને અસરગ્રસ્ત જિલ્લાઓની મુલાકાત લેવા સૂચન કર્યું હતું. જે અંતર્ગત પ્રધાનોએ વિવિધ વિસ્તારોની મુલાકાત લીધી હતી. કૃષિ પ્રધાન જીતુ વાઘાણી સહિતના પ્રધાનો અસરગ્રસ્ત વિસ્તારમાં પહોંચ્યા હતા અને માવઠાના કારણે પાકને નુકસાન થયાનો સ્વીકાર કર્યો હતો.

સૂત્રોએ જણાવ્યું કે, માવઠાથી થયેલાં નુકસાન અંગે રાજ્યના પાંચ પ્રધાનોએ જમીનસ્તરનો સર્વે કરી રિપોર્ટ તૈયાર કર્યો હતો. આજે યોજાનારી કેબિનેટ બેઠક બાદ આ રિપોર્ટની સમીક્ષા કરીને ખેડૂતો માટે સહાયની જાહેરાત થવાની શક્યતા છે.

રાજ્ય સરકાર તરફથી સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે કે ખેડૂતો એકલા નથી, સરકાર તેમના સાથે છે અને પરિસ્થિતિને પહોંચી વળવા માટે દરેક જરૂરી પગલું ભરાશે. કેબિનેટ કૃષિ પ્રધાન જીતુ વાઘાણીએ ભાવનગર જિલ્લામાં પહોંચીને સિહોર પ્રાંત કચેરી ખાતે બેઠક યોજી હતી. બેઠકમાં સિહોર પંથકમાં પડેલા કમોસમી વરસાદથી થયેલા નુકસાનની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

# અમદાવાદ સહિત રાજ્યમાં મહાનગરપાલિકાની ચૂંટણી ૨૭ ટકા ઓબીસી અનામતના અમલ સાથે યોજાશે

અમદાવાદ: રાજ્યમાં મહાનગરપાલિકાની ચૂંટણી ૨૭ ટકા ઓબીસી અનામતના અમલ સાથે યોજાશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, નવી મહાનગરપાલિકાઓ સહિત ૧૫ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ઓબીસી અનામતના ૨૭ ટકાનો અમલ કરવામાં આવશે. અમદાવાદ મહાનગરપાલિકાની ચૂંટણીમાં બેઠકોની ફાળવણી સામે આવેલી વિગત મુજબ, ૧૯૨ બેઠકો પર ૩૩ ટકા અનામત મુજબ ૯૬ બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવી છે. સામાન્ય વર્ગ માટે ૫૯ અને ૧૩૩ બેઠકો અનામત રાખવામાં આવી છે. જેમાં અનુસૂચિત જાતિ માટે ૨૦, પછાત વર્ગ માટે ૫૨ અને અનુસૂચિત આદિજાતિ માટે બે બેઠકો અનામત રાખવામાં આવી છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલી યાદી મુજબ અમદાવાદ મહાનગરપાલિકાની ૪૮ વોર્ડની બેઠકો માટે જાહેર કરવામાં આવેલી ફાળવણી મુજબ અનુસૂચિત જાતિ માટે ૨૦ બેઠકો અનામત રાખવામાં આવી છે, જેમાં ૧૦ બેઠકો સ્ત્રી માટે અનામત છે. જ્યારે અનુસૂચિત આદિજાતિ માટે બે બેઠકમાંથી એક બેઠક સ્ત્રી માટે અનામત રાખવામાં આવી છે. પછાત વર્ગની ૫૨ બેઠકોમાંથી ૨૬ બેઠકો સ્ત્રી માટે અનામત રાખવામાં આવી છે.

# અમદાવાદ સોલા સિવિલમાં દર્દી સાથે દાદાગીરી કરનાર મહિલા તબીબ એક મહિના સુધી નોન ક્લિનિક ડ્યૂટી પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરની સોલા સિવિલ હોસ્પિટલમાં એક મહિલા ડોક્ટરનો દર્દી સાથે દાદાગીરીનો મામલો પ્રકાશમાં આવ્યો હતો. જે મામલે હાલ મહિલા ડોક્ટર સામે તપાસ શરૂ કરાઈ છે. મહિલા ડોક્ટરને એક મહિના માટે દર્દીઓની સારવારથી દૂર રાખવામાં આવ્યા હોવાની માહિતી બહાર આવી હતી. આરોગ્ય પ્રધાનના આદેશ બાદ, દર્દીઓ સાથે ગેરવર્તણૂક કરતી આ મહિલા ડોક્ટરને એક મહિના સુધી નોન ક્લિનિક ડ્યૂટી આપવામાં આવશે અને તપાસ પૂર્ણ થયા બાદ મહિલા ડોક્ટર ઉપર એક્શન લેવાશે. અજય ચાવડા નામનો વ્યક્તિ તેની ભત્રીજીને તાવ અને શ્વાસ લેવાની તકલીફ જણાતા રવિવારે રાત્રે ૯ વાગ્યાની આસપાસ અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ ગયો હતો. જ્યાં બાળરોગ વોર્ડમાં એક રેસિડેન્ટ ડોક્ટરે અજય અને ભાઈ સાથેનો ઝઘડો કર્યો હતો, પરિસ્થિતિ વધુ વણસતા આ ડોક્ટરે બાળકની સારવાર કરવાનો ઇનકાર કર્યો અને મુખ્યમંત્રી પાસે જશો તો પણ બાળકીની સારવાર નહીં કરું’ તેવી ધમકી ફરિયાદી પરિવારને આપી હતી. જે આખી ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો હતો. મહિલા ડોક્ટર ફરિયાદી પર હુમલો કરે છે અને તેના ફોનને પડાવવાનો પ્રયાસ કરે છે, સાથે જ તેને ફરિયાદીને પેટમાં મુક્કો માર્યો હોવાનો દાવો પણ વાઇરલ વીડિયોમાં કરાયો છે. જે વીડિયો આરોગ્ય પ્રધાન પ્રફુલ્લ પાનશેરિયા પાસે પહોંચતા તેઓએ ઉચ્ચ સ્તરીય તપાસનો આદેશ આપ્યો હતો અને મંત્રીએ ખાતરી આપી હતી

## વેપાર વાણિજ્ય

### વેપાર તણાવ હળવો થવાના આશાવાદ વચ્ચે વૈશ્વિક સોનું ત્રણ સપ્તાહના તળિયે

# સ્થાનિકમાં શુદ્ધ સોનું ₹ 3034 તૂટીને ₹ ૧.૧૯ લાખની અંદર: ચાંદી ₹ ૩૧૩૫ ગબડી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકા અને ચીન વચ્ચે વેપાર તણાવ હળવો થવાના આશાવાદ વચ્ચે આજે લંડન ખાતે સોના અને ચાંદીમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રોકાણકારોની નજર આજથી શરૂ થઈ રહેલી અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય નીતિવિષયક બેઠક પર હોવાથી સાવચેતીના અભિગમમાં કામકાજો પણ પાંખા રહેતાં સોનાના ભાવમાં ૧.૪ ટકા ઘટીને ત્રણ સપ્તાહની નીચી સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ ચાંદીના ભાવમાં ૦.૯ ટકાનો ઘટાડો આવ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૦૨૩થી ૩૦૩૪નો ઘટાડો આવ્યો હતો જેમાં શુદ્ધ સોનાના ભાવ રૂ. ૧.૧૯ લાખની અંદર ઊતરી ગયા હતા. આ સિવાય ચાંદીના ભાવ પણ કિલોદીઠ રૂ. ૩૧૩૫ ગબડી ગયા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલો સાથે વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૦૨૩ ઘટીને રૂ. ૧,૧૭,૫૭૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૩૦૩૪ ઘટીને રૂ. ૧,૧૮,૦૪૩ના મથાળે રહ્યા હતા. જોકે, વધુ ભાવઘટાડાના આશાવાદને કારણે સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની લેવાલી શુષ્ક રહી હતી. વધુમાં આજે ચાંદીમાં પણ ભાવઘટાડો આગળ વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૧૩૫ના ઘટાડા સાથે રૂ. ૧,૪૧,૮૯૬ની સપાટીએ રહ્યા હતા. તેમ જ ચાંદીમાં પણ માત્ર ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી લેવાલી જોવા મળી હતી.

વેપાર તણાવ હળવો થવાના આશાવાદ સાથે આજે લંડન ખાતે હાજરમાં સોનાના ભાવ એક તબક્કે બે ટકા જેટલા ઘટી આવ્યા બાદ ૧.૪ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૩૯૨૪.૯૯ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ બે ટકાના ઘટાડા સાથે ૩૯૪૦.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૯ ટકા ઘટીને ઔંસદીઠ ૪૬.૪૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડ ડીલ થવાના આશાવાદને કારણે હાલમાં રોકાણ ઈક્વિટી જેવી જોખમી અસ્ક્યામતો તરફ વળતાં સોના અને ચાંદી સહિતની કિંમતી ધાતુઓમાં સલામતી માટેની માગ પર માઠી અસર પડી રહી હોવાનું એક્ટિવ ટ્રેડનાં વિશ્લેષક રિકાર્ડો એવાન્જેલિસ્ટાએ જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે ગત સોમવારે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે મારા મતે ચીન સાથે વેપાર કરાર થઈ જવાની તૈયારીમાં છે અને મહત્ત્વના ખનીજો માટે મલયેશિયા સહિત ચાર દક્ષિણપૂર્વના દેશો સાથે ડીલ થઈ છે.

વધુમાં આજે રોકાણકારોની નજર આજથી શરૂ થઈ રહેલી અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય નીતિવિષયક બેઠક પર સ્થિર થઈ હોવાથી રોકાણકારોએ સાવચેતીનો અભિગમ અપનાવ્યો હતો. જોકે, આ બેઠકના અંતે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યાં છે.

# સેન્સેક્સ સત્ર દરમિયાન ૬00 પોઈન્ટ નીચે ગબડ્યા બાદ ઝડપી સુધારા સાથે માત્ર ૧૫0 પોઈન્ટના ઘટાડે સ્થિર થયો

મુંબઈ: એશિયન બજારોની નબળાઇ અને સ્થાનિક સ્તરે પ્રોફિટ બુકિંગને કારણે એક તબક્કે ૬૦૦ પોઇન્ટ સુધી ગબડી ગયેલો સેન્સેક્સ સત્રના પાછલા અડધા કલાકમાં ઝડપી રિકવરી સાથે માત્ર ૧૫૦ પોઇન્ટના ઘટાડે સ્થિર થયો હતો, જ્યારે નિફ્ટીએ ૨૫,૯૦૦ની સપાટી જાળવી રાખ હતી. સત્ર દરમિયાન ૫૫૯.૪૫ પોઈંટ અથવા તો ૦.૬૫ તૂટીને ૮૪,૨૧૯.૩૯ પોઇન્ટની સપાટીને અથડાયા બાદ સેન્સેક્સ અંતે ૧૫૦.૬૮ પોઇન્ટ અથવા તો ૦.૧૮ ટકાના ઘટાડા સાથે ૮૪,૬૨૮.૧૬ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૨૯.૮૫ પોઇન્ટ અથવા તો ૦.૧૧ ટકાના ઘટાડા સાથે ૨૫,૯૩૬.૨૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

સ્થાનિક આર્થિક ડેટા અને અમેરિકાની ફેડરલ રિઝર્વના નિર્ણયની જાહેરાત અગાઉની સાવચેતીના માનસ વચ્ચે નિફ્ટી સત્ર દરમિયાન ૨૫,૮૦૦થી ૨૬,૦૦૦ની સાંકડી રેન્જમાં અથડાતો રહ્યો હતો. એક્સપાઇરી સેશનમાં ભારે અફડાતફડી જોવા મળી હતી, પરંતુ છેલ્લા અડધા કલાકમાં ખાસ કરીને નિફ્ટી અને બેન્ક નિફ્ટીમાં ઝડપી રિકવરી જોવા મળી હતી. સેન્સેક્સના શેરોમાં ટ્રેન્ટ, આઇસીઆઇસીઆઇ બેન્ક, ટેક મહિન્દ્રા, બજાજ ફિનસર્વ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, પાવરગ્રીડ, ટીસીએસ અને બજાજ ફાઇનાન્સ ટેપ ગેઇનર શેરોમાં સામેલ હતા. જ્યારે ટાટા સ્ટીલ, લાર્સન એન્ડ ટૂબ્રો, સ્ટેટ બેન્ક, કોટક મહિન્દ્ર બેન્ક ટોપ ગેઇનર શેરોમાં સામેલ હતા. પ્રાઇમરી માર્કેટમાં લેન્સકાર્ટ સોલ્યુશન્સ શુક્રવાર, ૩૧ ઓક્ટોબરના રોજ તેની રૂ. ૭૨૭૮ કરોડની પ્રારંભિક જાહેર ઓફર સાથે મૂડી બજારમાં પ્રવેશ કરશે. ઓર્કલા ઇન્ડિયા ૨૯ ઓક્ટોબરે રૂ. ૧૬૬૭ કરોડનો આઇપીઓ લાવી રહી છે. સ્ટડ્સ એક્સેસરીઝ લિમિટેડનું ભરણું ત્રીસ ઓક્ટોબરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે દરમિયાન આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ એએમસી, ફોનપે, ગ્રોવ, ફિઝિક્સવાલાહ, મીશો, પાઈન લેબ્સ અને ઝેપ્ટો સહિત ૫૦૦ મિલિયન ડોલરથી વધુના અનેક જાહેર ભરણાં પાઇપલાઇનમાં હોવાથી, ઇન્વેસ્ટર્સ બેન્કર્સને નવા વર્ષમાં પણ બખ્ખાં થવાની ધારણાં છે. આ બેન્કરોએ ઓક્ટોબરના પ્રથમ પખવાડિયામાં માત્ર સાત ભરણાંની ફી પેટે અંદાજે રૂ. ૬૦૦ કરોડની કમાણી કરી છે.

આદિત્ય બિરલા રિઅલ એસ્ટેટે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં રૂ. ૧૭.૮૨ કરોડની ખોટ નોંધાવી છે. લાર્સન એન્ડ ટૂબ્રોએ સ્થાનિક અને વૈશ્વિક બજારમાં રૂ. ૧૦૦૦ કરોડથી રૂ. ૨૫૦૦ કરોડના ઓર્ડર મેળવ્યા હોવાનું જાહેર કર્યું છે. વીએમએસી ટીએમટી લિમિટેડે તેના ડિસ્ટ્રીબ્યુટર્સ પાસેથી દિવાળી દરમિયાન એકત્રિત ધોરણે ૧૦,૦૦૦ મેટ્રિક ટનથી વધુના, અંદાજે રૂ. ૪૬ કરોડના ઓર્ડર મેળવ્યા હોવાનું જાહેર કર્યું છે. હેવેલ્સ ઇન્ડિયા વોશીંગ મશીનની ક્ષમતા વધારવા રૂ. ૬૦ કરોડનું રોકાણ કરશે.

ડ્રાય બલ્ક કાર્ગો પર ધ્યાન કેન્દ્રિત કરતી શિપિંગ લોજિસ્ટિક્સ કંપની શ્રીજી શિપિંગ ગ્લોબલ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા છ મહિનામાં રૂ. ૩૨૩.૩૯ કરોડની આવક નોંધાવી છે, જે વર્ષ અગાઉના સમાનગાળામાં રૂ.૨૭૫.૮૦ કરોડ હતી. અપવાદરૂપ વસ્તુઓ અને કરવેરા પહેલાંનો ચોખ્ખો નફો રૂ. ૯૭.૩૫ કરોડ નોંધાયો છે, જે વર્ષ અગાઉ સમાનગાળામાં રૂ. ૭૫.૧૦ કરોડ હતો. નફાના માર્જિનમાં ૩૨૫ બેસિસ પોઇન્ટનો વધારો થયો છે.

આ સપ્તાહે બજારની ચાલનો આધાર અમેરિકા પર વધુ રહેશે એમ કહી શકાય. સૌથી મહત્ત્વની બાબત ટ્રેડ ડીલ છે અને તેના પર રોકાણકારોની ચાંપતી નજર રહેશે. એક તરફ ટ્રમ્પ એવા સંકેત આપે છે કે વેપાર કરાર અંતિમ તબક્કામાં છે અને બીજી તરફ વાણિજ્ય પ્રધાન અલગ સંકેત આપી રહ્યા છે. સરવાળે એમ કહી શકાય કે, આ સપ્તાહમાં રોકાણકારો કોર્પોરેટ સેક્ટરના ત્રિમાસિક પરિણામ, યુએસ ફેડરલ રિઝર્વના વ્યાજ દરના નિર્ણય અને બજારની દિશા માટે મેક્રોઇકોનોમિક ડેટા પર નજર રાખશે. રોકાણકારો યુએસ જીડીપી, યુએસ ફેડરલ રિઝર્વ, યુરોપિયન સેન્ટ્રલ બેંક અને બેંક ઓફ જાપાનના વ્યાજ દરના નિર્ણયો, ચીનના ઉત્પાદન પીએમઆઇ અને ભારતના ઔદ્યોગિક ઉત્પાદન ડેટા સહિતના મુખ્ય ડેટા પર નજીકથી નજર રાખશે. વિપ્રો કન્ઝ્યુમર કેર એન્ડ લાઈટિંગની કંપની, વિપ્રો કમર્શિયલ એન્ડ ઇન્સ્ટિટ્યુશનલ બિઝનેસએ આઇઓટી ઇનેબલ્ડ ઇન્ડોર એર ક્વોલિટી સોલ્યુશન અને આધુનિક સિટિંગ સોલ્યુશન લોન્ચ કર્યું છે. આ સોલ્યુશન ખૂબ જ ઓછા ખર્ચમાં લાઈટિંગ, એર અને સીટિંગને લગતા સાધનોમાં એવા ફેરફાર કરી શકે છે, જે માનવબળના સ્વાસ્થ્ય માટે લાભદાયી નીવડે છે. વિપ્રો કન્ઝ્યુમર કેર ભારત, એશિયા અને આફ્રિકામાં સૌથી ઝડપથી વિકસતી એફએમસીજી કંપનીઓમાંની એક છે. વેચાણ આવક ૨૦૦૩-૦૪માં રૂ. ૩.૦૪ બિલિયનથી વધીને ૨૦૧૯-૨૦માં રૂ. ૭૭.૪ બિલિયન થઈ છે. કંપની મુખ્યત્વે ભારત, એશિયા, આફ્રિકા અને મધ્ય-પૂર્વના વીસ દેશોમાં હાજરી ધરાવે છે. ભારત, મલેશિયા, ઇન્ડોનેશિયા, ફિલિપાઇન્સ, વિયેતનામ, ચીન અને દક્ષિણ આફ્રિકામાં તેના ૧૬ ઉત્પાદન એકમો છે.

# ડૉલર સામે રૂપિયો વધુ ૧૦ પૈસા તૂટ્યો

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં જોવા મળેલી વેચવાલી ઉપરાંત માસાન્તને કારણે આયાતકારોની ડૉલરમાં લેવાલી જળવાઈ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો વધુ ૧૦ પૈસા તૂટીને ૮૮.૨૯ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૮.૧૯ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૮.૩૪ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૪૦ અને ઉપરમાં ૮૮.૨૩ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૧૦ પૈસા ઘટીને ૮૮.૨૯ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે રૂપિયામાં ૩૬ પૈસાનો કડાકો બોલાયો હતો. એકંદરે હાલના તબક્કે માસાન્તને કારણે આયાતકારોની ડૉલરમાં લેવાલી અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈના વલણને ધ્યાનમાં લેતા ડૉલર સામે રૂપિયામાં ઘટાડો જોવા મળે તેવી શક્યતા છે તેમ છતાં ભારત અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ થઈ જવાના આશાવાદને ધ્યાનમાં લેતા ઘટાડો મર્યાદિત રહી શકે, એમ મિરે એસેટ્ શેરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું. આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૫૦.૬૮ પૉઈન્ટનો અને ૨૯.૮૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૫૫.૫૮ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયો દબાણ હેઠળ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૯ ટકા ઘટીને ૯૮.૬૯ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૧.૭૪ ટકા ઘટીને બેરલ દીઠ ૬૪.૪૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# નવેમ્બરનાં ક્વૉટાની જાહેરાત પશ્ચાત્ ખાંડમાં ઉછાળો

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવા છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે ભાવમાં ક્વિન્ટલે રૂ. બેથી ૨૦ સુધીનો ઉછાળો આવ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ ભાવ ક્વિન્ટલે રૂ. ૨૦ વધી આવ્યા હતા. ગઈકાલે મોડી સાંજે કેન્દ્ર સરકારે આગામી નવેમ્બર મહિનાના મુક્ત વેચાણ મટે ૨૦ લાખ ટનનો ક્વૉટા જાહેર કરવાની સાથે ઑક્ટોબરના વણ વેચાયેલા ક્વૉટાનું એક્સ્ટેન્શન આપવામાં નથી આવ્યું. જોકે, બજાર વર્તુળોના મતાનુસાર આગલા ઑક્ટોબર મહિનાના તમામ ક્વૉટાનું વેચાણ થઈ ગયું હોવાથી આજે સ્થાનિકમાં ખાંડના ભાવમાં મક્કમથી સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૨૦થી ૩૯૭૦માં થયાના અહેવાલ હતા.

# ટીન, નિકલ અને કોપરની અમુક વરાઈટીઓમાં નફારૂપી વેચવાલીએ પીછેહઠ

મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ગઈકાલે સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીને ટેકે ભાવમાં ઉછાળા જોવા મળ્યા બાદ આજે ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. જેમાં મુખ્યત્વે ટીન, નિકલ, કોપર સ્ક્રેપ હેવી સિવાય કોપરની અન્ય વેરાઈટીઓ, બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. બેથી ૧૬ સુધીનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે માત્ર ઝિન્ક સ્લેબમાં વપરાશકાર ઉદ્યોગની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એક વધી આવ્યા હતા અને કોપર સ્ક્રેપ હેવી, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે:

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) દુલારી સેન | ૨૭ | ૧,૩૦,૦૦૦ |
| ૨) સુબોધકુમાર માટે | ૪૮ | ૪૦,૦૦૦ |
| ૩) અનિતા શ્યામ શેંડે | ૫૮ | ૮૦,૦૦૦ |
| ૪) બીના દેવી | ૫૦ | ૩૦,૦૦૦ |
| ૫) સોઉમેન્દ્ર કર્મકાર | ૫૬ | ૧,૨૫,૦૦૦ |
| ૬) પ્રતિમા પ્રામાણિક | ૫૫ | ૬૦,૦૦૦ |
| ૭) પંચાતન મોન્ડલ | ૭૨ | ૨૫,૦૦૦ |
| ૮) રાજેશ સિરોહી | ૪૪ | ૨૪,૦૦,૦૦૦ |
| ૯) પ્રબાશ રમેશ મધુને | ૩૮ | ૩૦,૦૦૦ |
| ૧૦) દેવયાની કુમાર | ૩૧ | ૨૫,૦૦૦ |
| ૧૧) મીના | ૪૬ | ૫૦,૦૦૦ |
| ૧૨) બીકાશ દાસ | ૪૮ | ૫૦,૦૦૦ |
| ૧૩) વિષ્ણુદેવ શર્મા | ૬૭ | ૫૦,૦૦૦ |
| ૧૪) સંજય પસાદ સાન | ૪૨ | ૪૦,૦૦૦ |
| ૧૫) પરિતોષ મોન્ડલ | ૫૧ | ૩૦,૦૦૦ |
| નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે: | | |
| ૧૬) પિયુષ રાજકુમાર પાલ | ૦૩ | ૩,૫૦,૦૦૦ |
| ૧૭) પ્રિયા અર્જુન સિંહ | ૦૩ | ૨,૫૦,૦૦૦ |
| ૧૮) વિનય દિનેશ જયસ્વાલ | ૧૦ | ૪,૦૦,૦૦૦ |
| નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ હોલી સ્પિરિત હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે: | | |
| ૧૯) અરવિંદ કુમાર દેવી | ૨૧ | ૮,૦૦,૦૦૦ |
| નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ સાયન હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે: | | |
| ૨૦) પ્રકાશ સખારામ સરોજ | ૬૭ | ૨૦,૦૦૦ |

ઉપરોક્ત દરદીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી વિંગ, ફલેન્ક રોડ, સાયન-ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨. દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

# મુંબઈમાં અડધાથી વધુ ડેવલપરો ઍર પોલ્યુશન મોનિટર બેસાડવામાં નિષ્ફળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં તમામ કન્સ્ટ્રકશન સાઈટ પર થતાં પ્રદૂષણની નોંધ રાખી શકાય તે માટે મુંબઈ મહાનગરપાલિકાએ સેન્સર આધારિત એર પોલ્યુશન મોનિટર બેસાડવાનું ફરજિયાત કર્યું છે. જૂનમાં પાલિકા પ્રશાસને નિર્દેશ આપ્યો હતો છતાં અડધાથી વધારે કન્સ્ટ્રક્શન સાઈટ પર તેનું પાલન કરવામાં આવ્યું નથી. તેથી પ્રશાસને હવે તમામ ડેવલપરોને અલ્ટીમેટમ આપી દીધું છે. તેમને એક મહિનાની સેન્સર આધારિત એર પોલ્યુશન મોનિટર બેસાડવાની ચેતવણી આપી છે. અન્યથા તેમને આકરી કાર્યવાહીનો સામનો કરવા તૈયાર રહેવું પડશે.

આ નિર્દેશ ૨૦૨૩ના સુઓ મોટો પબ્લિક ઈન્ટરેસ્ટ લિટીગેશન સાથે જોડાયેલા બોમ્બે હાઈ કોર્ટના આદેશને અનુસરે છે, જેમાં કન્સ્ટ્રકશન સાઈટ પર મોટા પ્રમાણમાં ધૂળ અને વાયુ પ્રદૂષણ રહેતું હોય છે. મુંબઈમાં હાલ લગભગ ૧,૨૦૦ સક્રિય કન્સ્ટ્રકશન સાઈટ છે. ડેવલપરોને એર ક્વોલિટી મોનિટરિંગ સિસ્ટમ મેળવીને તેને ટૂંક સમયમાં બેસાડવાનું આવશ્યક છે. પાલિકાના પર્યાવરણ વિભાગના અધિકારીએ આપેલા આંકડા મુજબ અત્યાર સુધી ૫૩૫ ડેવલપરોએ પાલિકાના આદેશનું પાલન કર્યું છે. જો આગામી દિવસમાં તમામ ડેવલપરો આદેશનું પાલન કરવામાં નિષ્ફળ ગયા તો તેમની સામે આકરા પગલા લેવામાં આવશે.

# મરાઠી નિપુણતા પાસ ન કરવાના કારણસર અટકાવાયેલાં નાણાં કર્મચારીને ચૂકવવા હાઈ કોર્ટનો આદેશ

મુંબઈ: મરાઠી નિપુણતા પરીક્ષા પાસ ન કરવાને કારણે ભૂતપૂર્વ સર્વેલન્સ ઇન્વેસ્ટિગેટરની નિવૃત્તિની બાકી રકમ આપી દેવા બોમ્બે હાઈ કોર્ટે તાજેતરમાં મુંબઈ માહનગરપાલિકાને નિર્દેશ આપ્યો હતો. બાકી રકમની ચુકવણીમાં વિલંબ થશે તો વ્યાજ ચૂકવવું પડશે અને એ રકમ વિલંબ માટે જવાબદાર અધિકારીના પગારમાંથી વસૂલવામાં આવશે એ અદાલતે સ્પષ્ટ કર્યું હતું.

ન્યાયમૂર્તિ રવિન્દ્ર વી ઘુગે અને ન્યાયમૂર્તિ અશ્વિન ડી ભોબેની ખંડપીઠ ૧૬ ઓક્ટોબરે પાલિકાના ૫૮ વર્ષીય નિવૃત્ત કર્મચારી ઇબ્રાહિમ અબ્દુલ ગફૂર નાઇક દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી રહી હતી. ફરજિયાત મરાઠી ભાષા નિપુણતાની પરીક્ષા પાસ કરવામાં નિષ્ફળતાને ટાંકી મહાનગરપાલિકાએ જૂન ૨૦૨૫નો પગાર અને નિવૃત્તિ પછી મળનારા ૨૨ લાખ ૯૧ હજાર રૂપિયા અટકાવી દેતા નાઇકે અદાલતનો સંપર્ક કર્યો હતો.

મહાનગરપાલિકાના ૪ જૂન અને ૧૩ જૂન, ૨૦૨૫ના પત્રો અનુસાર, નાઇકને ભાષા પરીક્ષા પાસ ન કરવા છતાં ફેબ્રુઆરી ૨૦૦૬ થી છઠ્ઠા પગાર પંચ હેઠળ વધારાના ઇન્ક્રીમેન્ટ મળ્યા હતા. પાલિકાએ દલીલ કરી હતી કે તે વધુ ચૂકવેલા પગારમાં ₹૪.૧૭ લાખની લેણી રકમ ઉપરાંત ₹૧૮.૭૩ લાખ વસૂલવા માટે હકદાર છે. કુલ રકમ ₹૨૨.૯૧ લાખની છે. નાઈકના વકીલે આ કપાતને મનસ્વી ગણાવીને પડકાર્યો હતો.

નવમા પાનાનું ચાલુ

## મુંબઈમાં ધીમા પગલે

તાપમાન નોંધાયું હતું. થોડા દિવસથી લઘુતમ તાપમાન ૨૬ થી ૨૭ ડિગ્રીની આસપાસ નોંધાઈ રહ્યો હતો. મુંબઈમાં હજી બે-ત્રણ દિવસ વરસાદની શક્યતા છે, તેથી તાપમાનમાં હજી ઘટાડાની શક્યતા છે. આ દરમ્યાન રાજ્યમાં પણ મોટાભાગના જિલ્લામાં લઘુતમ તાપમાનમાં ઘટાડો થવાની સાથે જ ધીમા પગલે ઠંડીનું આગમન થઈ રહ્યું હોવાનું જણાઈ રહ્યું છે. મંગળવારે રાજ્યના હિલ સ્ટેશન મહાબળેશ્વરમાં લઘુતમ તાપમાન ૧૫.૮ ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગના કહેવા મુજબ આવતા અઠવાડિયાથી રાજ્યમાં શિયાળાની ઠંડીનો અનુભવ થશે.

## 'મોન્થા'ની અસર

સાંજના ઓફિસેથી છૂટીને ઘરે પાછા ફરી રહેલા મુંબઈગરાને વરસાદને કારણે ભીંજાવાની નોબત આવી હતી. હળવાથી મધ્યમ સ્વરૂપનો વરસાદની શક્યતા વચ્ચે 'મોન્થા' વાવાઝોડાની અસરને કારણે મુંબઈના દરિયા કિનારા પર પણ અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. મુંબઈ મહત્ત્વના બીચ પર જોખમ હોવાનું ચેતવણી આપતા લાલ વાવટા લગાવીને લાઈફગાર્ડને તહેનાત કરી દેવામાં આવ્યા છે. હવામાન વિભાગે આગામી બેથી ત્રણ દિવસ સુધી મુંબઈ, થાણે, પાલઘર, વિદર્ભમાં મધ્યમ સ્વરૂપના વરસાની શક્યતા વ્યક્ત કરી છે, જેમાં મુંબઈ, થાણે અને પાલઘર જિલ્લા માટે યલો અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. વરસાદની સાથે જ ૪૦થી ૫૦ કલાકના પ્રતિકિલોમીટરે પવન પણ ફૂંકાશે. રાજ્યના અમુક વિસ્તારમાં મુશળધાર વરસાદની શક્યતા છે.

## મતદાર

દેશની લોકશાહી પ્રણાલીને વધુ પારદર્શક અને વિશ્વસનીય બનાવવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે. જો લોકશાહી મજબૂત રાખવી હોય તો સચોટ અને સ્વચ્છ મતદાર યાદી હોવી જરૂરી છે. આ રાજકારણ નથી આ લોકોના અધિકારોની વાત છે. મહારાષ્ટ્રમાં છેલ્લા કેટલાક વર્ષોમાં મોટા પાયે વસ્તી સ્થળાંતર, શહેરીકરણ અને પ્રાદેશિક ફેરફાર જોવા મળ્યા છે. આવું થવાને કારણે મતદાર યાદીમાં ઘણી ભૂલો જોવા મળી છે તેમ જ ડુપ્લિકેટ નામ અને જૂની એન્ટ્રીઓ પણ છે. આગામી મહાનગરપાલિકા ચૂંટણીઓ પારદર્શક રીતે સંચાલિત થાય એની તકેદારી રાખવા એસઆઈઆર પ્રક્રિયાનો ઝડપી અને સંપૂર્ણ અમલ થવો જોઈએ એમ સુશી બહેને જણાવ્યું છે.

## પ્રોટોકોલ

ઇન્વેસ્ટમેન્ટ, ડાયસ્પોરા અફેર્સ અને ઇન્ટરનેશનલ રિલેશન્સ) કરવાની મંજૂરી આપવામાં આવી હતી. આ કાર્યો કરવા માટે, ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ (એફડીઆઈ), ડાયસ્પોરા અફેર્સ અને ઇન્ટરનેશનલ રિલેશન્સ નામની ત્રણ કચેરીઓ બનાવવામાં આવી હતી. આને કારણે, રોયલ પ્રોટોકોલ સબ-ડિપાર્ટમેન્ટમાં છ કચેરીઓ, ત્રણ હાલની અને ત્રણ નવી, કાર્યરત રહેશે. ત્રણ નવી કચેરીઓ માટે ૨૩ નવી જગ્યાઓ બનાવવા માટે પણ મંજૂરી આપવામાં આવી હતી. આના કારણે, રોયલ પ્રોટોકોલ વિભાગમાં કુલ ૬૨ જગ્યાઓ કાર્યરત થશે. આ વિભાગ દ્વારા નીચેના વિષયો સંભાળવાનો પ્રસ્તાવ છે: શિષ્ટાચાર, વિદેશી પ્રત્યક્ષ રોકાણ, ઉચ્ચ કમિશનર સંબંધો, વિદેશી લોન/ભંડોળ, નાણાં અને વેપાર, વિદેશમાં મહારાષ્ટ્રના નાગરિકોના સંબંધો, સાંસ્કૃતિક સંબંધો, યુનિવર્સિટીઓ/શૈક્ષણિક સંસ્થાઓ સાથે સહયોગ, વિદેશમાં રોજગારની તકો, પ્રવાસન પ્રમોશન, નવી ટેકનોલોજી સહકાર અને પ્રચાર વગેરે.

## સોલાપુર-તુળજાપુર

૫૦ ટકા નાણાકીય ભાગીદારીની નીતિ અપનાવી છે. તુળજા ભવાની માતાના દર્શન માટે મોટી સંખ્યામાં ભક્તો ધારાશિવ જિલ્લાના તુળજાપુર આવે છે. આ ભક્તોને સુવિધા આપવા માટે, સોલાપુર-તુળજાપુર-ઉસ્માનાબાદ રેલ્વે લાઇનને બ્રોડગેજ કરવામાં આવી રહી છે. આ માટે, ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૩ ના રોજના સરકારી નિર્ણય મુજબ કુલ પ્રોજેક્ટ ખર્ચના ૫૦ ટકા એટલે કે ૪૫૨.૪૬ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. જોકે, વિવિધ કારણોસર ઉપરોક્ત પ્રોજેક્ટના ખર્ચમાં વધારો થવાને કારણે, રેલ્વે વહીવટીતંત્રે ૩,૨૯૫ કરોડ ૭૪ લાખ રૂપિયાનું સુધારેલું બજેટ રજૂ કર્યું છે. આમાં, રાજ્ય સરકારને ૧,૬૪૭ કરોડ ૮૭ લાખ રૂપિયાનો હિસ્સો પૂરો પાડવાની વિનંતી કરવામાં આવી છે. તે મુજબ, સુધારેલું બજેટ અને રાજ્ય સરકારનો હિસ્સો મંજૂર કરવામાં આવ્યો છે. આ રકમ તબક્કાવાર કેન્દ્ર સરકારને ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## વરસાદથી પ્રભાવિત

કરોડ રૂપિયા રિલીઝ કરવામાં આવ્યા છે. લગભગ ૪૦ લાખ ખેડૂતોના ખાતામાં પૈસા પહોંચ્યા છે. મંગળવારે કેબિનેટની બેઠકમાં બીજા ૧૧,૦૦૦ કરોડ રૂપિયા રિલીઝ કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ પૈસા બજેટમાં ન હોવાથી, તેને ખાસ બાબત તરીકે મંજૂરી આપવામાં આવી હતી. હવે અમે આગામી ૧૫ દિવસમાં આ પૈસા ખેડૂતોના ખાતામાં પહોંચાડવાનો આદેશ આપ્યો છે, એમ ફડણવીસે જણાવ્યું હતું.

ફડણવીસ આગળ બોલતા કહ્યું કે, હવે જે ફંડ આપવામાં આવ્યું છે તે અલગ-અલગ જિલ્લાઓમાં અલગ-અલગ રીતે અપાયું છે. ક્યાંક તે આંશિક રીતે ગયું છે. તેનું કારણ એ છે કે અમે એક નિર્ણય લીધો હતો કે જેવી યાદીઓ આવશે, તેવી જ મંજૂરી આપવી, બધી યાદીઓ માટે રાહ જોવી નહીં. તેથી, એમાં શંકા કરવાની જરૂર નથી. જેમને બે હેક્ટર માટે પૈસા મળ્યા તેમને હવે ત્રીજા હેક્ટર માટે પણ પૈસા આપવામાં આવી રહ્યા છે. આ પૈસા આગામી ૧૫ થી ૨૦ દિવસમાં ખેડૂતોના ખાતામાં જશે. આ ૧૫ થી ૨૦ દિવસમાં ૯૦ ટકા ખેડૂતોને આવરી લેવાશે, એમ મુખ્યપ્રધાને જણાવ્યું હતું.

## બોગસ વિજ્ઞાનીને

સંબંધી દસ્તાવેજો મળી આવ્યા હતા. એ સિવાય તેની પાસેથી બીએઆરસીના બે આઇડી કાર્ડ જપ્ત કરાયા હતા, જે અલી રઝા હુસેન અને એલેકઝાન્ડર પાલ્મરના નામે હતા. અખ્તરની પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે તેને બે જણે નકલી આઇડી કાર્ડ તથા દસ્તાવેજો બનાવવામાં મદદ કરી હતી. આ માહિતીને આધારે પોલીસે જમશેદપુરથી મુન્નઝીરની ધરપકડ કરી હતી, જ્યારે મોહંમદ ઇલિયાસ ઇસ્માઇલની શોધ ચલાવવામાં આવી રહી છે. ૨૦૦૪માં દુબઇથી ડિપોર્ટ કરાયા બાદ અખ્તરે માત્ર પોતાનું નામ નહીં, પણ સંપૂર્ણ પર્સનાલિટી બદલી નાખી હતી. તે 'અખ્તર'માંથી એલેકઝાંડર પાલ્મર બની ગયો હતો. આ નામના તેણે ત્રણ પાસપોર્ટ સહ નકલી દસ્તાવેજો પણ બનાવ્યા હતા. પોલીસને અખ્તરના વર્સોવાના ઘરમાંથી ત્રણ પાસપોર્ટ મળી આવ્યા હતા, જે એલેકઝાન્ડર પાલ્મરના નામે છે અને તેના પર જમશેદપુરના જવાહરનગરનું સરનામું છે.

## સુગર ઈન્સ્ટિટ્યૂટના

પીસેલી શેરડી લઈએ છીએ, અને આ ભંડોળનો ઉપયોગ સંશોધન અને વિકાસ પ્રવૃત્તિઓ માટે થાય છે. ૩૦ સપ્ટેમ્બરના રોજ યોજાયેલી કેબિનેટ બેઠકમાં, આ ભંડોળના ઉપયોગની તપાસ માટે એક સમિતિ બનાવવાના નિર્દેશ આપવામાં આવ્યા હતા. સોમવારે અમને બેઠકની મિનિટ્સ મળી, અને તે મુજબ, એક સમિતિની રચના કરવામાં આવશે, એમ તેમણે કહ્યું. ભંડોળના ઉપયોગ અંગે કોઈ ફરિયાદ છે કે કેમ તે પૂછવામાં આવતા, કોલ્ટેએ નકારમાં જવાબ આપ્યો.

એક્સ પરની એક પોસ્ટમાં, રોહિત પવારે કહ્યું કે વીએસઆઈ એ રાજ્યમાં ખાંડ ઉદ્યોગના વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવી છે. શરદ પવાર, અજિત પવાર અને અન્ય નેતાઓના નેતૃત્વ હેઠળ સંસ્થા ઘણા વર્ષોથી ખેડૂતોના કલ્યાણ માટે કામ કરી રહી છે. સંસ્થામાં તપાસ કરવાનો આદેશ કોઈ નિયમિત પ્રક્રિયા નથી. તે દર્શાવે છે કે થાણે પછી, ભાજપે બારામતી તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે તેમના ભાષણમાં કહ્યું હતું કે ભાજપને કાખઘોડીની જરૂર નથી, અને હવે મુખ્યપ્રધાને વીએસઆઈની તપાસનો આદેશ આપ્યો છે. શું આ કાખઘોડી પર નિર્ભરતા ઘટાડવાનો પ્રયાસ નથી? ધારા સભ્યએ સંકેત આપતા કહ્યું કે ભાજપના સાથી પક્ષોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે.

જ્યારે વિપક્ષ કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારના પુરાવા આપે છે, ત્યારે સરકાર ચૂપ રહે છે, પરંતુ તે એક પ્રતિષ્ઠિત સંસ્થાને નિશાન બનાવે છે, એમ તેમણે કહ્યું.

આ દરમિયાન, ફડણવીસે પત્રકારોને જણાવ્યું હતું કે વસંતદાદા સુગર ઇન્સ્ટિટ્યૂટને જારી કરાયેલ નોટિસ કોઈ તપાસના હેતુ માટે નહોતી, પરંતુ નાણાકીય માહિતી માંગવા માટે એક નિયમિત વિનંતી હતી. આ કોઈ તપાસ નથી, પરંતુ (ખાંડ કમિશનર) માત્ર ખાંડ ફેક્ટરીઓ પર ડ્યુટી લાદીને વીએસઆઈ ને મળેલા ભંડોળ અંગે માહિતી માંગી હતી. કોઈપણ સંસ્થાને મળેલા ભંડોળનો હિસાબ માંગવામાં કંઈ ખોટું નથી, એમ મુખ્ય પ્રધાને કહ્યું. (પીટીઆઈ)

## પાલિકાની હોસ્પિટલોમાં

સૂચન પણ અભિયાન દ્વારા કરવામાં આવ્યું છે. કેઇએમ, સાયન અને નાયર હોસ્પિટલમાં પ્રોફેસર, આસિસ્ટન્ટ પ્રોફેસર, ટેકનિશિયન અને નર્સની ૧,૦૧૭ જગ્યાઓમાંથી ફક્ત ૪૭૩ જગ્યાઓ ભરાયેલી છે. આમાં કેઇએમ હોસ્પિટલમાં પ્રોફેસરની ૧૦૬ જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે, જેમાંથી ૪૦ જગ્યાઓ ખાલી છે. એસોસિયેટ પ્રોફેસરની મંજૂર કરાયેલી ૧૬૮ જગ્યામાંથી ૫૦ ખાલી છે. લેબોરેટરી આસિસ્ટન્ટની ૩૩ જગ્યા બધી જ ખાલી છે. લેબોરેટરી એટેન્ડન્ટની ૨૭ જગ્યાઓમાંથી ૧૦ ખાલી છે. એક્સ-રે ટેકનિશિયનની બાવન જગ્યાઓમાંથી ૩૦ જગ્યાઓ ખાલી છે, આસિસ્ટન્ટ ટેકનિશિયનની ૭૨ જગ્યાઓમાંથી ૬૧ જગ્યાઓ ખાલી અને નર્સની ૧૧૬ જગ્યાઓમાંથી ૬૧ જગ્યાઓ ખાલી છે. શિવ હોસ્પિટલમાં પ્રોફેસરની ૯૯ જગ્યાઓમાંથી ૫૪ જગ્યાઓ ખાલી છે, એસોસિયેટ પ્રોફેસરની ૧૩૮ જગ્યાઓમાંથી ૪૦ અને આસિસ્ટન્ટ પ્રોફેસરની ૨૨૫ જગ્યાઓમાંથી ૧૫૩ જગ્યાઓ ખાલી છે. તેવી જ રીતે, દવા વિતરકોની ૪૪ જગ્યાઓમાંથી ૨૩ જગ્યાઓ, લેબોરેટરી આસિસ્ટન્ટની બધી ૨૩ જગ્યાઓ, લેબોરેટરી ટેકનિશિયનની ૭૧ જગ્યાઓમાંથી ૩૪ જગ્યાઓ અને એક્સ-રે ટેકનિશિયનની ૧૯ જગ્યાઓ ૪૪ જગ્યાઓમાંથી ખાલી છે. નાયર હોસ્પિટલમાં ૭૮ પ્રોફેસરમાંથી ૩૧, એસોસિયેટ પ્રોફેસરમાંથી ૨૯ અને આસિસ્ટન્ટ પ્રોફેસરમાંથી ૧૮૪ માંથી ૧૩૨ જગ્યાઓ ખાલી છે.

## વિકસિત મહારાષ્ટ્ર

સુધી લઈ જવાનો છે. તે મુજબ, મહારાષ્ટ્રે ૨૦૪૭ સુધીમાં 'વિકસિત મહારાષ્ટ્ર - વિકસિત ભારત માટે'નું લક્ષ્ય નક્કી કર્યું છે. મહારાષ્ટ્ર ભારતની સ્વતંત્રતાની શતાબ્દી સુધીમાં પાંચ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનાવવા માંગે છે. વિકસિત મહારાષ્ટ્રની વિભાવનાને અમલમાં મૂકવા માટે મુખ્ય પ્રધાનની અધ્યક્ષતામાં એક સલાહકાર સમિતિ અને મુખ્ય સચિવની અધ્યક્ષતામાં એક સંકલન સમિતિની રચના કરવામાં આવી હતી. ફડણવીસે ૧૦૦ દિવસના કાર્યક્રમ પછી ૧૫૦ દિવસના સુધારા કાર્યક્રમની જાહેરાત કરી હતી. તેમાં વિકસિત મહારાષ્ટ્ર-૨૦૪૭ (વિઝન ડોક્યુમેન્ટ)નો સમાવેશ થાય છે. આ વિઝન ડોક્યુમેન્ટ ત્રણ તબક્કામાં તૈયાર કરવામાં આવ્યો છે: ૨ ઓક્ટોબર, ૨૦૨૯નું ટૂંકા ગાળાનું વિઝન (વાર્ષિક લક્ષ્યો સાથે), ૧ મે, ૨૦૩૫નું મધ્યમ ગાળાનું વિઝન (મહારાષ્ટ્ર-૭૫), અને ૧૫ ઓગસ્ટ, ૨૦૪૭નું લાંબા ગાળાનું વિઝન (ભારત-૧૦૦).

વિઝન ડોક્યુમેન્ટનો ડ્રાફ્ટ તૈયાર કરવા માટે, ૧૬ ક્ષેત્રીય જૂથોની રચના કરવામાં આવી હતી જેમ કે કૃષિ, ઉદ્યોગ, સેવાઓ, પર્યટન, શહેરી વિકાસ, ઉર્જા અને ટકાઉ વિકાસ, પાણી, પરિવહન, શિક્ષણ અને કૌશલ્ય વિકાસ, આરોગ્ય, સમાજ કલ્યાણ, સોફ્ટ પાવર, શાસન, ટેકનોલોજી, સુરક્ષા, નાણાં. આ ૧૬ જૂથોને ચાર શ્રેણીઓમાં વિભાજિત કરવામાં આવ્યા છે: પ્રગતિશીલ, ટકાઉ, સમાવિષ્ટ અને સુશાસન. જેમાં લગભગ ૧૦૦ પહેલનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પહેલ માટે નિર્ધારિત ઉદ્દેશ્યો નીચે મુજબ છે -

અ) વિકાસ પ્રેરિત - કૃષિ: આબોહવા પરિવર્તન સ્થિતિસ્થાપકતા સાથે ખેડૂતોની આવક વધારવી અને ગ્રામીણ-શહેરી જીવનધોરણમાં સમાનતા પ્રાપ્ત કરવી. સેવાઓ: સમગ્ર વિશ્વમાં નવા યુગમાં નાણાં, અગ્રણી ટેકનોલોજી, મીડિયા અને મનોરંજનમાં મોખરે રહેવું. ઉદ્યોગ: સમગ્ર વિશ્વ માટે મહારાષ્ટ્રમાં રચના અને ડિઝાઇન કરવી, જેથી રાજ્યના કુલ સ્થાનિક ઉત્પાદનનો એક તૃતીયાંશ કરતાં વધુ હિસ્સો ઉદ્યોગ ક્ષેત્રમાંથી આવે. પર્યટન: જવાબદાર, સલામત અને કચરામુક્ત પર્યટન દ્વારા સરેરાશ પ્રવાસીઓના રોકાણ અને ટર્નઓવરમાં વધારો કરવો.

બ) ટકાઉ: શહેરી: શહેરોમાં આપત્તિ-સ્થિતિસ્થાપક, સંપૂર્ણ રોજગારી, સરળ જાહેર પરિવહન ઉપલબ્ધતા અને પરિવહન નેટવર્ક સાથે ઝૂંપડપટ્ટી-મુક્ત, સ્વચ્છ, સસ્તું આવાસ બનાવવા માટે. પાણી: સંરક્ષણ અને રિસાયકિંલગ દ્વારા બધાને સુરક્ષિત પાણી પૂરું પાડવું. ઊર્જા અને ટકાઉપણું: રાજ્યના એક તૃતીયાંશ કરતાં વધુ ભાગને ગ્રીન કવર હેઠળ લાવીને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક ભાવે વિશ્વસનીય, લીલી અને સ્વચ્છ ઊર્જા પૂરી પાડવી. પરિવહન અને લોજિસ્ટિક્સ: મુસાફરો અને માલસામાન માટે વિશ્વસનીય, સલામત અને સીમલેસ મલ્ટિમોડલ કનેક્ટિવિટી બનાવવી.

## ૧૧ હજાર કરોડનું

પ્રમુખ હર્ષવર્ધન સપકાળેએ પ્રતિ હેક્ટર ૫૦ હજાર રૂપિયા આપવાની માગણીનો પુનરોચ્ચાર કર્યો હતો.

નાંદેડમાં પત્રકારોને સંબોધતાં કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ હર્ષવર્ધન સપકાળે ભાજપ અને મહાયુતિ સરકાર પર આકરા પ્રહારો કર્યા. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી વિશે આપેલા નિવેદનની નોંધ લેતા કહ્યું હતું કે દેવેન્દ્ર ફડણવીસ મત ચોરીને મુખ્ય પ્રધાન બન્યા છે, એક માણસ જે પોતે ચોર મુખ્ય પ્રધાન ચીપ મુખ્ય પ્રધાન છે, તેથી તેઓ આવા ચીપ નિવેદનો આપી રહ્યા છે. હર્ષવર્ધન સપકાળે જવાબ આપ્યો છે કે આવી નિમ્ન સ્તરની ટીકા રાહુલ ગાંધીના નેતૃત્વ અને સિદ્ધિઓને ઓછી કરતી નથી. નાંદેડ કોંગ્રેસની વિચારધારાનો જિલ્લો છે અને કોંગ્રેસ પક્ષ કાર્યકરોનો પક્ષ છે, નેતાઓનો પક્ષ નથી. આજે પણ નાંદેડ કોંગ્રેસી વિચારધારાનો છે અને કાલે પણ કોંગ્રેસી વિચારધારાનો રહેશે. અન્ય પક્ષોમાંથી કોંગ્રેસ પક્ષમાં આવનારા લોકોનો ધસારો વધી રહ્યો છે. આ રાહુલ ગાંધીના સંઘર્ષનું પરિણામ છે અને આ પક્ષો કોંગ્રેસ વિચારધારામાં વિશ્વાસ રાખીને જોડાઈ રહ્યા છે, જે પાર્ટીને શક્તિ આપી રહી છે અને કોંગ્રેસ મહારાષ્ટ્રમાં તેનું ભૂતકાળનું ગૌરવ પાછું મેળવશે, હર્ષવર્ધન સપકાળે કહ્યું હતું.

## જૈન મરણ

**વાગડ વી. ઓ. જૈન**

ગામ આધોઇના ભચીબેન ગાંગજી માલશી છેડાના પુત્રવધુ પાર્વતીબેન (ઉં. વ. ૮૨) તા. ૨૭-૧૦-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. રતનશીના ધર્મપત્ની. જયંતી, પ્રવીણ, ધર્મેશ, ચંપા, કવીતા, જયશ્રીના માતુશ્રી. કેસર, જયોતી, હીરા, મણીલાલ, રમેશ, દેવજીના સાસુ. રાજેશ, રાહીલ, કનીથા, ખુશ્બુ, ઝીલ, નેહા, ક્રિથા, યશીના દાદી. ડિમ્પલ, નીરજ, ધવલ, રાહુલ, રિદ્ધિ, દૃષ્ટિ, હર્ષીતના નાની. સ્વ. વેજીબેન આંબા મેપશી ગડાના દીકરી. પ્રા. સભા. તા. ૨૯-૧૦-૨૫ના બુધવાર બપોરે ૨.૩૦થી ૪, પછી બર વિધી. ઠે. પ્યુપીલ્સ હાઇસ્કૂલ, ખાર (વે.)

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ઘોઘા નિવાસી હાલ અંધેરી શશીકાંત નગીનદાસ શાહ (ઉં.વ.૯૩) તા. ૨૮/૧૦/૨૦૨૫ના અરિહંતશરણ થયેલ છે. તે હીના, જયશ્રી, હીતેન અને ભાવેશના પિતાશ્રી, ભરત ઝવેરી, ધીરેન સોલાની, અમિતા અને શિવાનીના સસરા. સ્વ. હીરાલાલ મગનલાલ શાહ (ભાવનગર)ના જમાઈ. આગમ, હરિતી અને મિતીના દાદા. હંસાબેન, તરલાબેન, સ્વ. નીતિનભાઈ અને રણજીતભાઈના ભાઈ. તેઓની પ્રાર્થનાસભા તા. ૩૦/૧૦/૨૫ના ગુરુવારે ૯.૩૦ થી ૧૦.૩૦ ક. શ્રી મામણીયા નંદુ જૈન ભવન, શ્રી મલ્લીનાથસ્વામી જૈન દેરાસરની બાજુમાં, હરદેવી સોસાયટી ગેટ નંબર ૩, સ્ટેશન રોડ, જોગેશ્વરી ઇસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી હાલ બોરીવલી, પ્રકાશ શાંતિલાલ શાહ (ઉં. વ. ૭૨) તા. ૨૫/૧૦/૨૫ના અમદાવાદ મુકામે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કુમુદબેન શાંતિલાલ શાહના પુત્ર. સરોજબેનના પતિ. મેહુલ - ઉરુવેલા, ચિરાગ કુમાર પંડ્યાના પિતા. સ્વ. છાયાબેન, નિશિથભાઈ, પ્રશાંતભાઈ, મિલનભાઈના ભાઈ. સાસરાપક્ષે સ્વ. ઇન્દુબેન કાંતિલાલ શાહના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે. ૨- બી, ૧૬, પહેલા માળે, વિવેકાનંદ નગર, એસ. વી. રોડ, બોરીવલી વેસ્ટ.

**દશાશ્રીમાળી દિગંબર (સોનગઢ) જૈન**

અમરેલી નિવાસી હાલ વસઈરોડ, દર્શનાબેન દિનેશભાઈ દામોદરદાસ મહેતાના સુપુત્ર તન્મય (ઉં. વ. ૪૭) તે મીરા રાજેશભાઈ કપાસી તથા ધવલ મહેતાના ભાઈ. શિતલના દિયર, નગીનભાઈ, નવનીતભાઈ, ચંદ્રકાંતભાઈ, કીર્તિભાઈ, નિરંજનાબેન નગીનદાસ હેમાણી તથા ભારતીબેન રમેશભાઈ પારેખના ભત્રીજા. જિનેશભાઈ ચંદુલાલ ડગલી તથા પ્રતિમાબેન રજનીભાઈ શાહના ભાણેજ. તા. ૨૭/૧૦/૨૫ના દેહ પરિવર્તન થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૩૦/૧૦/૨૫ ગુરુવારે ૩.૦૦ થી ૫.૦૦. શ્રી અચલગચ્છ જૈન ઉપાશ્રય, ૧૦૦ ફીટ રોડ, ઓફ અંબાડી રોડ, વસઈ રોડ (પ.), સર્વે લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

લીંબડી નિવાસી હાલ અંધેરી, ચંદ્રકાંત શાંતિલાલ શેઠના ધર્મપત્ની કુંદનબેન (ઉં. વ. ૮૩) તા. ૨૭/૧૦/૨૫ને સોમવારે અરિહંતશરણ પામેલ છે. તે પ્રેયસભાઈ અને મોનાબેનના માતુશ્રી. હરસુખભાઈ અને સ્વ. દિનેશભાઈના ભાભી. સ્વ. કમળાબેન દીપચંદભાઈ શાહની સુપુત્રી. સ્વ. જમનાદાસભાઈ, સ્વ. ચંદ્રકાંતભાઈ, હર્ષદભાઈ, પ્રવીણભાઈ, સ્વ. ગુણવંતીબેન, સ્વ. શારદાબેન, સ્વ.કંચનબેન, પ્રફુલાબેનના બહેન, માલવના દાદી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કપાયાના જીગર (પન્ના) હરિલાલ સંગોઈ (ઉં. વ. ૩૫) તા ૨૬-૧૦-૨૫ના અવસાન પામેલ છે. ચંપાબેન (બુધ્ધિબાઈ) તેજશીના પૌત્ર. મીના (મધુ) હરિલાલના પુત્ર. મિત્તલના ભાઈ. કોડાયના ભાનુમતી વેલજી ઓભાયા લાલનના દોહિત્ર. સદ્ગતની ઈચ્છા અનુસાર પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહિ. ઠે. હરિલાલ તેજશી સંગોઈ, ૦૭, સંતોષી કૃપા બિલ્ડીંગ, સંતોષી માતા મંદિરની સામે, કોપર રોડ, ડોંબીવલી (વેસ્ટ) ૪૨૧૨૦૨.

લુણીના વનિતાબેન હરીલાલ દેઢિયા (ઉં. વ. ૭૮) ૨૭-૧૦ના અવસાન પામ્યા છે. જીવીબાઈ કુંવરજી સુરાના પુત્રવધૂ. હરીલાલભાઈના પત્ની. દિપ્તી રાજેશ્રી, મયુરના માતુશ્રી. લાખાપર લક્ષ્મીબેન ખીમજી હધુના પુત્રી. મણીલાલ, નેમચંદ, નવિન, રમણીક, ભવાનજી, કસ્તુર હીરજી, વર્ષા કાંતિલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. વનિતાબેન દેઢિયા, પોપટલાલ બિં., ૧૭-સી, ૩જે માળે, જ્ઞાન મંદિર રોડ, દાદર-વે., મું-૨૮.

રામણીયાના ભવાનજી લાલજી રાંભિયા (ઉં. વ. ૮૯) તા. ૨૬-૧૦ના અવસાન પામેલ છે. જીવીબેન લાલજીના પુત્ર. લક્ષ્મીના પતિ. રમેશ, દિનેશ, રશ્મીના પિતા. તેજબાઈ, પાનબાઈ, પ્રભાના ભાઈ. ભુજપુર લાછબાઈ ભવાનજી વીરાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. દિનેશ રાંભિયા, ૧૦૦૩, વિઘ્નેશ્વર બિલ્ડીંગ, પાર્ક રોડ, વિલે પાર્લે (ઇ). મું. ૫૭.

પ્રાગપુરના કુમારી સંગીતા મણીલાલ વોરા (ઉં. વ.૪૬) તા.૨૭-૧૦-૨૫ ના અરિહંત શરણ પામેલ છે. સ્વ. સોનબાઈ જીવરાજ વોરાની પૌત્રી. સ્વ. નિર્મળા મણીલાલની સુપુત્રી. હીરાની બેન. કારાઘોઘાના સ્વ.વેજબાઈ પ્રેમજીની દોહિત્રી. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસદી લેવી નહીં. નિ. હીરા મણીલાલ વોરા. વસાવકર વીલા. ચેપલ રોડ, ફ્લેટ નં.૧૦૩, વાંદ્રા (પ). મુંબઈ-૪૦૦૦૫૦.

ડેપાના બિપીન માવજી છેડા (ઉં. વ. ૬૦) તા.૨૬-૧૦-૨૫ના અવસાન પામેલ છે. મકાંબાઈ મુરજી (ગુલુબાપા) દેવજીના પૌત્ર. નિર્મળાબેન માવજીના સુપુત્ર. ચેતનાના પતિ. સ્મિતના, શ્રુતીના પિતા. દિનેશ, ધીરજ, પ્રફુલ્લ, સુશીલા, કેતનના ભાઈ. બેરાજા સાકરબેન કેશવજી વરજાંગ મારૂના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ, દાદર (સે.રે.), ટા.૩ થી ૪.૩૦.

ચીઆસરના ચુનીલાલ ધનજી ગડા (ઉં. વ. ૮૯) તા. ૨૭-૧૦-૨૫ના અવસાન પામેલ છે. ગંગાબાઈ ધનજી ના પુત્ર. દમયંતીના પતિ. સુધીર, હરેશ, ઉષા, ચેતનાના પિતા. પાનબાઇ, દેવચંદ, ખીમજી, કસ્તુર, શાંતા, સં.પ.પ.પૂ.સા. શ્રી અનંતકિરણાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી કૈવલ્યાકિરણાશ્રીજી મ.સા.ના ભાઈ. મોટી ઉનડોઠ કુંવરબાઇ કુંવરજીના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા.જૈન. શ્રા. સં.સં. શ્રી કરસન લધુ નિસર હોલ, દાદર (વે), ટા. ૪ થી ૫.૩૦.

મોટી રાયણના અ.સૌ. રતનબેન શામજી છેડા (ઉં. વ. ૮૩) તા. ૨૬-૧૦-૨૫ના અરિહંત શરણ પામેલ છે. ખેતબાઈ ભાણજીના પુત્રવધૂ. શામજીભાઈના પત્ની. હર્ષા, ભાવના, પ્રજ્ઞા, નિલેશ, વિપુલના માતુશ્રી. નાગલપુર લક્ષ્મીબેન લક્ષ્મીચંદના પુત્રી. વસંત, અનિલ, ભરત, અરૂણ, રંજન, વસુમતી, રેખાના બેન. પ્રા. શ્રી માટુંગા કચ્છી શ્વે. મૂ. જૈન સંઘની નારાયણજી શામજી મહાજનવાડી, માટુંગા (સે.રે.) બપોરે ૩ થી ૪.૩૦.

**ઘોઘારી દશા શ્રીમાળી જૈન**

કુકડ નિવાસી હાલ થાણા (મુંબઇ) સ્વ. પ્રતાપરાય છોટાલાલ શાહ (બદુક)ના સુપુત્ર પ્રદીપભાઇ શાહ (ઉં. વ. ૭૬) તા. ૨૩-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે રજનીકાંતભાઇ, સ્વ. કિરીટભાઇ અને અશ્વિનભાઇ, સ્વ. ઇન્દિરાબેન પારેખ, સ્વ. દિવ્યાબેન કપાસી અને વિલાસબેન લાધાણીના ભાઇ. જયશ્રીબેનના પતિ. અવનીશ પંક્તિના પિતા. મયૂરીબેન તથા ધર્મેશ દોશીના સસરા. સ્વ. રમાબહેન ધીરજલાલ મહેતાના જમાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખ્યો છે.

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## હિન્દુ મરણ

**માધવપુર ગિરિનારા બ્રાહ્મણ**

અ. સૌ. કિરણ પ્રમોદકુમાર ભટ્ટ (ઉં. વ. ૭૪) તે પ્રમોદ ભટ્ટના ધર્મપત્ની. સ્વ. જશુબેન કૃષ્ણરામ વાલજી ભટ્ટના પુત્રવધૂ. સ્વ. નર્મદાબેન જયંતિલાલ પુરોહિતના પુત્રી. અમર ભટ્ટના માતુશ્રી. અ. સૌ. ઉમંગીના સાસુ. ધાર્મિકના દાદી તા. ૨૭-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૩૦-૧૦-૨૫, ગુરુવારના ૫ થી ૭. સ્થળ: લુહાણા મહાજન વાડી, ૧લે માળે, એસ. વી. રોડ, કાંદીવલી (વેસ્ટ).

**નાઘેર દશા શ્રીમાળી**

દીવ નિવાસી સ્વ. જિતેન્દ્રભાઇ મણીકાંત શાહના ધર્મપત્ની જયશ્રીબેન તા. ૨૭-૧૦-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. નલીનભાઇ, સ્વ. રશ્મિભાઇ, સ્વ. નીરૂબેન તથા કલ્પનાબેનના ભાભી. ગઢાળી નિવાસી મલુકચંદભાઇના સુપુત્રી. જીજ્ઞેશભાઇ, સૌમિલભાઇ તથા હાર્દિકભાઇના માતુશ્રી. અ.સૌ. ભક્તિ તથા અ.સૌ. રીંકીના સાસુજી. યેશા, મલાક તથા જીયાનના દાદી. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૩૦-૧૦-૨૫ના ૫થી ૭. ઠે. નોર્થ ઇન્ડિયન એસોસિયેશન હોલ, (પંજાબ હોલ) ભાઉદાજી રોડ, એક્ષટેન્શન રોડ, સાયન, મુંબઇ.

**દશા મહેમદાવાદી મેવાડા વૈષ્ણવ વણિક**

ભાદરવા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. ચીમનલાલ કેશવલાલ શાહના સુપુત્ર સ્વ. ઠાકોરલાલ (ઉં. વ. ૯૩) તે સંજય, હંસા (કોમલ)બેન, માલતીબેનના પિતાશ્રી. ભાવના, કમલેશકુમાર, હેમંતકુમારના સસરા. અભિષેક, કુશલના દાદા. ધીમન, નિકિતા, યશેષના નાના. પૃથાના વડસસરા તા. ૨૬-૧૦-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. શાંતાબેન મથુરાદાસ વેલજી ચંદે ગામ અકરીવાળાના મોટા પુત્ર જયંત (ઉં. વ. ૭૩) તે સ્વ. નારાણજી ખીમજી માણેક ગામ વરસામેડીવાળાના દોહિત્ર. તે સુનિલ તથા ગં. સ્વ. નીલા કમલેશ, મેવાવાળાના મોટાભાઇ. તે આસકા દેવાંગ ભાટીયા તથા સચીના મામા શુક્રવાર તા. ૨૫-૧૦-૨૫ના રાજકોટ મુકામે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કડવા પાટીદાર**

મૂળ વડનગરના હાલ વિલેપાર્લે નિવાસી સ્વ. જશવંતભાઇના ધર્મપત્ની હર્ષાબેન પટેલ (ઉં. વ. ૬૯) (માટલી) તે સમીરભાઇના માતુશ્રી. ધર્મધાબેનના સાસુ. ધર્વના દાદી. સ્વ. કાંતિલાલ પટેલના સુપુત્રી. માર્કંડભાઇ, પ્રમોદભાઇ અને યોગેશભાઇ પટેલના નાના ભાભી તા. ૨૮-૧૦-૨૫ મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ભાવનગરવાળા, સ્વ. તારાબેન જયંતીલાલ મહેતાના પુત્ર કિશોરભાઈ (ઉં. વ. ૭૪) તા. ૨૭/૧૦/૨૫ના સોમવાર ઘાટકોપર મુકામે શ્રીજીચરણ પામેલ છે. તે મીરાબેનના પતિ. દેવાંગ અને અવની મિહિર સંઘવીના પિતા. ધ્વનીના સસરા. સ્વ. મીના વિજય મહેતા, સ્વ. સુનિલભાઈના મોટાભાઈ. સ્વ.ધીરજલાલ સંઘવીના જમાઈ. સર્વે પક્ષની પ્રાર્થનાસભા તા. ૩૦/૧૦/૨૫ના ગુરુવારે ૪.૩૦ થી ૬.૩૦. બાલ્કનજી બારી, ઘાટકોપર ઈસ્ટ.

**હાલાઇ ભાટિયા**


દેવભાણજી ધનેશ સંપટ (ઉં. વ. ૮૨) તા. ૨૭/૧૦/૨૫ના સોમવારે ગાંધીનગર શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ગુણવંતી ગોપાલદાસ સંપટના પુત્ર. સ્વ. મહેન્દ્ર, સ્વ. યોગેશ, સરોજબેન રજનીકુમાર ઉદ્દેશીના ભાઈ. કિશોરી જમનાદાસ આશરના પતિ. નેહલ અને મીતાના પિતા, દર્શના અને હિતેશના સસરા. લૌકિક વ્યવહાર બંધ છે.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે

(૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# આઈપીઓના ઘોડાપૂરમાં તણાતા પહેલાં સાવધાન!

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com




સામાન્ય રીતે પ્રાથમિક બજારની કામગરીનો આધાર સેકન્ડરી માર્કેટ પર નિર્ભર હોય છે, પરંતુ આ વર્ષ તેમાં અપવાદ રહ્યું છે. ભારતનું પ્રાથમિક બજાર સંખ્યાના ધોરણે અભૂતપૂર્વ તેજીમાંથી પસાર થઇ રહ્યું છે, જ્યારે સેકન્ડરી માર્કેટ એક પછી એક અવરોધોનો સામનો કરી રહ્યું છે. આ અવરોધોમાં કોર્પોરેટ કમાણીના ઘટાડાથી લઈને યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ટેરિફનો સમાવેશ થાય છે.

એકલા સપ્ટેમ્બરમાં બે ડઝનથી વધુ કંપનીઓ પ્રાથમિક બજારમાં આવી હતી. આ આંકડો જાન્યુઆરી ૧૯૯૭ પછીનો એક મહિનામાં નોંધાયેલો સૌથી મોટો આંકડો છે. આ ઉપરાંત ઓક્ટોબરના પહેલા અઠવાડિયામાં એક નવો રેકોર્ડ બન્યો છે, જેમાં કંપનીઓએ રૂ. ૩૦,૦૦૦ કરોડથી વધુ એકત્ર કર્યા છે. આ અત્યાર સુધીનું સૌથી મોટું સાપ્તાહિક કલેકશન છે.

આ વર્ષે લગભગ ૨૦૦ કંપનીઓએ પ્રારંભિક જાહેર ઓફર માટે ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સ (ડીઆરએચપી) પેપર્સ ફાઇલ કર્યા છે. આ તેજીનું એક મહત્ત્વનું કારણ એ છે કે રોકાણકારોને પહેલાથી જ લિસ્ટેડ ઇશ્યૂ કરતાં મોટાભાગના નવા ઇશ્યુમાં વધુ સારું વળતર મળ્યું છે. જો કે, હવે તેજીની ઇમારતમાં તિરાડો દેખાવા લાગી છે.

આ વર્ષે મેઇન બોર્ડના કુલ ૮૩ આઇપીઓમાંથી ત્રીજા ભાગથી વધુ કંપનીઓએ તેમના પ્રવેશ સાથે લગભગ ૩૫ ટકા સુધીની નુકસાની કરીને રોકાણકારોના પોર્ટફોલિયો લાલ રંગમાં રંગી નાખ્યા હતા. આમાંથી અડધાથી વધુ લિસ્ટિંગ સપ્ટેમ્બરથી થયા હતા અને તેમાંથી ચાર શેર લિસ્ટિંગના દિવસે ૨૦ ટકાથી વધુ ગબડ્યા હતા.

સરેરાશ ડેબ્યુ-ડે ગેઇન ૨૦૨૫માં ઘટીને નવ ટકા થઈ ગયો છે, જે એક વર્ષ પહેલાં ત્રીસ ટકા હતો. જોકે, લિસ્ટિંગ પછીના મિશ્ર પ્રદર્શન અને સેકન્ડરી માર્કેટમાં અસ્થિરતા હોવા છતાં, આઇપીઓની સંખ્યામાં તેજી અવિરત ચાલુ રહી છે. આ કેલેન્ડર વર્ષમાં અત્યાર સુધી, લગભગ રૂ. ૧.૨ ટ્રિલિયન એકત્ર કરવામાં આવ્યા છે અને અંતિમ આંકડો ગયા વર્ષના રેકોર્ડ રૂ. ૧.૬ ટ્રિલિયનને વટાવી જવાની તૈયારીમાં છે.

તાજેતરમાં બજારમાં પ્રવેશેલા અને લિસ્ટેડ થઇ ચૂકેલા ટાટા કેપિટલ અને એલજી ઇલેક્ટ્રોનિક્સ ઇન્ડિયા જેવા ઇશ્યૂઓ પહેલાથી જ વધુ મોટી ઓફરો માટે ટોન સેટ કરી ચૂક્યા છે. આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ એએમસી, લેન્સકાર્ટ, ફોનપે, ફિઝિક્લવાલા, મીશો અને પાઈન લેબ્સ સહિત અનેક મોટા આઇપીઓ પાઇપલાઇનમાં છે.

બજારના નિષ્ણાતો જણાવે છે કે અગાઉ લિસ્ટેડ શેરો જેવી જ ગતિ હવે નવા લિસ્ટેડ શેરોમાં પણ જોવા મળે એવી શક્યતા છે. જોકે, લિસ્ટિંગ બાદ કેટલાક શેરોના નબળા પ્રદર્શનથી એકંદર સેન્ટિમેન્ટને વધુ નુકસાન થવાની શક્યતા નથી, કારણ કે સંસ્થાકીય રોકાણકારો વધુ સક્રિય બન્યા છે. રિટેલ સેન્ટિમેન્ટ પર અસર થાય છે, પરંતુ સંસ્થાકીય રોકાણકારો વધુ સમજદાર હોય છે અને ટૂંકા ગાળાના ઊથલપાથલથી ડરતા નથી.

આઇપીઓનો લગભગ પચાસ ટકા હિસ્સો વ્યક્તિગત રોકાણકારો માટે અનામત રાખવામાં આવે છે. નાના રોકાણકારો પરની આ નિર્ભરતા ઘટાડવા માટે ઇન્વેસ્ટમેન્ટ બેન્કરો બજાર નિયમનકાર, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા સાથે લોબિંગ કરી રહ્યા છે. આ વર્ષની શરૂઆતમાં સેબી દ્વારા આ વિચાર થોડા સમય માટે રજૂ કરવામાં આવ્યો હતો, પરંતુ રોકાણકારોના વિરોધના ડરને કારણે તેને પડતો મૂકવામાં આવ્યો હતો.

વધુ રિટેલ ભાગીદારીથી ઇન્ડિયા ઇન્કને વધુ નુકસાન થવાની સંભાવના નથી એવું બજારના વિશ્લેષકો માને છે. કંપનીઓ આગામી સમયમાં રૂપિયા ત્રણ ટ્રિલિયનથી વધુ મૂલ્યના આઇપીઓ લાવી રહી છે. જોકે, વિશ્લેષકો ચેતવણી આપે છે કે જેમ જેમ આઇપીઓ ચક્ર પરિપક્વ થાય છે, તેમ તેમ વધુ પડતી કિંમતનું જોખમ ઝડપથી વધી રહ્યું છે.

ગ્લોટિસ અને ઓમ ફ્રેઇટ ફોરવર્ડર્સ જેવી કેટલીક તાજેતરની લિસ્ટિંગમાં તેમના શેરના ભાવ ઇશ્યૂ ભાવથી ત્રીસ ટકાથી વધુ નીચે ગયા છે, જેનાથી રોકાણકારોનો વિશ્વાસ ડગમગી ગયો છે. ટાટા કેપિટલ અને વીવર્ક ઇન્ડિયા મેનેજમેન્ટ જેવી મોટી ઓફર પણ રોકાણકારોને નિરાશ કરી ગઈ છે.

એક ટોચના રિસર્ચ એનાલિસ્ટે એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે, તેજીના અંતિમ તબક્કામાં આવતા ઇશ્યૂ પર પૈસા ગુમાવવાની શક્યતા ખૂબ ઊંચી છે. પ્રારંભિક તબક્કામાં, રોકાણકારો મૂલ્યાંકનને ધ્યાનમાં લીધા વિના પૈસા કમાય છે. પરંતુ ટોચ પર, કિંમત આક્રમક બને છે, જેનાથી નફા માટે બહુ ઓછો અવકાશ રહે છે. ટૂંકમાં ગમે તે ભરણાંમાં બેધડક અરજી કરવાના અને લિસ્ટિંગ ગેઇન બુક કરવાના દિવસો પૂરા થઈ ગયા છે. ■

### નવા શૅરમાં તેજીની મોસમનો અંત નિકટ?

આ વર્ષે મેઇન બોર્ડના કુલ ૮૩ આઇપીઓમાંથી ત્રીજા ભાગથી વધુ કંપનીઓએ તેમના પ્રવેશ સાથે લગભગ ૩૫ ટકા સુધીની નુકસાની કરીને રોકાણકારોના પોર્ટફોલિયો લાલ રંગમાં રંગી નાખ્યા છે.

૨૦૨૪ની સરખામણીમાં લિસ્ટિંગ પછીના પ્રદર્શનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, અનુકૂળ બજાર પરિસ્થિતિ અને મજબૂત પ્રદર્શને નિયમનકારો, ઇન્વેસ્ટમેન્ટ બેન્કરો અને રોકાણકારો સહિતના તમામ હિસ્સોદારો સંતુષ્ટ રહ્યા હતા તે હવે ભૂતકાળની વાત છે.

ગયા વર્ષે ૯૧ મેઇનબોર્ડ લિસ્ટિંગમાંથી, ફક્ત ૧૮ ઇશ્યૂમાં પ્રથમ દિવસે નુકસાન થયું હતું, જે સામાન્ય રીતે ૨૦ ટકા સુધી મર્યાદિત હતું. એ સમયે સરેરાશ ભાવવધારો ત્રીસ ટકા હતો, જેમાં પાંચ કંપનીઓના શેર શરૂઆતના દિવસે બમણાથી વધુ વધ્યા હતા.

## આ તો સ્કેમ છે...

સ્કેમ છે..!

# બદનામી છતાં સંજય ગાંધી પહેલી મારુતિ કાર જોઈ ન શક્યા

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com





કટોકટી બાદની લોકસભાની ચૂંટણીમાં કૉંગ્રેસના સૂપડાં સાફ થઈ ગયા. આઝાદ ભારતમાં પક્ષે પહેલીવાર આટલો કરુણ રકાસ જોયો હતો. ઈંદિરા ગાંધીની આપખુદીનો વિરોધ કરવા થયેલા નેતાઓના શંભુમેળા સમાન જનતા પક્ષે સરકાર બનાવી. બાબુ જગજીવનરામ અને ચૌધરી ચરણસિંહની મહત્ત્વાકાંક્ષા પર ટાઢુંબોળ પાણી ફેરવીને મોરારજીભાઈ દેસાઈએ વડાપ્રધાન પદ સંભાળ્યું.

સ્વાભાવિક છે કે ખૂબ ગાજેલા મારુતિ કૌભાંડની તપાસ હાથ ધરાય જ. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ એ. સી. ગુપ્તાની અધ્યક્ષતા હેઠળના તપાસ પંચના અહેવાલો નિષ્કર્ષ જોઈએ. એક, મારુતિ કૌભાંડના કામકાજમાં સાર્વજનિક જીવનની પવિત્રતાને લૂણો લાગ્યો. બે, આમાં ભ્રષ્ટાચાર આચરાયો. ત્રણ, દેશની સલામતી સાથે ચેડાં થયા હતા.

૧૯૭૯માં ૧૦૧૭ના પાનામાં અન્ય ઘણાં મુદ્દાવાર આવરી લેવાયા હતા, જે નીચે મુજબ હતાઃ

* આ કેસમાં કાયદાને અભેરાઈ પર ચડાવી દેવાયા હતા. મારુતિને ફાયદો કરાવવા માટે આવું અનેકવાર થયું હતું.

* અનુચિત સહકાર ન આપનારા અમલદારો વિરુદ્ધ સી. બી. આઈ. અને 'મિસા' હેઠળ તપાસ યોજવાની ધમકી અપાતી હતી.

* ખુદ પી.એમ.ઓ. એટલે કે વડાં પ્રધાન કાર્યાલયે મારુતિમાં અયોગ્ય દિલચસ્પી દર્શાવી હતી.

* આ કેસમાં સંજય ગાંધી જોડાયેલા હોવાથી વડાં પ્રધાન ઈંદિરા ગાંધીએ સત્તાનો દુરુપયોગ કર્યો હતો.

* સંજય ગાંધીની મારુતિ કંપની માટેની બધી જરૂરિયાતો એક ફોન કરવાથી જ મળી જતી હતી.

* ૧૯૫૯થી ૧૯૬૮ સુધી ઉદ્યોગ પ્રધાન રહેલા ડૉ. સંજય રેડ્ડી અને કંપની બાબતોના પ્રધાન ફખરૂદ્દીન અલી અહમદ જનતા કાર બનાવવાની ફેકટરી સરકારી જમીન પર સ્થાપવાની તરફેણમાં હતા. આમ છતાં ૧૯૬૮ના ડિસેમ્બરમાં સંજય ગાંધીએ કાર બનાવવા માટે અનુમતી માગી તો સરકારી નીતિને શીર્ષાસન કરાવીને મંજૂરી આપી દેવાઈ હતી.

* ડગલે ને પગલે મારુતિ કંપની માટે મહત્ત્વના મુદ્દાની અવગણના થઈ, નિયમો તોડાયા, હરીફોને અન્યાય કરાયો, બનાવટી દસ્તાવેજો બનાવાયા અને એમાં સહકાર ન આપનારા અમલદારો પર દબાણ લવાયું હતું.

* સંજય ગાંધીની મારુતિ કંપનીને વરસે ૫૦ હજાર કારના ઉત્પાદન માટે ઔદ્યોગિક લાઇસન્સ આપવામાં પી.એમ.ઓ.માંથી પ્રયાસ થયા હતા.

* ગુડગાંવમાં જમીનની પ્રાપ્તિ, અન્ય સગવડો અને મંજૂરી માટે હરિયાણાના મુખ્ય પ્રધાન બંસીલાલે પોતે જહેમત ઉઠાવી હતી. આ સીએમ 'યુવા નેતા' સંજય ગાંધીના પ્રખર સમર્થક હતા.

* મારુતિ કંપનીને મંજૂરી આપવા પાછળની મુખ્ય શરતો એ હતી કે એ સંપૂર્ણપણે સ્વદેશી હશે અને લેશમાત્ર વિદેશી હૂંડિયામણ ખર્ચ્યા કે પરદેશી ટેક્નિકલ સહાય વગર બનાવાશે, પરંતુ આ બધાનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થયું હતું. કંપની માટે જર્મન ડિઝાઈનર વિલી મુલ્લરને રોકાયા હતા. આ મુલ્લર પોતાની સાથે બે જર્મન એન્જિન લાવ્યા હતા. જેમાંથી એકનો સ્વદેશી કારના નમૂનામાં ઉપયોગ કરાયો હતો.

* કારની પ્રોટોટાઈપ બની ગયા પછી મંજૂરી અગાઉ પરીક્ષણ થયા. વેહિકલ રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ (વી. આર. ડી. ઈ.) દ્વારા અહમદનગરમાં મારુતિના પ્રોટોટાઈપની ટેસ્ટ લેવાઈ, જેમાં એ નિષ્ફળ નીવડી હતી. આ પ્રોટોટાઈપના સ્ટિયરિંગ રોડ (સળિયા)માં તકલીફ- ત્રુટી હતી ને એ ખાડામાં પડી ગઈ હતી. સાથોસાથ નિશ્ચિત ૩૦ હજારને બદલે ૧૯,૩૭૬ કિલોમીટર જ ચાલી હતી. આમ છતાં પ્રોટોટાઈપને લીલી ઝંડી બતાવાઈ હતી.

આ કાર ખાડામાં પડી જવા માટે વી.આર.ડી.ઈ.એ પોતાના ટેસ્ટ ડ્રાઈવરની બેદરકારી અને અનુભવના અભાવ પર દોષનો ટોપલો ઢોળી દીધો હતો.

* એ સમયના ભારે ઉદ્યોગ ખાતાના પ્રધાન ટી.એ. પૈએ ટેસ્ટમાં મારુતિના પ્રોટોટાઈપની નિષ્ફળતા અંગે વડાં પ્રધાનનું ધ્યાન દોર્યું હતું. પણ ઇંદિરા ગાંધીએ એની અવગણના કરી હતી.

* મારુતિ કંપનીની પ્રોડક્શન યુનિટની સ્થાપના હવાઈ દળના સંકુલ પાસેના પ્રતિબંધિત વિસ્તારમાં થઈ હતી. આમાંથી બચવા માટે અમુક ઉપાયો સુચવતી ફાઈલ મારુતિએ સરકારને મોકલી હતી. ઇંદિરાજીએ ચાર મહિના ફાઈલ પોતાની પાસે રાખી મુકી અને પછી નોંધ લખી કે આ મામલો છ મહિના માટે પેન્ડિંગ રખાયો છે.

* કંપનીની મિનિટ બુકમાં ગોટાળા કરાયા હતા. એટલું જ નહિ, બનાવટી ઠરાવ અને કથિત બનાવટી બૅંક ક્લિયરન્સ અંગે ક્યારેય મીટિંગમાં ચર્ચા જ કરાઈ નહોતી.

* મારુતિ કંપનીનું કેપિટલ વધારવા માટે ઓટોમોબાઈલ રિસર્ચ પર એના શેર ખરીદવા માટે દબાણ કરાયું હતું. એવું ન કરનારને ધમકી અપાઈ હતી કે તમારી દુકાન તોડી પાડવામાં આવશે.

* મારુતિ ટેક્નિકલ સર્વિસીઝ અને મારુતિ હેવી વેહિકલ્સની સ્થાપના ખાનગી સાહસ તરીકે થઈ હતી અને એમાં એ સમયે વિદેશી નાગરીકત્વ ધરાવતા સોનીયા ગાંધીને ડિરેક્ટર બનાવાવામાં આવ્યા હતા.

* મારુતિ કંપની માટે અમુક મંજૂરી માગતા અરજીપત્ર પર તારીખ લખાયેલી નહોતી, કેટલાકમાં વ્યવસ્થિત હસ્તાક્ષર નહોતા. ક્યાંક તો સહી તરીકે માત્ર પેનથી લીટો કે માર્ક કરાયા હતા.

* આ સિવાયની ઘણી બાબતો તપાસ પંચના અહેવાલમાં નોંધાઈ હતી. આ અહેવાલ ૧૯૮૦ની ચૂંટણીમાં મહત્ત્વનો મુદ્દો બન્યો હતો. પરંતુ જનમતે ટાંટિયાખેંચ પક્ષોના જૂથને જાકારો આપ્યો અને ફરી ઇંદિરા ગાંધી સત્તા પર આવ્યાં અને સંજય ગાંધી પણ અમેઠીમાંથી લોકસભાની બેઠક જીતી ગયા.

વિમાન અકસ્માતમાં સંજય ગાંધી અકાળે અવસાન પામ્યા ત્યાં સુધી એમનાં સ્વપ્ના અને ક્રાંતિ સમાન મારુતિની એક પણ કારનું ઉત્પાદન થયું નહોતું. ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

# પાકિસ્તાનના ટુકડા કરાવીને જ જંપશે અસીમ મુનીર...



અસીમ મુનીર



ટ્રમ્પ

૨૦૨૫ના વર્ષથી લોકો એવા કંટાળી ગયા છે કે તેનો અંત ઝડપથી થાય એની ભગવાનને પ્રાર્થના કરી રહ્યા છે. જોકે તેમને ખબર નથી કે જિયો પોલિટિકલ પરિસ્થિતિ એવી સર્જાઈ છે કે ૨૦૨૬નું વર્ષ ૨૦૨૫ને પણ સારું કહેવડાશે. રશિયા- યુક્રેન યુદ્ધ બંધ થવાને બદલે વધુ ભીષણ બનતું જાય છે અને યુક્રેન નામશેષ થવાની આરે છે. અલાસ્કામાં ટ્રમ્પ સમાધાન કરવામાં વિફળ ગયા. એ હંગેરીના બુડાપેસ્ટમાં પુતિનને મળવાના હતા, પરંતુ સલાહકારોએ તેમને સમજાવતાં તેમણે આ મીટિંગ રદ કરી છે અને રશિયાની તેલની બે મોટી કંપની સામે આકરા પ્રતિબંધો મૂક્યા છે. ટ્રમ્પ દાવો કરતા હતા કે હું એક દિવસમાં રશિયા અને યુક્રેન યુદ્ધ અટકાવી દઈશ, પરંતુ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન તેમને દાદ આપતા નથી અને યુક્રેનને નકશામાંથી ખતમ કરવા માટે ટાઈમ બાઈંગ ટેકટિસ અપનાવી રહ્યા છે. ટ્રમ્પે તો રશિયા પર દબાણ લાવવાને બદલે ઝેલેન્સ્કીને ફરી ગાળો આપી અપમાનિત કર્યા હતા. ટ્રમ્પે તો યુક્રેનને કહી દીધું કે યુક્રેન તાબડતોબ યુદ્ધ અટકાવી દે અને રશિયાએ જે પ્રદેશ કબજામાં લીધા એને એ ભૂલી જાય. ટ્રમ્પે યુક્રેનને લાંબા અંતરની મિસાઈલ આપવાની ચોખ્ખી ના પાડી છે.

ટ્રમ્પે નોબેલ પ્રાઈઝની જાહેરાત થાય એ પહેલાં ગાઝા પટ્ટીમાં હમાસ અને ઈઝરાયલ વચ્ચે ઉતાવળમાં સીઝફાયર કરાવ્યું, પણ આજે આ પીસ ડીલ કાગળ પર રહી છે અને આ કોલમમાં લખ્યું હતું તેમ ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ તેમના અસલ રંગ બતાવ્યા વિના રહેશે નહીં. બીબી બાન છૂટી જાય એની રાહ જોતા હતા. એક વાર બાન છૂટી ગયા કે નેતન્યાહુએ સેબોટેજ કરવાની કોશિશ ચાલુ કરી દીધી. કતાર અને તુર્કીની મધ્યસ્થીથી અફઘાનિસ્તાન અને પાકિસ્તાન તત્કાળ યુદ્ધવિરામ કરવા સંમત થયા છે. સારું છે કે ટ્રમ્પની મધ્યસ્થીની જરૂર પડી નહીં. ટ્રમ્પે તો આમાં દરમિયાનગીરી કરવાની તૈયારી કરી દીધી હતી. ટ્રમ્પે દાવો કર્યો હતો કે મારે માટે પાકિસ્તાન અને અફઘાનિસ્તાન યુદ્ધ અટકાવવાનું સૌથી આસાન છે. આ દાવામાં વજૂદ છે. જે રીતે પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ અને લશ્કરના વડા અસીમ મુનિર જે રીતે ટ્રમ્પની ચાપલૂસી કરે છે એ જોતા ટ્રમ્પનો આદેશ થાય તો પાકિસ્તાન યુદ્ધ એક સેકન્ડ પણ લંબાવે નહીં.

ઘણાને એ જાણીને આશ્ચર્ય થશે કે અફઘાન તાલિબાન તો વર્ષોથી આતંકવાદી હુમલા કરે છે, પરંતુ પાકિસ્તાને કદી અફઘાન પર હુમલો કર્યો નહીં તો આ વખતે કેમ હુમલો કર્યો?

ટ્રમ્પે સપ્ટેમ્બર ૨૦૨૫માં બગરામ એરબેસને પાછો મેળવવાની માગ કરી, કારણ કે તે ચીનના પરમાણુ કેન્દ્રોથી માત્ર ૧ કલાક દૂર છે. તાલિબાને આ માગણી સંપૂર્ણ રીતે નકારી. અફઘાન કહે છે કે 'અફઘાન માટીની એક ઇંચ પણ આપવી શક્ય નથી'. જોકે તાલિબાન અને અમેરિકા વચ્ચેના દોહા કરારના આધારે અમેરિકા આંતરિક હસ્તક્ષેપ ન કરી શકે. આથી ટ્રમ્પે પાકિસ્તાનને અફઘાન પર હુમલા કરવાનો આદેશ આપ્યો હતો! જોકે અફઘાનિસ્તાનના વળતા હુમલાએ પાકિસ્તાનની શાન ઠેકાણે લાવી. એ અફઘાન સાથેની હિંસક અથડામણ માટે ભારતને જવાબદાર ગણાવે છે. પાકિસ્તાન કહે છે કે અફઘાનિસ્તાન એ ભારતનું પ્રોક્સી છે. મુનીરે તો ધમકી આપી છે કે ભારત તરફથી નાની ઉશ્કેરણી થશે તો જોરદાર જવાબ અપાશે. પાકિસ્તાન બે મોરચે લડવા તૈયાર છે. પાકિસ્તાન વારંવાર જરૂર પડે તો અણુ હથિયારો વાપરવાની ધમકી આપે છે. ભારતના રાજનાથ સિંહ પાકિસ્તાનને જવાબ આપતા કહે છે કે પાકિસ્તાનની એક ઈંચ જમીન પણ ભારતના બ્રહ્મોસ મિસાઈલના રેન્જથી દૂર નથી. એમ એમણે ચીમકી આપી છે કે 'અમે પાકિસ્તાનને જન્મ આપી શકીએ તો તેને ખતમ પણ કરી શકીએ છીએ...!'

પાકિસ્તાન એ સમજતું નથી કે ટ્રમ્પને નોબલ પ્રાઈઝની દરખાસ્ત માટે મુનીર અને શરીફની જરૂર હતી. ટ્રમ્પ ભારત પર ટૅરિફ ડીલ કરવા દબાણ લાવવા પાકિસ્તાનને નિકટ લાવી રહ્યા છે. જે દિવસે ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ થઈ જશે તો ટ્રમ્પ પાકિસ્તાનને તડકે મૂકી દેશે.

હકીકત એ છે કે અમેરિકા બડગામ હવાઈ મથકમાં અનેક હથિયારો ભૂલી ગયું છે અને આ હથિયારો ચીન, ભારત કે અફઘાનના હાથમાં ન જાય એમ તે ઈચ્છે છે. આ મથક તેણે બનાવ્યું નથી. રશિયાએ અફઘાન પરના આક્રમણ દરમિયાન તેને ઊભું કર્યું હતું.

આ તરફ, પાકિસ્તાનના મુનિર તો ભારત અફઘાનની નિકટતા જોઈને સ્તબ્ધ થઈ ગયા છે. બલુચિસ્તાનમાં પણ પાકિસ્તાન આર્મી પર હુમલા ચાલુ છે. પાકિસ્તાન અંકુશ હેઠળના કાશ્મીરમાં લોકો પાકિસ્તાનનો વિરોધ કરી રહ્યા છે.

અહીં એ પણ વાતની નોંધ લેવાની જરૂર છે કે ટ્રમ્પે ભારત પર ૫૦ ટકા અને ચીન પર ૧૦૦ ટકા ટૅરિફ લગાડ્યા છે. જોકે ચીન લગીરે મચક આપે એમ નથી. આથી ટ્રમ્પે એવી કબૂલાત કરી છે કે તેના ૧૦૦ ટકા ટૅરિફ વ્યવહારુ નથી. ચીનની સેમી કંડકટર અને રેર મિનરલ્સમાં એટલી ઇજારાશાહી છે કે અમેરિકાને જખ મારીને ચીન સામે ઝૂકવું જ પડશે. ચીન પરના ટૅરિફની જાહેરાત બાદ અમેરિકામાં બજાર ધડામ કરીને નીચે પટકાયા છે. ટ્રમ્પ હવે ચીનના પ્રમુખ સાથે બેઠક કરીને વચલો માર્ગ શોધી રહ્યા છે.

ભારતે અફઘાનિસ્તાનમાં ૩ અબજથી વધુના પ્રોજેક્ટ્સ (રસ્તા, હોસ્પિટલ, ડેમ) કર્યા છે અને તાલિબાન વિદેશપ્રધાન અમીર ખાન મુત્તકીને આમંત્રિત કરીને કાબુલમાં રાજદૂતાવાસ ફરીથી ખોલ્યો. આ પગલું તાલિબાનને માન્યતા તરફ વધારો છે અને માનવીય સહાય આપે છેઃ પાકિસ્તાનના રક્ષા મંત્રી ખ્વાજા આસિફે આરોપ લગાવ્યો કે તાલિબાન 'દિલ્હીની પ્રોક્સી' તરીકે લડી રહ્યો છે તો ભારતે આને 'પાકિસ્તાનની જૂની આદત' કહી છે. ભારત કહે છે કે અમે અફઘાન સ્વાતંત્ર્યના સમર્થક છીએ. વાસ્તવમાં, ભારત પાકિસ્તાની પ્રભાવને રોકવા માટે તાલિબાન સાથે વ્યૂહાત્મક સંબંધ વધારે છે...

પાકિસ્તાન અમેરિકાની વધુ નજીક જઈને ચીન અને ઈરાન સાથેનું અંતર વધારી રહ્યું છે. પાકિસ્તાનમાં પંજાબીનું પ્રભુત્વ છે. આથી બીજા પ્રાંતમાં ભારે નારાજગી છે. પાકિસ્તાને અફઘાનના ત્રણ ક્રિકેટરો સહિત અનેક નિર્દોષ લોકોને હવાઈ હુમલા કરીને મારી નાખ્યા છે. પાકિસ્તાન મુસ્લિમ દેશ હોવા છતાં બીજા મુસ્લિમ દેશ પર હુમલો કરીને તેનું નામ ખરાબ કર્યું છે. અમેરિકાનો ટેકો હોવા છતાં તેની ૧૯૭૧ના યુદ્ધમાં ખરાબ હાલત થઈ હતી. અફઘાનોએ પાકિસ્તાનના જવાનોની જે રીતે બેઈજ્જતી કરી છે એ જોતાં મુનિર વધુ દાદાગીરી કરવા જશે તો લશ્કરી શાસન પણ નહીં સ્થાપી શકે અને પાકિસ્તાનના ટુકડા કરાવશે. ■

સિક્કાની ત્રીજી બાજુ
__જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# જોયા વગર હજાર વસ્તુ એ જ ક્રમમાં યાદ રાખવાની વિસ્મયજનક કળાઃ અવધાનમ

**ઓનલાઈન અને સ્માર્ટ ફોનની એપ્સને કારણે હવે માણસની સ્મરણશક્તિ ઘટવા લાગી છે ત્યારે બંધ આંખ સામે કોઈ ચીજ રાખવામાં આવે કે કોઈ ધ્વનિ સંભળાવવામાં આવે, કોઈ શબ્દ બોલવામાં આવે તો તે યાદ રહે? અને તેમાંય પાછું હજાર વ્યક્તિઓ દ્વારા આવી હજાર વાત બોલાય- સંભળાવાય તો તેને તે જ ક્રમમાં યાદ રાખવું તો અશક્ય જ લાગે, પરંતુ અવધાન વિદ્યા સિદ્ધ કરનારા માટે આ અશક્ય નથી.!**

હવે મને યાદ નથી રહેતું

આવું વાક્ય ઘણાના મુખેથી આપણને અવારનવાર સાંભળવા મળે છે. અને આવું કહેનારા પાછાં ૭૦-૮૦ વયના વૃદ્ધ નથી હોતા. નિષ્ણાતો કહે છે કે સ્માર્ટ ફોન આવ્યા પછી આપણી સ્મરણશક્તિ ઘટવા લાગી છે. મોબાઇલના આવ્યા પહેલાં આપણને આપણા ત્વરિત સંપર્ક કરવા પડે તેવા લોકોના ફોન ક્રમાંકો યાદ રહેતા હતા, હવે રહે છે? એટલું જ નહીં, સ્માર્ટ ફોન આવ્યા પછી અલગ-અલગ ઍપથી આપણી સુવિધા વધવા લાગી. ઉદાહરણ તરીકે : કામ/બેઠક/મુલાકાત વગેરેનું સ્મરણ કરાવતી ઍપ. હવે જો રિમાઇન્ડર મૂકવાનું ભૂલાઈ જાય તો ઑફિસની મીટિંગ ચૂકી જવાય. કોઈનો જન્મદિવસ છે તો ઍપમાં ડેટા નાખી દો. ફેસબુક તો પ્રતિ દિન સવારે આપણા સંપર્કમાં જે લોકો છે તેમના જન્મદિવસ સ્મરણ અપાવે જ છે. આપણે ચાલવા જવાનું છે તે પણ ઍપ યાદ અપાવે છે અને કેટલું ચાલ્યા તે પગલાં પણ ઍપ ગણી આપે છે.

બીજા શબ્દોમાં કહીએ તો જેમ-જેમ આપણી નિર્ભરતા ગેઝેટ પર વધવા લાગી છે તેમ તેમ આપણા શરીરની વ્યાધિઓ વધવા માંડી, જેમ કે ડોક-ખભાનો દુખાવો - અનિદ્રા કે પછી એક જ જગ્યાએ બેસી કે સૂઈ રહેવાની સમસ્યા, એકલતા, ચીડચીડિયાપણું, ડિપ્રેશન, ઈત્યાદિ...

'સ્વિસ ટ્રોપિકલ ઍન્ડ પબ્લિક હેલ્થ ઇન્સ્ટિટ્યૂટ'નો એક અભ્યાસ કહે છે કે મોબાઇલ ફોનમાંથી નીકળતાં વિકિરણોનો પ્રભાવ તરુણોની સ્મરણશક્તિ પર પડે છે.આવા સમયમાં કોઈ એમ કહે કે મને એક પછી એક એવી સો વસ્તુ યાદ રહી જાય છે તો?!

તમે કહેશો કે એમ તો ૫૨ પાનાંની એક ડેક એવી કુલ ૫૯ ડેકના યાદેચ્છિક એટલે કે ગમે તે ક્રમમાં પાનાં એક વાર જોઈને જ યાદ રાખવાની કળા ડેવ ફેરો નામના ભાઈને છે અને તે માટે તેમનું નામ બે એપ્રિલ ૨૦૦૭માં નોંધાયું હતું...

હવે કોઈ વ્યક્તિ એમ કહે કે, ચાલો, હું એક જાદુ દેખાડું. હું આંખ બંધ કરી બેસી જઈશ. હજાર લોકો મારી સામે એક પછી એક આવી તમારા મનમાં આવે તે એક શબ્દ બોલે, અથવા કોઈ વસ્તુ દેખાડે અથવા કોઈ ધ્વનિ સંભળાવે, હું તમને તે ક્રમવાર કહી દઈશ તો?

આવો ચમત્કાર અલ્પ વયના એક જૈન મુનિએ કરી દેખાડ્યો છે. આ મુનિનું નામ છે અજિતચંદ્ર સાગર મહારાજ. ઉત્તર ગુજરાતના ઉંઝાના નિવાસી છે. તેમની વય કેવળ ૩૪ વર્ષ જ છે. એક વર્ષ પહેલાં પહેલી મેએ મુંબઈના વરલીમાં તેમના ગુરુ નયનચંદ્રસાગર મહારાજના સાનિધ્યમાં તેમણે એક પછી એક હજાર લોકોએ દેખાડેલી, બોલેલી અથવા સંભળાવેલી ચીજોનાં નામ, ધ્વનિનો સ્રોત અથવા શબ્દો કહી બતાવ્યા હતા.!

આજે ઘણી વાર કેટલાક લોકો ઓછું ભણેલાનો ઉપહાસ કરે છે, પરંતુ અજિતચંદ્રસાગર મહારાજને જુઓ તો આ



અજિતચંદ્ર સાગરજી મહારાજ

માન્યતા ભાંગીને ભુક્કો થઈ જાય. એ માત્ર પાંચ જ ધોરણ સુધી ભણ્યા છે. અને એ એવી વિદ્યા ભણ્યા છે જે આજની કહેવાતી સ્માર્ટ અથવા હાઇ ફાઇ સ્કૂલોમાં પણ ભણાવાતી નથી. હા, આ વિદ્યા પહેલાં આપણા દરેક ગુરુકુળમાં ભણાવાતી હતી, પરંતુ હવે તે વિદ્યા જૈન પંથમાં જ બચી છે. આ વિદ્યાનું નામ છે અવધાન વિદ્યા.

આ વિદ્યા સિદ્ધ કરેલી કોઈ પણ વ્યક્તિ પુસ્તકનાં પાનાં ફેરવે તો તેને તેમાં રહેલી વાતો યાદ રહી જાય છે. દિવસમાં હજારો લોકોને મળે તો તેને તે વ્યક્તિ સાથે શું વાત કરી હતી તે યાદ રહી જાય છે. ટૂંકમાં, તે એવી એકાગ્ર વ્યક્તિ હોય છે કે તેની સ્મરણશક્તિ હાથી જેવી જ તીવ્ર હોય છે, પણ એના માટે હાથી જેવો સ્વભાવ કેળવવો પડે.

હાથી ચાલ્યો જતો હોય અને કૂતરાં ભસે તો તે તેની પરવા નથી કરતો. તે તેમની સાથે ઝઘડવા નથી બેસતો. તે તેની મદમસ્ત ચાલે જ ચાલે છે. વળી, તેનામાં કૂતરા જેવી અધીરાઈ પણ નથી હોતી કે ભાગીને ક્યાંક પહોંચી જઈએ એટલે ધીરજ પણ કેળવવી પડે. આવો સ્વભાવ કેળવીએ અને એક જગ્યાએ બેસીને તપ કરીએ તો અવધાન વિદ્યા પ્રાપ્ત થાય છે.

મુનિ અજિતચંદ્ર સાગરજી મહારાજે આ હજાર ચીજો આંખ બંધ કરીને યાદ કરી લેવાનો સહસ્રાવધાની કાર્યક્રમ કર્યો ત્યારે એ ઓછામાં ઓછું છ કલાક સુધી કંઈ પણ ખાધાપીધા વગર એક જ જગ્યાએ પોતાના આસન પર ધ્યાનમગ્ન હતા.

અત્યારે કોઈ વ્યક્તિ એક જ સ્થાન પર એક કલાક પણ બેસવાની શક્તિ કે ધીરજ ધરાવે છે ખરી? આ દરમિયાન ઉપસ્થિત દર્શકોએ વચ્ચે ચાપાણી-અલ્પાહાર પણ કર્યા હતા, પરંતુ મુનિ તો ધ્યાનમાં જ હતા.

અવધાન માત્ર સ્મૃતિની વિદ્યા જ નથી. સર્જનાત્મક અવધાની પણ હોય છે. તમે તેમને ચાર કોઈ પણ શબ્દ આપો અને તે થોડી જ વારમાં તેના પરથી શ્લોક કે ગીત બનાવી નાખશે. ઘંટડીના નાદ દ્વારા ગુપ્ત સંદેશો પસાર કરવાની કળાને 'ઘંટાવધાની' કહે છે. તેના પરથી જ ટેલિગ્રામ આવ્યું હશે કે નહીં તે તો ખબર નથી, પણ અંગ્રેજોના સમયથી લઈને થોડા સમય પહેલાં સુધી તે ચાલતું હતું. તમે કોઈ સંદેશ લખીને જાવ તો ટપાલ ખાતાના લોકો તેને એક લાકડાની ચીજથી 'ટક-ટક' કરે અને તે ઇલેક્ટ્રિક રીતે બીજા શહેરમાં ટપાલ ખાતામાં બેસેલી વ્યક્તિ સુધી જાય અને તે તેને ઉકેલે. અને તેને શબ્દોમાં લખી નાખતા.

આ રીતે 'નેત્રાવધાની' પણ હોય છે. આ વિદ્યા જાણનારી વ્યક્તિ આંખની હિલચાલ દ્વારા તમારા સંદેશને પસાર કરી દઈ શકે છે. જાસૂસોને આવી વિદ્યા બહુ કામમાં આવે.

જૈન મુનિ નયનચંદ્રસાગર મહારાજ અને અજિતચંદ્ર સાગર મહારાજ જેવા મુનિઓ ઉપરાંત હરિયાણાના સોનિપત ખાતે 'ઋષિહૂડ યુનિવર્સિટીના સેન્ટર ફોર હ્યુમન સાયન્સ'ના નિયામક ડો. સંપદાનંદ મિશ્ર જેવા વિદ્વાન પણ આ વિદ્યાને જીવંત રાખવા પ્રયત્નશીલ છે. ■

શરદ જોશી સ્પીકિંગ ___સંજય છેલ
feedback@bombaysamachar.com

# મોડા ઉઠો... મહાસુખ માણો!



આ એ વખતની વાત છે, જ્યારે હું લગભગ પાંચમા ધોરણમાં ભણતો હતો. મેં મારા પપ્પાને એક સવાલ પૂછ્યો કે 'પરોઢિયું અને વહેલી સવારમાં શું તફાવત છે?'

આમ તો આ એક એકદમ સીધોસાદો સવાલ હતો, જે રોજ સવારે સાડા આઠ વાગ્યે ઊંઘીને ઊઠવાવાળું બાળક એના વડીલોને પૂછે છે.

આપણાં પાઠ્યપુસ્તકોમાં અઘરા શબ્દો હોય છે, જેના અર્થ જાણવા ભવિષ્યની પરીક્ષાઓ અને ભવિષ્યના જીવનને માટે જરૂરી હોય છે, પણ એ સીધાસાદા સવાલના જવાબમાં પપ્પા મને જે વઢ્યા છે એને ટૂંકમાં કહીએ તો, સવારે નવ-નવ વાગ્યા સુધી પથારીમાં સૂઈ રહો છો અને પછી અમને પૂછો છો કે, પરોઢિયું અને વહેલી સવારમાં શું તફાવત છે?

મોટાઓ વઢે ત્યારે માથું નીચું કરીને સાંભળવાની આપણી વંશ પરંપરાગત આજ્ઞાનું પાલન કરતાં કરતાં હું વિચારી રહ્યો હતો કે જો એક એક શબ્દનો અર્થ અને ભાવાર્થ સમજવા માટે આપણે જો આ રીતે પીડાઓનો મુકાબલો કરવાનું ચાલુ રાખીએ તો જીવનના અંત સુધીમાં આપણે પોતે જ એક જીવતો જાગતો શબ્દકોશ કે ડિક્શનેરી બની જઈશું!

વહેલા સૂઈને ઊઠવું દુઃખદાયક તો છે જ, પરંતુ એનાથી મોટી સમસ્યા એ છે કે આ એક લઘુતા-ગ્રંથિ (ઈન્ફિરિયોરીટી કોમ્પ્લેક્સ) પેદા કરે છે. આ દેશમાં જે માણસ વહેલો સૂઈને ઊઠે છે, એ પોતાની જાતને નૈતિક રીતે બીજા બધાથી વધારે બળવાન ગણે છે. હું ધીમે-ધીમે એમ માનવા લાગ્યો કે જે સવારે ચાર વાગ્યે ઊંઘીને ઊઠે છે, એ કોઇ દેવદૂત છે. હું એના આત્મગૌરવની સામે તરત જ નતમસ્તક થઈ જાઉં છું. જે પણ સવારે પાંચ વાગ્યે ઊંઘીને ઊઠે છે, એ સરળતાથી કહી શકે છે કે હું ચાર વાગ્યે ઊંઘીને ઊઠ્યો છું કારણ કે જેમને એ આ વાત કહે છે, એ બધા સવારે આઠ વાગ્યે ઊંઘીને ઊઠવાવાળા હોય છે. જેમ મારા એક માસી, જેમના પાસે ક્યારેય ઘડિયાળ નહોતી, તો પણ એ હંમેશાં કહેતાં, હું સવારે ચાર વાગ્યે ઊઠું છું!

ઋષિ-મુનિઓ માટે એક વાત પ્રખ્યાત છે કે એ લોકો પરોઢિયે જાગી જતા. એમાં પણ જે સંયમી હોય છે, એ લોકો તો આખી રાત જાગે છે. તમે ડોક્યુમેન્ટરી ફિલ્મોમાં જોયું જ હશે કે જ્યારે વાંસળીના સંગીત સાથે સૂર્યોદય બતાવવામાં આવે છે, એના પછી તરત બીજા સીનમાં કોઇ દાઢીવાળા સંત નદીમાં સ્નાન કરતા દેખાય છે, પછી પક્ષીઓ કિલકિલાટ કરતા જોવા મળે છે, પછી ખેડૂત હળ ને બળદ લઈને નિકળે છે. આ એક સદીઓથી નક્કી કરેલી ફિલ્મ સિકવન્સ છે, જેનાથી ભારતીય સંસ્કૃતિની ઓળખ થાય છે.

ચાલો, એ વહેલા ઊઠવાવાળા દિવસો પૂરા થઈ ગયા! હવે અમે મોડે સુધી સૂવાવાળી એ સ્થિતિમાં આવી ગયા છીએ કે વહેલા ઊઠવાવાળાઓને લઘુતા-ગ્રંથિ આપવાની સાથે સાથે, એમને ડરાવી પણ શકીએ છે. કેટલાક વૈજ્ઞાનિકો એવા મહાન પરિણામ પર પહોંચ્યા છે કે પૂરતી ઊંઘ લીધા વગર ઊઠવાથી હાર્ટ એટેકની સંભાવનાઓ વધી જાય છે. પૂરતી ઊંઘ ન લેવાથી લોહીમાં ક્લોટિંગ થાય છે.

મોટા ભાગના હાર્ટ એટેક સવારે છથી અગિયાર વાગ્યાની વચ્ચે થાય છે એટલે જિંદગીભર જે આદત માટે હું ઠપકો સાંભળતો રહ્યો, એ મારા હૃદયની મજબૂતીનું કારણ સાબિત થયું. હું તો કહું છું તમે પણ મોડે સુધી સૂઈ રહો! પછી ભલે ને તમે આ કોલમ પણ મોડેથી વાંચો પરંતુ તમારી તબિયત સારી રાખો! પરોઢિયું, વહેલી સવાર આ બધો સમય પસાર થઈ જાય પછી જ ઊઠવાના કારણે હું તો દીર્ઘાયુ રહીશ જ! તમે પણ દીર્ઘાયુ રહો... વડીલોએ વિજ્ઞાન ભણ્યા વગર કહ્યું હતું, આરામ એ મોટી વાત છે તો રજાઇમાં મોં ઢાંકીને સૂઈ જાવ! આમ પણ સવારે ઊઠવું એ દિવસની સારી શરૂઆત નહીં જ હોય.

ઊઠવાનું જ દુઃખદાયક હોય તો આખો દિવસ એ દુઃખ શું કામ સહન કરવાનું? ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# નવા વર્ષમાં શીખવા જેવું લેશનઃ આર્ટ ઓફ વોર

જે રીતે દેશ- દુનિયા અને સામાજિક કોર્પોરેટ જગતમાં ઝડપભેર બદલાવ થઇ રહ્યા છે એ જોતા એક પુસ્તકનો નિયમિત અભ્યાસ થવો જોઈએ. અઢી હજાર વર્ષ પહેલાં એક પ્રખર ચીન યોદ્ધા સુન ત્ઝુ દ્વારા આલેખાયેલા 'આર્ટ ઓફ વોર' નામનું એક નાનકડું પુસ્તક વાંચવા જેવું છે. એના પ્રથમ પ્રકરણમાં જ અસ્તિત્વના જંગમાં કેવું આયોજન હોવું જોઈએ એ વાતે સન ત્ઝુ કહે છે કે યુદ્ધ જીતવા માટે પાંચ મુખ્ય તત્ત્વનું વિશ્લેષણ કરવું જરૂરી છે : મોરલ લો, હેવન, અર્થ, કમાન્ડર એન્ડ મેથડ એન્ડ ડિસિપ્લિન...

આખા પુસ્તકનો પહેલો નિયમ જ નૈતિકતાથી શરૂ થાય છે. નેતા જાહેરજીવનમાં એટલો નીતિવાન હોવો જોઈએ કે પ્રજા એના પર ભરોસો મૂકે સરદાર પટેલની એક હાકલ પર રજવાડા રાજ છોડી દે એ નૈતિકતા હોય કે પછી ધીરુભાઈ પર ભરોસો મૂકતો શેર હોલ્ડર હોય કે પછી મારી - તમારી નોકરી ધંધા અને પરિવારના નેતાની લીડરશિપ પર મૂકતો ભરોસો જીત હંમેશાં ભરોસાની જ થશે. તમારા સાથીઓને ભરોસો નહીં હોય તો એ જંગ જીતવી મુશ્કેલ છે.


હેવન એટલે એવાં પરિબળ. જે તમારા હાથમાં નથી. પછી એ વાવાઝોડું હોય કે દુનિયાના માર્કેટમાં થતી અફડાતફડી આ પરિબળોની ગણતરી કરતાં રહેવી અને ફાયદો લઇ શકાય એવી સ્ટ્રેટેજી બનાવવી.

મટિરિયલ સપ્લાય કરતી વખતે આપણે કહીએ કે 'શું થાય ખૂબ વરસાદ હતો...' તો એ ભૂલ આપણી છે. કોર્પોરેટ જગતમાં ભૂલની માફી માટે એક જ નિયમ છે, બહાર નીકળો એટલે જ સન ત્ઝૂ કહે છે, દરેક યુદ્ધ લડાઈ પહેલાં જ જીતાઈ કે હરાઈ જતું હોય છે.

ત્રીજું પરિબળ એટલે ધરતી... તમારી પાસે સંસાધનો કેટલાં છે, બજારમાં ટકવા તમે કેટલા સક્ષમ છો ફરીથી તમારી ધરતી મીન્સ કોર્પોરેટ જગત બહુ ક્રૂર હોય છે, તેના પર પગ મૂકતા પહેલા વિચારજો. ફક્ત સોશ્યલ મીડિયા કે અધૂરી માહિતીઓના આધારે માહોલ નક્કી કરવો નહીં.

ચોથી વાત કમાન્ડરની છે. કમાન્ડર એ લીડરની ક્ષમતાઓ માટે છે. સન ત્ઝૂ કહે છે કે લીડરમાં પાંચ ગુણ હોવા જોઈએઃ બુદ્ધિ, વિશ્વાસપાત્રતા, માનવતા, જોખમ લેવાની હિંમત અને ડિસિપ્લીન. તમારી પાસે આ બધું છે તો પછી ટકી રહેવા માટે તમે કેવી મેથડનો ઉપયોગ કરશો એ અંતિમ ક્વોલિટીની વાત છે.

કોર્પોરેટ જગત માટે પહેલા જ પ્રકરણમાં શાનદાર વાત કરી છે : જો તમે આક્રમક છો તો લડાઈને જેમ બને તેમ ઝડપભેર જીતવાનો પ્રયાસ કરો અને તમે સંરક્ષક છો તો સામાને થકવી નાખે એટલી લડાઈને લંબાવો હરીફ આપોઆપ ભાગી જશે.




કોર્પોરેટ જગતમાં ઝડપી માર્કેટ કબ્જે કરવું, ધીમે ધીમે તાકાત વધારવા જશો તો દશ હરીફો પેદા થશે. સુન ત્ઝુ કહે છેઃ 'દુશ્મનના દેશને અખંડિત કબજે કરવું શ્રેષ્ઠ છે. તેને તોડી નાખવું નહીં.' અને હા, લડાઈ વગર દુશ્મનને ભ્રમમાં નાખીને જીતતા શીખવું એ સૌથી મોટી કળા છે હરીફના સપ્લાય જેવા માર્કેટ પર કબ્જો જમાવવો. સરવાળે જીતને તમારું મુખ્ય લક્ષ્ય બનાવો, લાંબા થકવી નાખે તેવા અભિયાનને નહીં એટલે જ કહે છે કે, જગતના બધા યુદ્ધ છેતરપિંડી પર આધારિત છે અને દુશ્મનને ભ્રમમાં રાખવા જોઈએ , જેમ કે તમે નબળા હો ત્યારે મજબૂત દેખાવો અને મજબૂત હો ત્યારે નબળા...

કોર્પોરેટ જગતમાં તમારી તાકાત તમારા હરીફ કરતાં દસ ગણી હોય તો માર્કેટનો મોટો હિસ્સો ખૂંચવી લો, પાંચ ગણી હોય તો જબરજસ્ત હરીફાઈ આપો, પરંતુ જો સમાન હો તો ટક્કર આપો અને તમે હરીફ કરતાં નબળા હો ને તો લડવા જશો તો જે છે એ પણ ગુમાવશો! માટે સન ત્ઝૂ કહે છેઃ પાણીની જેમ બનો, પરિસ્થિતિ અનુસાર માર્ગ બદલતા રહેવું. અર્થાત્ તમે લડત હારવાના હો તો ફટાફટ માર્ગ બદલી નાખો.

પરિસ્થિતિ જોઈને કોઈપણ પ્રકારનું અભિમાન રાખ્યા વગર સતત બદલાવની તૈયારી રાખો તો જ ટકી શકાય.

સન ત્ઝૂ નવ પ્રકારની વિષમ પરિસ્થિતિઓનું વર્ણન કરે છે : (૧) પોતાની માર્કેટની તૈયાર ભૂમિ પર લડવું, (૨) સ્ટેબલ માર્કેટ પરની લડાઈ (૩) હરીફાઈથી ભરપૂર માર્કેટની ભૂમિ પર જંગ, જ્યાંથી તમે શેર છીનવી લેવા માગો છો (૪) કોઈ પડદા પાછળ છુપાયા વગર માર્કેટ શેર માટે ખુલ્લમખુલ્લા લડી લેવું (૫) વિવિધ માર્ગ ભેગા થતા હો એવા કન્ફયુઝડ માર્કેટમાં શેર મેળવવા લડવું (૬) તમે ધારો છો એના કરતા અતિશય મજબૂત હરીફાઈની માર્કેટમાં ટકવાની લડાઈ (૭) ક્રૂર કોર્પોરેટ જગતની મુશ્કેલ ભૂમિ (૮) જ્યાં તમે ફસાયેલા છો એ દુનિયામાંથી બહાર નીકળવાની લડાઈ અને અંતિમ લડાઈ એટલે જ્યાં અસ્તિત્વ માટેનો જંગ છે, જીવન- મરણના અંદેશા વચ્ચે લડવું આખી વાતનો બોધપાઠ એટલો જ છે કે પરિસ્થિતિને જાણ્યા પછી તમારી વ્યૂહરચના બનાવો. દરેક માર્કેટ અને પરિસ્થિતિ માટે અલગ રણનીતિ અપનાવો.

સુન ત્ઝુનું 'આર્ટ ઓફ વોર' કહે છે કે માર્કેટ મેળવવા જબરદસ્ત હરીફાઈ કરો પણ એ હરીફાઈના અંતે ટકી રહેવાની તાકાત રાખજો., નહીંતર એ આગ તમને જ ભરખી જશે અંતિમ અધ્યાયમાં લેખક એક જ વાત પર મહત્ત્વ આપે છે કે માહિતીની શક્તિ પર ધ્યાન આપો. પછી માહિતીનો ઉપયોગ અને વિશ્લેષણ કરીને ઉપયોગ કરતા શીખો. માહિતી એકઠી કરવાથી કલ્યાણ નહીં થાય પણ આ ખર્ચાળ વિષય માટે ઇન્વેસ્ટમેન્ટ- રોકાણ કરો ક્રૂર દુનિયામાં ટકી રહેવું હોય તો સાથીઓ તેમ જ કર્મચારીઓની માનસિક તંદુરસ્તી માટે ટ્રેનિંગથી માંડીને ટકવા તેમ જ લડવા સુધી તૈયાર કરો

-અને અંતે, શ્રેષ્ઠ જીત એ છે જે લડ્યા વિના મળે જ્યાં દુશ્મન મજબૂત હોય ત્યાં બચો, જ્યાં નબળો હોય ત્યાં પ્રહાર કરો કોર્પોરેટ જગતમાં ઊંચી જગ્યાએ બેસીને પ્રહાર કરો. ■

**ધ એન્ડ :**

***જગતની બધી માહિતી, લડાઈ અને માર્કેટની હરીફાઈઓ છેતરપિંડી પર આધારિત છે નેતાએ પોતાના લોકો માટે નૈતિક રહેવું પણ લડાઈમાં જીત માટે બધા રસ્તા અજમાવવા. ફરીથી જિંદગી એ શીખવા જેવી આ 'આર્ટ ઓફ વોર' છે.***

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# વિસરાતી જતી જાદુગરની કલા...

**મનોરંજનનું** સાધન ભવાઈ કલા, સર્કસ અને જાદુગર આજે ઓક્સિજન પર ચાલે છે, રગળ ધગળ ચાલે છે, એક જમાનો હતો આવી કલા નિહાળવા લોકો તલ પાપડ હતા!?. ચોક્કસ સાચી વાત પણ જેમ જેમ યુગ પરિવર્તન આવતા અને અત્યાધુનિક ટેક્નિકલ યુગે આવી, આપણી પ્રાચીનકલા અલોપ થવાને આરે છે તો આજે આપણે જાદુગર વિશે થોડી જાણકારી પ્રાપ્ત કરીએ. જાદુગર એટલે મોટા લાંબા વાળ, માથે અંગ્રેજ જેવી કેપ (ટોપી)કાળો ડ્રેસ પહેરી જાદુગરની એન્ટ્રી થાય ત્યારે ભલભલાની મતિ મુંજાઈ જાય. હોરર સંગીત, હાહાહા જેવી ચીચીયારીઓ સાથે સ્ટેજ પર આવે ત્યારે કોઈ રાજા મહારાજા જેવો એક્સ્ટ્રાઓર્ડિનરી પહેરવેશ. આપણને ખ્યાલ આવી જાય વિશાળ સ્ટેજ પર જાદુની ટેક્નિકલી વિદ્યા એટલે જાદુનું બીજું નામ. ઝડપથી એક પલકારામાં બધું પરિવર્તન કરી દે અને આપણને થાય કે વાહ જાદુ કરી નાખ્યો પણ તમારી નઝર ચૂકવી દીધી છે? આજ ટેક્નિક એટલે જાદુગીરી જો તેમની પાસે જાદુ હોય તો તેઓ પોતાનું વતન છોડી ગામે ગામે શો નાં કરે સાચું ને!? જાદુગરને વધુ માર પડ્યો હોય તો તે સોશ્યલ મીડિયાનો?. આવું તારણ કાઢતા વાંકાનેરમાં જાદુગર લઈ આવેલ વિશ્વ વિખ્યાત જાદુગર દીપકભાઈ





ચુડાસમા (જાદુગર મંગલ) જેઓ ૨૦ વર્ષથી જાદુગર તરીકે પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. તેઓ કહે છે અમો જાદુગર ચુડાસમાનાં પરિજન છીએ અમારો વારસાગત ધંધો છે, આ અમારી સાતમી પેઢી છે, પણ જાદુ ટ્રીકથી ચાલે છે અમુક નાના જાદુ વિશે સોશ્યલ મીડિયામાં પ્રથમ જાદુ બતાવે પછી તેની ટ્રીક પણ બતાવે એટલે અમારો અમુક અંશે જાદુ ખુલો પડી ગયો છે, પણ મેઈન આઈટમ જે અમારી સ્પેશ્યલ આઇટમો ગોરીલા, સ્પાઇડરમેન, એક માણસનાં આઠ ટુકડા કરવા, હવામાં તરતી છોકરી, ચાલુ પંખાની આરપાર, ચમકતા કાચની આરપાર જેવા અસંખ્ય જાદુ નિહાળવા અમારા ચાહકો છે, ગામો ગામ સિનેમા હોલ જેમ તંબુ નાખી આગળ કલરફુલ હોર્ડિંગ લગાવી તેમાં અમારા મુખ્ય જાદુ બતાવીએ આમ જાદુગર પોતાની આજીવિકા રળે છે.

ગુજરાતના મશહૂર જાદુગરોએ નામના મેળવેલ જેમ કે. લાલ, ચુડાસમા, ને મહમદ છેલ જેવા ઘણા જાદુગરે અનેક વિધ જાદુથી લોકોને મંત્રમુગ્ધ કરેલ છે. જેમાંનો એક ઉદાહરણ આપું તો જાદુગર પાસે એક ટિકિટ ચેકર ગયો કે લાવો ભાઈ ટિકિટ, ? ટિકિટ તો નથી? તો શું આ ટ્રેન - બાપા ની સમજી રાખી છે કે? ચલો ઊતરો નીચે. જી બિલકુલ ઊતરી જાઉં છું પણ પછી આ ટ્રેન ચાલશે કેવી રીતે!? એટલે!? 'એટલે બહુ જલ્દી સમજાઈ જશે ઉપરનો સંવાદ વર્ષો પહેલા ગુજરાતનાં રેલવે સ્ટેશન ઉપર ભજવાઈ ગયો હતો, જેમાં વગર ટિકિટે મુસાફરી કરનાર સૌરાષ્ટ્રનાં વિખ્યાત જાદુગર હતા. એ હંમેશાં ગુજરાત સૌરાષ્ટ્ર વચ્ચે ટ્રેનમાં જ મુસાફરી કરતા પણ હંમેશાં વગર ટિકિટે. પણ આ વખતે ટિકિટ ચેકર કોક નવો નિશાળીયો હતો. ટ્રેન ઉપાડવાનો સમય થતાં જ ડ્રાઇવરે ગાર્ડ ને સિગ્નલ દઈ લીવર દબાવ્યું,અરે આ શું થાય છે. લીવર જામ થઈ ગયું હોય તેમ ટ્રેન ઊપડી જ નહીં. ડ્રાઈવરની ઘણી મથામણ છતાંય ટ્રેન હલવાનું નામ જ નહોતી લેતી.આખા સ્ટેશન પર ધમાલ થઈ ગઈ. સ્ટેશન માસ્ટર પણ હાફળા ફાફળા થઈ ને દોડા દોડી કરવા માંડ્યા. અચાનક તેમની નજર બાંકડા ઉપર પગ ઉપર પગ ચઢાવીને ટેશથી બેઠેલા જાદુગર પર પડી.અરે જાદુગરભાઈ તમે અહીંયા? કોઈની રાહ જુવો છો ના માસ્ટર સાહેબ, હું તો સૌરાષ્ટ્ર જવા માટે ટ્રેનમાં ગોઠવાયો હતો પણ તમારા નવા ટિકિટ ચેકરે મારા બાપાની ટ્રેન નથી એમ કહી ઉતારી દીધો. એ ટી.સી ની ભૂલ થઈ છે, હું તમારી માફી માગુ છું સાહેબ, તમે પાછા બેસી જાવ. સ્ટેશન માસ્ટરની વાત માનીને જાદુગરભાઈ માન સહિત ફરી પાછા ટ્રેનમાં ગોઠવાયા ને ફરમાવ્યું કે ઇન્શા અલ્લાહ, ઉપાડો હવે ગાડી. જેવું ડ્રાઈવર એ લીવર દાબ્યું કે એક ઝટકામાં તો ટ્રેન ચાલુ થઈ ગઈ.! ગુજરાતનાં સિદ્ધ હસ્ત જાદુગરોથી ગુજરાત રળિયાત છે.■

## પ્રકરણ-૪૩

**અણધાર્યા રહસ્યના આટાપાટા ખેલતી નોખી-અનોખી ક્રાઈમ કથા...**




**યોગેશ સી પટેલ**

'આવી કોઈ ગરબડ થાય અને પોલીસ તપાસ હાથ ધરે તો હું સપડાઈ ન જાઉં તે માટે એમ્બ્યુલન્સ મોરેના નામે રજિસ્ટર્ડ કરાવી હતી, પણ તમે એટલી સચોટ કાર્યવાહી કરી કે મને બચવાનો મોકો ન મળ્યો!' ડૉ. આયુષ પાઠકે કહ્યું.

ગોહિલની ટીમે મુદ્દાસરની રજૂઆત અને સબળ પુરાવા મૂક્યા એટલે ડૉ. પાઠક પાસે કબૂલાત સિવાય કોઈ માર્ગ નહોતો.

'...પણ તમે જાણો છોને... શું બોલી રહ્યા છો? તમે ડૉક્ટર વિશ્વાસ ભંડારી પર આરોપ મૂકી રહ્યા છો, જે તમારા મિત્ર છે!' વધુ ચોખવટ કરવા ડીસીપી સુનીલ જોશી બોલ્યા.

'હા... પૂરા ભાનમાં કહું છું કે હું તેમના ઇશારે જ કામ કરતો હતો!'

'ડ્રગ્સની હેરફેરમાં એમ્બ્યુલન્સના ઉપયોગની તમને જાણ હતી?' ઈન્સ્પેક્ટર ચંદ્રેશ ગોહિલે પૂછ્યું.

'હા... જરૂર પડ્યે એમ્બ્યુલન્સ લેવા સલ્લુ જ આવતો!'

ડૉ. પાઠકે કરેલા ધડાકાથી ડઘાઈ ગયેલા ડૉ. ઈમાનદાર અને ડૉ. હિરેમઠની આંખો પહોળી થઈ ગઈ.

'અવયવો કાઢીને ટ્રાન્સપ્લાન્ટની શસ્ત્રક્રિયા કઈ કઈ હૉસ્પિટલ્સમાં થતી?'

'એની મને જાણ નથી... મારી લૅબોરેટરીમાં બધાની ટેસ્ટ થતી અને એના રિપોર્ટને આધારે આગળની કામગીરી થતી!' બોલતી વખતે ડૉ. પાઠક નરમ પડવા લાગ્યા.

'સાચું કહું, ઑફિસર. મને પોતાને નશીલા પદાર્થોના કારોબારથી નફરત છે, પણ એક વાર આ કીચડમાં ફસાયો... પછી બહાર નીકળી ન શક્યો!'

'મને લાગે છે, આપણી તપાસ યોગ્ય દિશામાં જઈ રહી છે અને એસઆઈટીની કાર્યવાહી ઉચિત છે તેમાં કોઈ શંકા નથી... એટલે આ મુદ્દે હવે કોઈ વાંધાવચકા ન હોવા જોઈએ!' જોશીએ ડૉક્ટરો તરફ જોતાં જાણે અલ્ટિમેટમ આપ્યું.

'ડૉક્ટર પાઠકનું નિવેદન નોંધીને ડૉક્ટર ભંડારીને કસ્ટડીમાં લેવાની પ્રક્રિયા હાથ ધરો. પછી બન્નેની સાથે ધરપકડ કરીને કોર્ટમાં હાજર કરજો.' જોશીએ આદેશ આપ્યો.

'ગોહિલ... ગાયકવાડ, ઘણી સૂઝબૂઝથી આ ગૂંચ ઊકેલી છે. વેરી ગુડ... હવે તમારી રીતે તપાસ આગળ વધવા દો અને ઘાતકી લોકો સામે ઝડપી પગલાં લો!'

'યસ, સર!' ગોહિલ અને ગાયકવાડનો આત્મવિશ્વાસ અને ઉત્સાહ વધ્યા.

'આપણે હવે નીકળીએ... આ લોકોને તેમનું કામ કરવા દો! પોલીસ વિરુદ્ધ તમને હવે કોઈ ફરિયાદ નહીં હોય, બરાબરને?' જોશીએ મક્કમપણે કહેતાં ડૉ. ઈમાનદાર અને ડૉ. હિરેમઠ પણ ખુરશીમાંથી ઊભા થયા.

જતાં પહેલાં ડૉ. પાઠકને જોશીએ સંભળાવ્યું: 'ડૉક્ટર... તમારું નામ આયુષ છે એટલે કે આવરદા, પણ દિલગીરી સાથે કહેવું પડે છે કે તમે તો લોકોનાં આયખાં ટૂંકાવવાનું કામ કર્યું છે!'

* * * *

ડૉ. આયુષ પાઠકને નિવેદન નોંધાવવા માટે કમ્પ્યુટર રૂમમાં એક અધિકારી સાથે બેસાડીને ગોહિલ પોતાની કૅબિનમાં ગયો. ગોહિલની પાછળ ઈન્સ્પેક્ટર રવિ કદમ પણ કૅબિનમાં આવ્યો.

'સર... ડૉક્ટર વિશ્વાસ ભંડારીના ત્રીજા મોબાઈલ નંબરની કૉલ ડિટેઈલ્સ આવી ગઈ છે. પેલા શોએબ અને ઝમીલના પણ સીડીઆર તપાસ્યા...'

'શું મળ્યું?'

'ડૉક્ટર ભંડારી આ ત્રીજા નંબરથી જ સલ્લુ અને જૉનીના સંપર્કમાં હતા એની ખાતરી થાય છે!' કદમે જણાવ્યું.

'ડૉક્ટર ભંડારી વિરુદ્ધ ડૉક્ટર પાઠકે માહિતી આપી જ છે... એટલે તેમને તાબામાં લેવા આપણી પાસે પર્યાપ્ત મટીરિયલ છે.' ગોહિલે કહ્યું.

'આ સિક્રેટ નંબરથી ડૉક્ટર અમુક જ લોકોના સંપર્કમાં હતા, જેમાંથી એક નંબર પેલી આકૃતિ બંગારાનો છે!' કદમે માહિતી આપી.

'મેં કહ્યું હતુંને આ જ નંબર આપણા કામનો હશે!' ગોહિલ મલકાયો.

'રંગીલો મિજાજ ધરાવતો આ ડૉક્ટર આટલી નીચ હરકત કરે એ આશ્ચર્યની વાત છે. માસૂમોની લાશ પર રાસલીલા કરતો હતો... અને ઉપરથી ગરીબોને સહાયનો ડોળ કરતો હતો.' કદમે ગુસ્સામાં કહ્યું.

'મને લાગે છે, આટલા બિનધાસ્ત કાંડ ચાલતા હતા એટલે ડૉક્ટર ભંડારીનો પણ કોઈ બૉસ હોવો જોઈએ!'

'એટલે?'

'આટલી સહેલાઈથી ડૉક્ટર પાઠક અને ડૉક્ટર ભંડારી આપણી પકડમાં આવ્યા છે... એટલે કે આ કાંડનો માસ્ટરમાઈન્ડ અન્ય કોઈ હોવો જોઈએ, જેની છત્રછાયામાં આ લોકો નીડર બન્યા હતા!' ગોહિલ બોલ્યો.

'... પણ સહેલાઈથી ક્યાં હાથ લાગ્યા છે, સર. કેટલી મથામણ કરાવી છે આ લોકોએ!' કદમ આશ્ચર્યથી બોલ્યો.

'જે પ્રમાણેનું આખું ષડ્યંત્ર રચાયું હતું એ જોતાં કોઈ બુદ્ધિશાળી અને વગદાર વ્યક્તિનું આમાં સૂત્રસંચાલન હોવું જોઈએ!' ગોહિલ કંઈ વિચારતો હતો.

'...પણ આપણી તપાસમાં જે શકમંદો છે તેમની ભૂમિકા સ્પષ્ટ થઈ રહી છે... તો તમે કોની વાત કરો છો?' કદમે પૂછ્યું.

'એ કોણ છે એની મને નથી ખબર, પણ હજુ સુધી એ પડદા પાછળ હોવાનું મને લાગે છે!'

'હોઈ શકે, કારણ કે આ કૉલ ડિટેઈલ્સ પરથી અમુક ચોંકાવનારી વાત સામે આવી રહી છે!'

'કઈ?'

'ઝમીલે ગયા મહિને પાંચેક વખત ડૉક્ટર કુશલ સહાણેનો સંપર્ક કર્યો છે!' કદમે ખરેખર ચોંકાવનારી માહિતી આપી હતી.

'જાણીતા હાર્ટ સ્પેશિયલિસ્ટ ડૉક્ટર સહાણે તો ડૉક્ટર ઈમાનદારના મિત્ર છે... અને તેમની જ હૉસ્પિટલમાં પ્રેક્ટિસ પણ કરે છેને?'

'હા.'

'આ કાંડમાં ડૉક્ટર સહાણેની શું ભૂમિકા હશે?'

'એ તો ખબર નથી, પણ બીજી મહત્ત્વની વાત એ છે કે શોએબ અને ઝમીલ વિધાનસભ્ય ગુલાબજાંભુના પીએ પ્રસન્ન ચૌધરીના સંપર્કમાં હતા!'

'હેં?'

'હા... અને એક વાત ખાસ યાદ રાખવી જોઈએ... આ કૌભાંડ ઊઘાડું પડ્યું ત્યારે શોએબ અને ઝમીલ બિહાર ફરાર થવાની તૈયારીમાં હતા, જ્યારે ચૌધરી પણ બિહારનો વતની છે!' કદમે કનેક્શન જોડ્યું.

'આ ડ્રગ્સ સપ્લાય કનારા મામૂલી શોએબ અને ઝમીલને ચૌધરીની શી જરૂર પડી હશે?' ગોહિલ વિચાર કરતો બોલ્યો.

'એ પણ સર... એક-બે નહીં, અનેક વાર કૉલ થયા છે તેમની વચ્ચે!' કદમે માહિતી આપી.

'કદમ... એવું તો નથીને કે આ બન્ને ચૌધરીના માધ્યમથી વિધાનસભ્યના સંપર્કમાં હતા!' ગોહિલની વાતથી કદમને આંચકો લાગ્યો.

'તમે ઘણું મોટું નામ લીધું, સર!'

'પડદા પાછળનો ખેલાડી એટલે આપણા નેતાજી તો નહીં હોયને?'

'એવું હોય તોય તેમની પૂછપરછ શક્ય નથી!' કદમે વિવશતા જણાવી.

**રંગીલો મિજાજ ધરાવતો આ ડૉક્ટર આટલી નીચ હરકત કરે એ આશ્ચર્યની વાત છે. માસૂમોની લાશ પર રાસલીલા કરતો હતો...**

'કદમ... કાળેને આ ચૌધરીની હિલચાલ પર નજર રાખવાનું કહી દે અને તું ટીમ સાથે ડૉક્ટર ભંડારીને ત્યાં જા. એ બચવાનાં કોઈ ગતકડાં કરે તે પહેલાં જ તાબામાં લઈ લે!'

પછી ઉમેર્યું: 'જરૂર હોય તો શિંદેને સાથે લેતો જા...'

'હૉસ્પિટલમાંની ડૉક્ટર ભંડારીની કૅબિન પણ સીલ કરી દઉં છું, જેથી દસ્તાવેજો સાથે છેડછાડ ન થાય!' કદમે ચાલાકીભર્યો વિચાર રજૂ કર્યો.

'ઠીક છે... હું જરા કાંદિવલીની હૉસ્પિટલમાં જઈને પેલા ગાંડાનો ઢોંગ કરનારા જૉનીના ખબર લઉં છું!'

* * * *

જૉનીના મોબાઈલના આઈએમઈઆઈ નંબરને આધારે તેનો નવો નંબર મળ્યો હતો, જેને ટ્રેસ કરતાં તે કાંદિવલીના સમતા નગરમાં હોવાનું જણાયું હતું. તપાસ કરતાં સમતા નગર પરિસરની એક હૉસ્પિટલમાં દાખલ જૉની મળી આવ્યો હતો. જૉની ત્યાંથી રફુચક્કર ન થઈ જાય માટે એપીઆઈ સુધીર સાવંતને તેના પર નજર રાખવાનું કહેવામાં આવ્યું હતું અને ગોહિલ અત્યારે ત્યાં જવા નીકળ્યો હતો.

બોલેરોમાં ગોઠવાતાં જ ગોહિલની નજર ડ્રાઈવિંગ સીટ પર બેસેલા સંજય માનેના ગાલ તરફ અચૂક જાય. હંમેશ મુજબ તેનો એક તરફનો ગાલ ફૂલેલો જોઈ ગોહિલ સમજી ગયો કે તમાકુ તેના મોંમાં મુકાઈ ગઈ છે.

'કાંદિવલીમાં સમતા નગર...' ગોહિલે આદેશ આપ્યો.

'સર... એક સવાલ પૂછું?' બોલેરો સ્ટાર્ટ થતાં માને બોલ્યો.

'પૂછ...'

'ડૉક્ટર ભંડારી વિરુદ્ધ આટલા પુરાવા છે છતાં તમે એના પર હાથ નાખવામાં આટલી વાર કેમ લગાડી... પોલીસ સ્ટેશનમાં લાવ્યા પછી એ કેટલી વાર ચૂપ રહી શક્યો હોત?'

'માને... બધાં કામ બળથી નથી થતાં, કળથી પણ કરી શકાય છે. પોલીસ સ્ટેશનમાં કબૂલેલી વાતને આરોપી કોર્ટમાં નકારી કાઢતા હોય છે, પણ સબળ પુરાવા હોય તો અપરાધીને છટકવાનો મોકો ન મળે!'

ગોહિલે સમજાવ્યું: 'જો પુરાવા અને મુદ્દાસરની પૂછપરછમાં ડૉક્ટર પાઠકે ગુનો કબૂલ્યોને... મારપીટની જરૂર જ ન પડી!'

'...પણ સર, ડૉક્ટર ભંડારી સહેલાઈથી કબૂલ કરશે?' માનેનો સવાલ યોગ્ય હતો.

'એટલે જ તો આ જૉની... બૉનીને આંટીમાં લેવાના છે... જૉની અપરાધમાં ડૉક્ટર ભંડારી સાથે સીધો જોડાયેલો છે એટલે આપણો મજબૂત આધાર બની રહેશે!'

બોલેરો સમતા નગર પહોંચી એટલે વાતચીત બંધ થઈ. વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર આવેલી પ્રમાણમાં નાની હૉસ્પિટલના વૉર્ડમાં ગોહિલ પહોંચ્યો ત્યારે એપીઆઈ સાવંત જૉનીના બેડ પાસે જ ઊભો હતો.

'કેમ છે, જૉની?' ગોહિલે જૉનીના પાટો બાંધેલા પગને હાથેથી દબાવ્યો. પીડાથી તેના મોંમાંથી રાડ નીકળી ગઈ.

'સર... પ્લીઝ... ઘણું વાગ્યું છે!'

જૉનીના કપાળ પર પણ પટ્ટી લગાવવામાં આવી હતી. ગોહિલે એ પટ્ટી પર પહેલાં હળવેકથી હાથ ફેરવ્યો પછી અંગૂઠાથી પટ્ટી પર દબાણ વધાર્યું.

'સર... સર... સર... શું કરો છો? ખરેખર ખૂબ દુખે છે!' જૉની દુખાવાને કારણે કણસી ઊઠ્યો.

'વાંધો નહીં... હવે તારો ઇલાજ અમે કરીશું... અમારી હૉસ્પિટલમાં!' હોઠ પર હળવા સ્મિત સાથે ગોહિલ બોલ્યો.

'સર... બેડ પરથી ઊઠવાની મારામાં તાકાત નથી. પહેલાં સારવાર થઈ જવા દો પછી...'

'અરે, અમારી હૉસ્પિટલના ડૉક્ટર ઘણા કુશળ છે. તું તરત જ નાચવા લાગીશ એની હું ગૅરન્ટી આપું છું!'

એટલામાં ડૉક્ટર જૉનીનું રુટિન ચેકઅપ માટે આવ્યા. બ્લડ પ્રેશર અને અન્ય તપાસણી પતી એટલે ગોહિલે પોતાની ઓળખ આપી.

'બોલો, ઑફિસર!'

'ડૉક્ટર, આ અતિમહત્ત્વના કેસનો શકમંદ છે! હવે એની તબિયત કેમ છે?' ગોહિલે પૂછ્યું.

'એ નૉર્મલ છે, પણ કયા કેસની તમે વાત કરો છો?'

'આરે કાંડમાં અમે તેને કસ્ટડીમાં લેવા માગીએ છીએ!'

'આરે! એના તો દરેક ન્યૂઝ હું રોજ પેપરમાં વાંચું છું... ઘણું હોરિબલ છે!'

'આ તો કહે છે કે બેડ પરથી ઊભો નથી થઈ શકતો!' ગોહિલે જૉની તરફ આંગળી ચીંધી.

'ખબર નહીં, એ આવું શા માટે કહે છે, પણ અમારી ટેસ્ટ અનુસાર તેને ફ્રેક્ચર કે એવી કોઈ ગંભીર ઇજા નથી!'

પછી ડૉક્ટરે કહ્યું: 'હા... એક્સિડેન્ટને કારણે પગ પર ત્રણ મોટા કાપા પડ્યા છે, જેના કારણે લોહી ઘણું વહી ગયું હતું. અમે એને પાટો બાંધીને ઇલાજ કરી દીધો છે. પહેલાં એને કમજોરી જણાતી હતી, પણ હવે સ્વસ્થ છે!'

'એક્સિડેન્ટ વિશે એણે કંઈ કહ્યું?' ગોહિલનો પ્રશ્ન.

'રસ્તાને કિનારે ચાલતી વખતે પાછળથી આવેલી કારે અડફેટે લીધો. અકસ્માત પછી ડ્રાઈવર કાર સાથે ફરાર થઈ ગયો.'

ડૉક્ટરે ઉમેર્યું: 'આનું કહેવું છે કે તેને મારી નાખવાનો પ્રયાસ કરાયો છે!'

'ડૉક્ટરસાહેબ, હું સાચું કહું છું... ઊભા થવામાં પણ ઘણી તકલીફ પડે છે!' જૉની બોલ્યો.

'...તો પછી ડૉક્ટર, એક કામ કરો... આમેય બધા આરોપી અમારી પકડમાં છે. આ અમારા કંઈ કામનો નથી... આને ઈન્જેક્શનથી દવાનો ઑવરડોઝ આપીને મારી નાખો અને એક્સિડેન્ટને કારણે મૃત્યુ પામ્યો હોવાનું જાહેર કરી દો!' (ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| CACTUS | પાંજરું |
| CADRE | ઝભ્ભો |
| CAFTAN | આપત્તિ |
| CAGE | થોર |
| CALAMITY | ઢાંચો |

### ઓળખાણ પડી?



વિશ્વમાં વિવિધ પ્રકારના સમુદ્ર જોવા મળે છે. એ પૈકી સૌથી નાનો સમુદ્ર કયો છે એ આપેલા વિકલ્પોમાંથી શોધીને જણાવો.

અ) ATLANTIC Ocean બ) PACIFIC Ocean
ક) ARCTIC Ocean ડ) INDIAN Ocean

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ક | રા | ૨ ર | ■ | ૩ હા | ૪ થ | ૫ વ | ગું | ■ | ૬ આં |
| શ્રમ | ■ | ૭ ક | ૮ સ | ■ | ૯ ડો | ળ | ■ | ૧૦ ચ | ક |
| ક | ■ | ૧૧ મ | મ | ત | ■ | ૧૨ ગા | ૧૩ ગ | ર | ડી |
| ૧૪ શ | ૧૫ ગ | ■ | જૂ | ■ | ૧૬ ની | ડ | ર | ■ | ■ |
| ■ | ૧૭ ગ | ૧૮ મ | તી | ૧૮-અ લું | ■ | ■ | ૧૯ વ | જ | ૨૦ હ |
| ૨૧ કા | ન | સ | ■ | ૨૨ ટ | ૨૩ પો | રી | ■ | ■ | થે |
| ત | ■ | ■ | ૨૪ સ | ફા | ળી | ■ | ૨૫ પા | ત | ળી |
| ર | ■ | ૨૬ ક | પ | ટ | ■ | ૨૭ મા | રા | ■ | ■ |
| ■ | ૨૮ અ | પ | ર | ■ | ■ | ૨૯ ન | વા | જિ | ૩૦ શ |
| ૩૧ ક | ણી | ■ | ૩૨ મા | ન | સ | સ | ર | ■ | ત |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | | ૪ | | ■ |
| | ■ | | ■ | ૫ | | | | ■ | ૬ |
| | ■ | | ■ | ૭ | | ૮ | ■ | ૯ | |
| ■ | ૧૦ | | ૧૧ | | ■ | ૧૨ | ૧૩ | ■ | |
| ૧૪ | | ■ | ૧૫ | | ૧૬ | ■ | ૧૭ | ૧૮ | |
| | ■ | ૧૯ | ■ | ■ | ૨૦ | | ■ | | ■ |
| | ■ | ૨૧ | | ૨૨ | | ■ | ૨૩ | ■ | ૨૪ |
| ૨૫ | ૨૬ | | ■ | | | ૨૭ | | ■ | |
| ૨૮ | | ■ | ૨૯ | | | | ■ | ૩૦ | |
| ■ | | ■ | ૩૧ | | | ૩૨ | | | |

**આડી ચાવી**

૧. બિનઉપજાઉ જમીન (૪)
૩. મધ્યમાં (૪)
૫. પુરુષ (૨)
૭. સિંહનો અવાજ (૩)
૯. દરિયાકિનારાનું વૃક્ષ (૨)
૧૦. અન્ન ક્ષેત્ર (૪)
૧૨. --- અને દુવા સાથે અસર કરે (૨)
૧૪. કોઇના--- કોઇ મરી ના શકે (૨)
૧૫. એક જંગલી પ્રાણી (૩)
૧૭. સક્ષમ (૩)
૨૦. હમણાં નહીં (૨)
૨૧. સંસ્થાન, કોલોની (૪)
૨૫. આકર્ષણ (૩)
૨૭. આરોપ, આક્ષેપ (૨)
૨૮. ધૂન (૨)
૨૯. અવાજ ઉઠાવવો (૪)
૩૦. રહસ્ય (૨)
૩૧. બેટા એક નંબરી, બાપ --- નંબરી (૨)
૩૨. સમાજના આગેવાનો (૪)

**ઊભી ચાવી**

૧. પાવન (૩)
૨. તળ સાથે જોડાયેલા (૪)
૩. પસંદગી (૩)
૪. રૂઆબ, આબરૂ (૨)
૫. વિઘ્ન (૪)
૬. મહેનત (૪)
૮. આકાર, વજન (૨)
૧૦. પવિત્ર સ્ત્રી (૨)
૧૧. કૃષ્ણની લીલાભૂમિ (૨)
૧૩. ગંધ (૨)
૧૪. ગોળાકાર (૫)
૧૬. વેચાણ, ઉપાડ (૩)
૧૮. સરસ, મજાનું, આસ્વાદ્ય (૨)
૧૯. મીઠું (૩)
૨૨. મોજમજા, આનંદ અને ઉત્સાહ (૪)
૨૩. પારધિ બિછાવે (૨)
૨૪. દોષ વિનાનું, શુદ્ધ ચૈતન્ય (૪)
૨૬. મેડમનું ગુજરાતી (૩)
૨૭. દુનિયા (૩)
૨૯. સીમા, મર્યાદા (૨)
૩૦. જોડે રહેજો --- (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'મન જાણે કે કંથડો' પંક્તિમાં 'કંથ' શબ્દનો અર્થ જણાવો.

અ) કંટાળો બ) કંકાસ ક) મિત્ર ડ) પતિ

### માતૃભાષાની મહેક

જળ એટલે પાણી, નીર, ઉદક, વારિ. જળ જળ બંબાકાર એટલે પાણી પાણી થઈ રહ્યું હોય એવું, રેલમછેલ થયેલું, જ્યાં પાણી સિવાય બીજું કંઈ ન દેખાય એવું. જળ જંપવું એટલે પાણી પણ શાંતિમાં પડી રહે એ પરિસ્થિતિ. રાત્રિની નીરવતામાં લીન થઇ જવું, ઊંઘી જવું, રાત્રે કોઈ જાગતું ન હોય અને સઘળે શાંતિનું સામ્રાજ્ય હોય એવો સમય થવો.

### સુડોકુ-૯૧૨૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | ૯ | | ૨ | | | ૮ | |
| ૩ | | ૧ | ૮ | ૭ | ૬ | | ૫ | |
| | | | ૪ | | | ૩ | ૨ | |
| | ૮ | | | ૩ | | ૨ | | |
| | | | ૨ | | ૮ | | | |
| | | ૨ | | ૧ | | | ૭ | |
| | ૪ | ૮ | | | ૩ | | | |
| | ૬ | | ૭ | ૪ | ૫ | ૯ | | ૮ |
| | ૧ | | | ૮ | | ૫ | ૪ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૧૨૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૬ | ૮ | ૯ | ૧ | ૫ | ૪ | ૩ | ૨ |
| ૩ | ૨ | ૧ | ૬ | ૭ | ૪ | ૮ | ૫ | ૯ |
| ૪ | ૫ | ૯ | ૩ | ૮ | ૨ | ૬ | ૭ | ૧ |
| ૬ | ૧ | ૫ | ૮ | ૩ | ૯ | ૭ | ૨ | ૪ |
| ૮ | ૯ | ૩ | ૪ | ૨ | ૭ | ૧ | ૬ | ૫ |
| ૨ | ૭ | ૪ | ૧ | ૫ | ૬ | ૯ | ૮ | ૩ |
| ૯ | ૩ | ૭ | ૫ | ૬ | ૧ | ૨ | ૪ | ૮ |
| ૫ | ૪ | ૬ | ૨ | ૯ | ૮ | ૩ | ૧ | ૭ |
| ૧ | ૮ | ૨ | ૭ | ૪ | ૩ | ૫ | ૯ | ૬ |

### ગુજરાત મોરી મોરી રે

અમુક બાબતમાં ભંગાણ પડ્યા પછી મરમ્મત નથી થઈ શકતી એ ભાવાર્થની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

મોતી ને શકાય ફૂટેલું ન તૂટેલું સાંધી મન

### ઈર્શાદ

જીવતાં જીવતાં મરવું પડશે, મરતાં મરતાં જીવાઈ જશે,
આશા જો કદી અમૃત ધરશે, તો ઝેર નિરાશા પાઈ જશે.
- ગની દહીંવાલા

### માઈન્ડ ગેમ

સામાન્યપણે ખોરાકમાં ઉપયોગમાં લેવાતી કઈ વસ્તુ જમીનની અંદર તૈયાર નથી થતી એ વિકલ્પોમાંથી શોધીને જણાવો.

અ) શક્કરિયા બ) કોબી
ક) બટાકા ડ) સૂરણ

### ગયા બુધવારના જવાબ

ભાષાવૈભવ

| A | B |
|---|---|
| BORED | કંટાળાજનક |
| BOARD | પાટિયું |
| CHORD | તાર |
| HOARD | સંગ્રહ |
| SWORD | તલવાર |

ગુજરાત મોરી મોરી રે
અંધા આગળ આરસી ને બહેરા આગળ ગાન

ઓળખાણ પડી?
કોડી - કાચ

માઈન્ડ ગેમ
કેરળ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
યોગદાન

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) સુભાષ મોમાયા (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૮) નીતા દેસાઈ (૯) ભારતી બુચ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) પુષ્પા પટેલ (૧૨) હર્ષા મહેતા (૧૩) વિપીન શાહ (૧૪) નૂતન વિપીન શાહ (૧૫) લજિતા ખોના (૧૬) અમીશી બંગાળી (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) મીનળ કાપડિયા (૧૯) મહેશ સંઘવી (૨૦) વિણા સંપટ (૨૧) દેવેન્દ્ર સંપટ (૨૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૩) મહેશ દોશી (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) જ્યોત્સના ગાંધી (૨૬) ઈનાક્ષીબેન દલાલ (૨૭) હિનાબેન દલાલ (૨૮) રમેશભાઈ દલાલ (૨૯) ડાયના સંતોકે (૩૦) મનીષા શેઠ (૩૧) ફાલ્ગુની શેઠ (૩૨) અલકા વાણી (૩૩) ભરત કજરિયા (૩૪) જયવંત પદમશી ચિખલ (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) ખુશરૂ કાપડિયા (૩૭) કિરીટ છેડા (૩૮) નિતીન જયંતિલાલ બજરિયા (૩૯) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) ડો. પ્રકાશ કટકિયા (૪૨) ધીરેન્દ્ર મુલરાજ (૪૩) ગીતા ઉદશી (૪૪) પ્રતિમા પમાણી (૪૫) ભામિની સંપટ (૪૬) ચેતના છેડા (૪૭) કમલ માતલિયા

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## એક યે ભી દિવાલી હૈ



આપણા દેશમાં જ્યાં જ્યાં દિવાળી તહેવારની ઉજવણી થાય છે ત્યાં ત્યાં મોટેભાગે વાકબારસથી ભાઈ બીજ સુધી અને પછી દેવ દિવાળીનો એક દિવસ એવો શિરસ્તો જોવા મળે છે. દક્ષિણ રાજ્યોમાં દિવાળીનું મહત્ત્વ ઓછું છે. જોકે, ઉત્તર પ્રદેશમાંથી છૂટું પડી હવે ઉત્તરાખંડ તરીકે સ્વતંત્ર રાજ્યની ઓળખ મેળવનારા રાજ્યમાં તેમ જ એની પડખે આવેલા હિમાચલ પ્રદેશમાં દિવાળીનો તહેવાર એક મહિના સુધી ઉજવાય છે. અહીં આ ઉત્સવ ઈગાસ, મંગસીર બગ્વાલ અથવા બુઢી દિવાળી તરીકે પ્રખ્યાત છે. અલબત્ત, આવા નામ પાછળ ચોક્કસ કારણ છે. લંકા વિજય પછી ભગવાન શ્રી રામ અયોધ્યા પાછા ફર્યા એની જાણકારી પર્વતીય વિસ્તારમાં ૧૧ દિવસ મોડી પહોંચી એટલે આ દિવાળી 'બુઢી દિવાળી' તરીકે પણ ઓળખાય છે. પર્વતીય વિસ્તારની પ્રજાની મજેદાર લોકકથા અને અનોખી પરંપરાને વણી લેતી આ ઉજવણી દરમિયાન દીવડા ઝગમગ ઝગમગ થવા સાથે ગામવાસીઓ લોક સંગીત અને લોક નૃત્યના સમન્વયથી ઉત્સવનો આનંદ મનાવે છે. આ ઉજવણીની એક ખાસિયત એ છે કે લોકો ખેતરમાં એકઠા થઈ ભૈલો (દેવદાર વૃક્ષના લાકડાંમાંથી તૈયાર કરવામાં આવેલી મશાલ) પ્રજ્વલિત કરી નાચ ગાન કરે છે. પ્રાણીઓની પૂજા કરવામાં આવે છે અને તેમને પૌઆ, દૂધ અને ઘી ખવડાવવામાં આવે છે. આ સિવાય કેટલીક પરંપરાગત આઈટમ પણ આપવામાં આવે છે. આસો માસની દિવાળી પછી બરાબર એક મહિના સુધી કારતક મહિનાની અમાસે ઉત્સવની સમાપ્તિ થાય છે.

## આંગળી જળમાંથી નીકળી ને જગા પુરાઈ ગઈ



માણસની હસ્તીનું મૂલ્ય શું? મરીઝ સાહેબે જેમનું વર્ણન 'ગુજરાતી ગઝલ સાહિત્યનો બગીચો' તરીકે કર્યું છે એવા ઓજસ પાલનપુરીની બે પંક્તિ બાવીસ, બાવન કે બાણું વર્ષના આયુષ્યના લેખાંજોખાં કેવા અદ્ભુત રીતે માંડે છે કે 'મારી હસ્તી મારી પાછળ એ રીતે વિસરાઈ ગઈ; આંગળી જળમાંથી નીકળી ને જગા પુરાઈ ગઈ.' જોકે, મૃત્યુ પછી પોતે જનમાનસના હૃદયમાં કેવી રીતે વસવાટ કરશે એની ઉત્કંઠા કેટલાક લોકોમાં સળવળતી હોય છે. બિહારના કોંચી ગામના ૭૪ વર્ષના ભૂતપૂર્વ એર ફોર્સ ઓફિસર મોહનલાલને સગા - સંબંધી - સ્નેહીને એમના માટે કેવી અને કેટલી લાગણી છે એ જાણવાની તમન્ના જાગતા તેમણે મૃત્યુ પામવાનું નાટક કર્યું. કેટલાક નિકટવર્તી લોકોને સાધી પોતાના અવસાનના ખબર ચારેકોર ફેલાવી દીધા. મોહનલાલની 'અંતિમયાત્રા' નીકળી ત્યારે એમાં માણસ ઉભરાયું હતું અને લોકો સંતાપ વ્યક્ત કરી એમની મીઠી સ્મૃતિ મમળાવી રહ્યા હતા. જોકે, એ 'અંતિમ યાત્રા' અંતિમ સ્થાને પહોંચે એ પહેલાં ૭૪ વર્ષના વડીલ ઠાઠડીમાંથી આળસ મરડી ઊભા થતા લોકો ચોંકી ગયા. સદભાગ્યે બીકના માર્યા નાસભાગ ન થઈ અને એર ફોર્સના માજી અધિકારીએ તરત જ સ્પષ્ટતા કરી કે 'અવસાન પછી લોકો અર્થી ઉઠાવી જતા હોય છે, પણ મારું જીવન કેટલું અર્થપૂર્ણ રહ્યું છે અને લોકોના મારા માટે કેટલી લાગણી અને કેવો આદર છે હું જાતે જોવા માગતો હતો અને એટલે આ અવસાનનું નાટક કર્યું.' અંતે સૌ સારા વાના થયા અને મોહનલાલ વાજતે ગાજતે ઘરે પાછા ફર્યા, મૃત્યુના ડ્રામા બદલ લોકોની માફી માગી અને બારમા - તેરમાની વિધિમાં જમાડવાને બદલે 'પુનર્જન્મ'ની મિજબાની લોકોને આપી જલસા કરાવ્યા.

## ઉપન્યાસ સમ્રાટની સાદગી



આઠ ઓક્ટોબરે જેમની ૯૦મી પુણ્યતિથિ હતી એ હિન્દી - ઉર્દૂ ભાષાના મહાન લેખક અને 'ઉપન્યાસ સમ્રાટ' (નવલકથાને હિન્દીમાં ઉપન્યાસ કહેવાય છે) તરીકે ખ્યાતિ મેળવનારા ધનપત રાય શ્રીવાસ્તવ ઉર્ફે 'નવાબ રાય' ઉર્ફે મુનશી પ્રેમચંદનો એક અનોખો ફોટોગ્રાફ સોશ્યલ મીડિયામાં વાઈરલ થયો છે. ફોટોગ્રાફમાં ઉપન્યાસ સમ્રાટના ડાબા પગનું બૂટ ફાટેલું ને પગની ટચલી આંગળી બહાર દેખાય છે. ઉપરછલ્લી રીતે હસવું આવે એવી સામાન્ય ઘટના લાગી શકે છે, પણ સાહિત્ય અકાદમીના પુરસ્કારથી સન્માનિત હિન્દી ભાષાના સમર્થ વ્યંગકાર હરિશંકર પરસાઈએ 'પ્રેમચંદ કે ફટે જૂતે' નામનો એક નિબંધ લખ્યો છે. એ કૃતિમાં પરસાઈજીએ મુનશીજીને સંબોધી વ્યંગ કર્યો છે કે 'ફોટો પડાવતી વખતે કોઈના જૂતા માગી લેવા જોઈએ ને?' એવી હળવી ટકોર કરી લેખકશ્રીની કલમ ધારદાર વ્યંગ કરી આગળ લખે છે કે 'જૂતું ફાટી ગયું છે અને આંગળી બહાર દેખાય છે એનો સંકોચ તમને ન થયો? શું તમને એટલી પણ ભાન ન પડી કે ધોતિયું સહેજ નીચે ખેંચી લીધું હોત તો આંગળી ઢંકાઈ જાત અને જૂતાની 'અવસ્થા' ઢંકાઈ જાત? પણ ના, ઊલટાનું તમારા ચહેરા પર લાપરવાહી છે, એક આછું સ્મિત છે જેમાં આનંદ નહીં, ઉપહાસ, વ્યંગ છલકાય છે. આ કેવો માણસ છે જે પોતે ફાટેલા જૂતા પહેરી ફોટો પડાવી અન્ય કોઈ પર હસી રહ્યો છે?' પરસાઈજીએ પ્રેમચંદજીનાં પાત્રોને પણ સાંકળી એક બેમિસાલ નિબંધ લખ્યો છે. કલમ તલવાર કરતાં વધુ શક્તિશાળી હોય છે, ખરું ને!

## ટોઈલેટ એક હોટેલ કથા



મનુષ્યનું દિમાગ શરારતી હોય છે અને કરામતી પણ હોય છે. ખોબા જેવડા મગજમાં અફાટ સમુદ્ર જેવા ખયાલો - વિચારો - કલ્પના સતત ઉછળકૂદ કરતા હોય છે. જાણીને હેરત થાય, સાંભળી બે ઘડી કાન પર વિશ્વાસ ન બેસે એવી અજબ દુનિયામાં ગજબ ઘટના બનતી રહે છે. શિક્ષણ માટે જગવિખ્યાત એવા ઈંગ્લેન્ડના ઓક્સફર્ડ શહેરમાં 'એક આઈડિયા જો બદલ દે જિંદગી' જેવો નુસખો જોવા મળ્યો છે. રાણી વિક્ટોરિયાના શાસન દરમિયાન આ શહેરમાં જન સુવિધા માટે 'ધ નેટી' નામનું એક અંડરગ્રાઉન્ડ ટોઇલેટ બાંધવામાં આવ્યું હતું. ૧૧૩ વર્ષમાં લોકોની લઘુશંકા અને ગુરૂશંકાનું નિવારણ કર્યા પછી સલામતીનાં કારણોસર ૨૦૦૮માં ટોયલેટને તાળાં લાગી ગયાં. ૧૧ વર્ષ બંધ અવસ્થામાં રહ્યા પછી એના માલિકે એને નવું સ્વરૂપ આપવા વિચાર્યું. પાંચેક વર્ષના આયોજન અને મહેનત પછી આજે એ ટોઇલેટ એક બુટિક હોટેલ બની ગયું છે. ઓક્સફર્ડ શહેરના અનોખા આવાસની ખ્યાતિ મેળવનાર આ હોટેલમાં માત્ર બે સ્વીટ (ઘર જેવા લાગતા હોટેલ રૂમ) છે અને એનું લઘુતમ ભાડું એક દિવસ - એક રાતના ૧૭૦ પાઉન્ડ (આશરે ૨૦ હજાર રૂપિયા) છે. આ વિશિષ્ટ હોટેલમાં સ્વાગત માટે કોઈ રિસેપ્શનિસ્ટ નથી, નથી કોઈ રેસ્ટોરાં કે નથી કોઈ રૂમ સર્વિસની સગવડ. હા, આગમન વખતે મહેમાનને કોમ્પ્લિમેન્ટરી કોકટેલ આપવામાં આવે છે અને બીજી કોઈ જરૂરિયાત પૂરી કરવા હેલ્પલાઇન નંબર આપવામાં આવે છે. હા, સૂવા બેસવાની સગવડ સાથે એક નાનકડું ટોઇલેટ પણ છે. હોટેલની અંદર દાખલ થયા પછી એની સજાવટ આંખોને મોહી લે છે ને ટોઇલેટનું કેવું ટ્રાન્સફોર્મેશન (પરિવર્તન) થઈ શકે છે એનું અચરજ થાય છે.

## લ્યો કરો વાત!

*અમેરિકાનું શહેર જે અમેરિકામાં નથી. શું વાત કરો છો? અમેરિકાનું પોઈન્ટ રોબર્ટ્સ જાણીતું શહેર નથી. જોકે, અમેરિકાના લોકો એનાથી સારી પેઠે પરિચિત છે. પોતાના જ દેશમાં નથી એવા શહેર તરીકે આ જગવિખ્યાત છે. આ શહેરમાં જવા માગતા અમેરિકન લોકોએ આંતરરાષ્ટ્રીય સરહદ ઓળંગીને જવું પડે છે. આ શહેર એક્સક્લેવ તરીકે ઓળખાય છે. એક્સક્લેવ એટલે એવું શહેર જે રાજકીય રીતે કોઈ દેશ સાથે જોડાયેલું છે, પણ એની ભૌગોલિક સરહદ અલગ છે. અહીં પ્રવેશવા માટે તમારે બીજા દેશમાંથી પસાર થવું પડે છે. મોટાભાગના અમેરિકનો સુધ્ધાં કેનેડા મારફત જ આ શહેરમાં દાખલ થઈ શકે છે. પોઈન્ટ રોબર્ટ્સ ગ્રામ્ય વિસ્તાર છે અને અહીંની વસતિ બે હજારની આસપાસ માંડ હશે.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**પડતર ધોકાને દિવસે શું કરવું?**
* કોઈને નડતર ના થાય એવું કામ...

**દરિયાદિલ કેવું હોય?**
* ચાર- પાંચ કન્યા સાથે રિલેશન રાખી શકે એવું!

**જુગારમાં હાર-જીત સિવાય નવું શું થાય?**
* પોલીસની રેડ ને પછી લેતી-દેતીના ખેલ!

**જૂઠું બોલવાનો ફાયદો શું?**
* સાચું બોલવાની કોઈ સલાહ ના આપે...

**ફટાકડાની આબરૂ ક્યારે જાય?**
* સુરસુરિયું થાય ત્યારે!

**ગુનેગારોની ગેંગ હોય તો શાહુકારની?**
* સહકારી મંડળી ને બેંક... (આ વાત અમુક અપવાદને જ લાગુ પડે છે!)

**ઉછીના પૈસા પાછા ના આપવા શું કરવું?**
* રડો...રડાવો કે રખડાવો!

**પુલાવ અને ફૂલાવમાં શું ફરક?**
* એકથી પેટ અને બીજાથી મન ભરાય...

**સાબુ મેલો થાય તો?**
* -તો સાબુને ડિટર્જન્ટથી સાફ કરવાનો...!

**સપનામાં હીરોઈન આવીને જતી રહે છે...**
* તો મોડે સુધી સૂવાનું રાખો...

**કોનો ડાન્સ જોવાનું જાનૈયા પસંદ કરે?**
* વર કરતાં ઘોડાનો !

**મારું મીણનું પૂતળું બનાવવા કયો પોઝ આપું?**
* બોસ તમને વઢતા હોય એ વખતનો!

**ખાડાનું ખાતમુહૂર્ત થાય તો?**
* એમાંય ખાડો તો ખોદવો પડે!

**રિસાયેલી પત્નીને નેતાજી કેવી રીતે મનાવતાં હશે?**
* પ્રજાને જાહેરમાં આપ્યાં હોય એ કરતાં ખાનગીમાં વધુ વચન આપીને!

**પત્નીને મનાવવી સારી કે પટાવવી?**
* કોની પત્નીને.? ખુલાસો તો કરો !

કચ્છી ચોવક__કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# ઈજ્જતની લિજ્જત...!

દુનિયામાં દરેક વ્યક્તિને પોતાની ઈજ્જત બહુ વહાલી હોય છે. સામાન્ય રીતે તેને દીકરીથી પણ વિશેષ સાચવતા હોઈએ છીએં. કચ્છી ચોવક કહે છે કે:

**'ઈજત જી લિજત જાણે સે જાણે'** 'ઈજત' અને તેની 'લિજત' એ બન્ને શબ્દો તો સૌના પરિચિત છે. પણ 'જી' એટલે 'ની', 'જાણે સે જાણે' એ શબ્દ સમૂહનો અર્થ છે: 'જે જાણે તે જ જાણે' બેશક, અહીં આબરૂનું મહત્ત્વ ચોવક દર્શાવે છે. સમાજમાં આબરૂ હોવી તેની પણ એક લિજ્જત છે! ઈજ્જત પણ કમાવવી પડે છે!

કમાણીની વિવિધ ક્ષેત્રની કક્ષા બતાવતી પણ એક ચોવક છે: **'ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, નફ્ટ નોકરી નેં ફિઠબુડ ભીખ:'** હાલના સમયમાં આ ચોવક થોડી જુનવાણી જેવી લાગે પણ તેથી વ્યવસાયની કક્ષામાં કંઈ ફરક નથી પડતો! વિચારો.... ખેડૂતને જગતનો તાત કહ્યો છે, આવું સન્માન વેપારી કે નોકરિયાત વ્યક્તિને ક્યારેય મળ્યું છે ખરું? ચોવક કહે છે: કમાણી માટે સૌથી વધારે ઉચ્ચ કક્ષા ખેતી ધરાવે છે, તે પછી બીજા નંબર પર આવે છે વેપાર, નોકરી તો... કરી કરી ને, નો-કરી! તેવી નફટાઈની કક્ષા પર આવે છે જ્યારે સૌથી નિમ્ન કક્ષાનું કામ છે: ભીખ માગવી. 'ફિટબુડ' શબ્દ બહુ અજાણ્યો લાગશે, જેનો અર્થ થાય છે: ધિક્કાર જનક, અપમાનજનક!

વ્યવસાયની માફક જ 'ધન' કે કમાણીની કક્ષા પણ ચોવક બતાવે છે: કહે છે કે **'કકર પથર પાધન, સોન ચાંધી અધ ધન, અન પન સર્વ ધન, ચમ ધન નિર્ધન'** 'કકર પથર' એટલે કાંકરા અને પથ્થરા, સોન એટલે સોનું અને ચાંધી એટલે ચાંદી. 'ધન' એટલે ધન કે નાણાં 'અન પન'નો અર્થ થાય છે. અનાજના છોડનાં પાન અને 'ચમ ધન' એટલે ચામડી, ચામડાંની કમાણી. ચોવકનો શબ્દાર્થ છે: કાંકરા અને પથ્થર (દ્વારા કમાવું) એ 'પા ધન' ગણાય છે. 'પા' એટલે અડધાથી ઓછું. સોના-ચાંદી પાસે હોવાં)થી કમાણી એ 'અધ ધન' એટલે કે અડધા ધનિક કહેવાવું! પરંતુ અનાજ ઉગાડતાં વૃક્ષોનું વ્યક્તિ પાસે હોવું કે, તેમાંથી કમાવું એ 'સર્વધન' એટલે કે સાચું ધન છે પરંતુ જો ચામડાના વેપારી હોવું કે, ચર્મ સંગ્રહ હોવો એ નિર્ધન જ ગણાય છે!

સહેજ ઝીણવટ પૂર્વક સમજવાનો પ્રયાસ કરશું તો આ ચોવક સંયુક્ત પરિવારની રૂડી હિમાયત કરતી હોય તેવું લાગશે! આ રહી એ ચોવક: **'કરાઈ ઓસરીતા, ઓસરી અંઙણ શેરીતાતાં ખિલે'** ચોવકમાં પ્રયોજાયેલા શબ્દોનો અર્થ છે: 'કરઈ' એટલે ઓરડો. 'ઓસરી' તો ગુજરાતીમાં પણ વપરાતો શબ્દ છે. 'અંઙણ' એટલે આંગણું અને 'શેરી'નો અર્થ થાય છે શેરી... ઘરની ડેલીની બહાર પસાર થતો સાંકડો પણ લાંબો માર્ગ! શબ્દાર્થ હવે સ્પષ્ટ થઈ ગયો છે.... સંયુક્ત પરિવારના સભ્યો જેમ પરસ્પર સ્મિત ફરકાવતા અને હસતા રહે છે, તેમ એક ઘરનો ઓરડો, ઓસરી અને આંગણું, હંમેશાં સંયુક્ત રીતે સુખ-ચેનથી સંકળાયેલા હોય છે. 'ખિલે' એટલે હાસ્ય કે સ્મિત! અને એ હાસ્ય કે સ્મિતના પડઘા ડેલીની બહાર પણ પડતા હોય છે. હાસ્ય એ અહીં સુખી ઘરની નિશાની દર્શાવે છે.

એક અદ્ભુત ચોવક છે: **'કલમ કડ્છીને બરછી'** 'કલમ' એટલે કલમ. 'કડછી' રસોઈઘરમાં વપરાતું એક સાધન અને 'બરછી'નો અર્થ એજ થાય છે, બરછી! ચોવક કહેવા એમ માગે છે કે, આપણા વિરોધીઓને હસાવવા માટેનાં એ ત્રણ હથિયાર છે! કલમથી જીતી શકાય છે. 'કડછી' શબ્દ અહીં સ્વાદિષ્ટ ભોજનના બદલે કરવામાં આવ્યો છે. સ્વાદિષ્ટ ભોજન દ્વારા તમે કોઈનું દિલ જીતી શકો અને બરછીના તીક્ષ્ણ પ્રહાર તો વિરોધીઓને વિંધવા માટે પ્રખ્યાત જ છે! ■

મગજ મંથન_
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# જીવનને ઘડતી શક્તિશાળી તાકાત છે બિલીવ સિસ્ટમ...

આજે આપણે એક નવો જ વિષય લઈએ. એ વિષય છે બિલીવ સિસ્ટમ અર્થાત્ માન્યતા વિશે...

'બિલીવ સિસ્ટમ' એટલે આપણી અંદર રહેલા એવા વિચારો અને માન્યતાઓનું જાળું,

જે આપણી દરેક ક્રિયા અને પ્રતિક્રિયાનું મૂળ બને છે. આપણી માન્યતા જ આપણા જીવનની દિશા નક્કી કરે છે, જે માણસના જીવનને સફળ કે નિષ્ફળ બનાવી શકે છે. જે આપણું વિચારવાનું, વર્તવાનું અને જીવન જીવવાનું નિર્ધારિત કરે છે - તે છે 'બિલીવ સિસ્ટમ', અર્થાત્ માન્યતાનું તંત્ર.

બીજા શબ્દોમાં કહીએ તો બિલીવ સિસ્ટમ એટલે માણસના જીવનનો આધારસ્તંભ. તે આપણા નિર્ણય અને સંબંધો ઉપર ઊંડો પ્રભાવ પાડે છે.

જો બિલીવ સિસ્ટમ સકારાત્મક, તર્કસંગત અને પ્રગતિશીલ હોય તો જીવન ઉજ્જવળ બને છે, પરંતુ જો તે અંધશ્રદ્ધા, ખોટી માન્યતા અને ભય પર આધારિત હોય તો વ્યક્તિ અને સમાજ બંનેને નુકસાન કરે છે. આથી આપણી બિલીવ સિસ્ટમને સમયાંતરે તપાસતાં - સુધારતાં રહી આધુનિક દૃષ્ટિકોણ અપનાવવો જોઈએ.

બિલીવ સિસ્ટમ એટલે વ્યક્તિ કે સમાજનો વિશ્વાસ, મૂલ્યો, માન્યતાઓ અને વિચારસરણીનો એક સમૂહ. સાદી ભાષામાં કહીએ તો, 'માણસ જે રીતે દુનિયાને જુએ છે અને તેના આધારે જે રીતે વર્તે છે, તે બધું તેની બિલીવ સિસ્ટમ પર આધારિત છે.' બિલીવ સિસ્ટમ જીવનને ઘડતી શક્તિશાળી તાકાત છે. માણસે સકારાત્મક વિચારસરણી, તર્કશક્તિ, શિક્ષણ, આત્મજાગૃતિ અને આધ્યાત્મિક શાંતિ અપનાવી હોય તો ખોટી માન્યતામાંથી મુક્ત રહેવું જોઈએ. સાચી બિલીવ સિસ્ટમ માણસને સફળ, આનંદમય અને પ્રગતિશીલ જીવન તરફ દોરી જાય છે.

બિલીવ સિસ્ટમ એક શક્તિશાળી સાધન છે. જો તે સકારાત્મક અને તર્કસંગત હોય તો જીવનને ઊંચાઈ સુધી લઈ જાય છે, પરંતુ જો તે નકારાત્મક હોય તો વ્યક્તિ અને સમાજ બંનેને પછાડે છે.



આથી આપણે પોતાની માન્યતાઓની ચકાસણી કરી, સુધારણા કરી અને આધુનિકતાને સ્વીકારવાની તૈયારી રાખવી જોઈએ.

માનવજીવન મૂલ્યો, વિચારસરણી અને માન્યતાઓના આધાર પર આગળ વધે છે. દરેક વ્યક્તિના વિચાર, નિર્ણય અને વર્તન પાછળ તેની બિલીવ સિસ્ટમ કાર્યરત હોય છે. દરેક માણસ પોતાના જીવનમાં જે મૂલ્યો, વિચારો, માન્યતાઓ અને અનુભવોથી પ્રેરિત બને છે તે તેની બિલીવ સિસ્ટમ કહેવાય. આમાં ધાર્મિક માન્યતાઓ, સામાજિક નિયમો, વ્યક્તિગત વિચારધારા અને જીવન પ્રત્યેનો દ્રષ્ટિકોણ સામેલ છે.

જો કોઈ વ્યક્તિ માને કે 'હું ગણિતમાં નબળો છું', તો એ વિચાર તેને પ્રયત્ન કરવાથી અટકાવે છે. હા, જો એ જ વ્યક્તિ માને કે, 'હું સતત પ્રયત્ન કરું તો બધું શીખી શકું છું,' તો તે સફળતા સુધી પહોંચી જાય છે. આજ રીતે કોઈ ખેલાડી માને કે, 'હું જીતી શકું છું', તો તેની અંદર એ જ માન્યતા ઊર્જા બનીને કાર્ય કરે છે. આ જ છે બિલીવ સિસ્ટમની અદૃશ્ય પણ અદ્ભુત શક્તિ.

કોઈ પણ વ્યક્તિના નિર્ણયો, વર્તણૂક, સંબંધો અને લક્ષ્યો તેની બિલીવ સિસ્ટમથી પ્રભાવિત થાય છે.

* બિલીવ સિસ્ટમની કેટલીક સકારાત્મક અસર :

* આત્મવિશ્વાસમાં વધારો:

જ્યારે વ્યક્તિ માને છે કે 'હું કરી શકું છું', ત્યારે તે અડચણોને અવરોધ નહીં પણ અવસર તરીકે જુએ છે. આત્મવિશ્વાસ એ દરેક સફળતાનું પ્રથમ પગથિયું છે.

* લક્ષ્ય પ્રાપ્તિમાં સહાયરૂપ:

સકારાત્મક માન્યતા માણસને પોતાના સપનાને હકીકત બનાવવા પ્રેરિત કરે છે. એ માન્યતા તેને સતત પ્રયત્નશીલ રાખે છે.

*સકારાત્મક સંબંધોનું નિર્માણ:

હકારાત્મક માન્યતા ધરાવતો માણસ અન્ય લોકોમાં સારા ગુણો જુએ છે, તેના કારણે સંબંધો પ્રેમભર્યા બને છે.

* મૂલ્યો અને નૈતિકતાનું સંરક્ષણ:

સાચી બિલીવ સિસ્ટમ માણસને સત્ય, અહિંસા, ઈમાનદારી જેવાં મૂલ્યો તરફ દોરી જાય છે.

* માનસિક શાંતિ અને સંતુલન:

ધાર્મિક, આધ્યાત્મિક કે માનસિક સકારાત્મક માન્યતાઓ તણાવ ઘટાડે છે અને જીવનમાં શાંતિ આપે છે.

* સમાજમાં એકતા અને સહકાર:

સામાન્ય મૂલ્યો ધરાવતી માન્યતાઓ સમાજમાં ભાઈચારો, વિશ્વાસ અને સહકાર લાવે છે.

હવે આગળ જતાં વાત કરીશુ બિલીવ સિસ્ટમની નકારાત્મક અસર વિશે.... ■

# મુંબઈમાં ધીમા પગલે ઠંડીનું આગમન

## હિલ સ્ટેશન મહાબળેશ્વરમાં તાપમાન ૧૫.૮ ડિગ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં હાલ વહેલી સવારના ઠંડક, દિવસના ગરમી અને ઊકળાટ તો સાંજ બાદ વરસાદ એમ ત્રણે ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. કમોસમી વરસાદને કારણે જોકે વાતાવરણમાં ગરમી અને ઉકળાટનું પ્રમાણ થોડું ઘટયું છે. તો દિવસ-રાતના તાપમાનમાં પણ હળવો ઘટાડો જણાઈ રહ્યો છે. મંગળવારે કોલાબામાં લઘુતમ તાપમાન ૨૪.૮ ડિગ્રી અને સાંતાક્રુઝમાં ૨૪.૭ ડિગ્રી

(જુઓ પાનું ૪) ▸▸

### પ્રદૂષણના સ્તરમાં ઘટાડો

મુંબઈમાં ગયા અઠવાડિયા સુધી પ્રદૂષણનું પ્રમાણ ભયનજક સ્તરે પહોંચી ગયું હતું પણ દિવાળીના દિવસથી મુંબઈમાં પડી રહેલા વરસાદને કારણે વાતાવરણમાં રહેલા ધૂળના કણો સહિત પ્રદૂષણ સાફ થઈ ગયું છે. મુંબઈમાં છેલ્લાં ત્રણ-ચાર દિવસથી હવાની ગુણવત્તા સુધરવાની સાથે જ એર ક્વોલિટી ઈન્ડેક્સમાં ઘટાડો જણાઈ રહ્યો છે. મંગળવારે બપોર સુધીમાં મુંબઈનો સરેરાશ એક્યુઆઈ ૫૭ હતો. જોકે મોડી સાંજે ફરી ૮૮ સુધી પહોંચી ગયો હતો. ■

### ‘મોન્થા’ની અસરઃ સાંજ બાદ જોશભેર વરસાદ

આંધ્ર પ્રદેશ પર ત્રાટકેલા ‘મોન્થા’ વાવાઝોડા સહિત અરબી સમુદ્ર પરના ડિપ્રેશનની અસર મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં વર્તાઈ રહી હોઈ આગામી દિવસ બે થી ત્રણ દિવસ હળવાથી મધ્યમ સ્વરૂપનો વરસાદ રહેવાની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે.

મુંબઈમાં હાલ દરરોજ સાંજ પડવાની સાથે જ વરસાદના મધ્યમથી ભારે ઝાપટા પડી રહ્યા છે. મંગળવારે પણ આખો દિવસ વાદળિયું વાતાવરણ રહ્યા બાદ સાંજના ૪.૩૦ વાગ્યા બાદ પવન ફૂંકવાની સાથે જ મુંબઈના મોટાભાગના વિસ્તારમાં વરસાદ શરૂ થઈ ગયો હતો.

(જુઓ પાનું ૪) ▸▸

# વિકસિત મહારાષ્ટ્ર - ૨૦૪૭ વિઝન ડૉક્યુમેન્ટને મંજૂરી

## અમલીકરણ માટે મુખ્ય પ્રધાનની અધ્યક્ષતામાં વિઝન મેનેજમેન્ટ યુનિટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિકસિત મહારાષ્ટ્ર - ૨૦૪૭ અંગે રાજ્યના નાગરિકોના મંતવ્યો, અપેક્ષાઓ, મંતવ્યો, આકાંક્ષાઓ અને પ્રાથમિકતાઓ જાણવા માટે માહિતી અને જનસંપર્ક વિભાગની મદદથી રાજ્યવ્યાપી સર્વેક્ષણ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. મંગળવારે યોજાયેલી કેબિનેટની બેઠકમાં આ આધારે તૈયાર કરાયેલા વિકસિત મહારાષ્ટ્ર-૨૦૪૭ના વિઝન ડોક્યુમેન્ટ અને તેના અમલ માટે વિઝન મેનેજમેન્ટ યુનિટની સ્થાપનાને મંજૂરી આપવામાં આવી હતી.

સ્વતંત્રતાના અમૃત મહોત્સવ નિમિત્તે, ભારત સરકારે ૨૦૪૭ સુધીમાં ભારતને ‘વિકસિત ભારત - ભારત ૨૦૪૭’ બનાવવાનો સંકલ્પ કર્યો છે. આનો હેતુ ૨૦૨૫-૨૬ સુધીમાં ભારતીય અર્થવ્યવસ્થાને પાંચ ટ્રિલિયન ડોલર

(જુઓ પાનું ૪) ▸▸

### સોલાપુર-તુળજાપુર-ધારાશિવ નવી બ્રોડગેજ રેલવે લાઇનનો સુધારેલો ખર્ચ ₹ ૧,૬૪૭.૮૭ કરોડ

મુંબઈઃ મંગળવારે યોજાયેલી કૅબિનેટની બેઠકમાં સોલાપુર-તુળજાપુર-ધારાશિવના નવા રેલવે બ્રોડગેજ રેલવે લાઇન પ્રોજેક્ટ માટે રૂ. ૩,૨૯૫.૭૪ કરોડના સુધારેલા બજેટને મંજૂરી આપવામાં આવી હતી. તે મુજબ, આ પ્રોજેક્ટના ખર્ચના ૫૦ ટકા એટલે કે રૂ. ૧,૬૪૭ કરોડ ૮૭ લાખને મંજૂરી આપવામાં આવી હતી. આ સાથે, સાડા ત્રણ શક્તિપીઠોમાંથી એક, તુળજાપુર શહેર, શક્તિપીઠ રેલવે લાઇન સાથે જોડાશે. આનાથી વિવિધ રાજ્યોમાંથી આવતા ભક્તોને સુવિધા મળશે.

રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં રેલ્વે પ્રોજેક્ટ્સને ગતિ આપવા માટે સરકારે

(જુઓ પાનું ૪) ▸▸

# વરસાદથી પ્રભાવિત ખેડૂતો માટે વધુ ૧૧ હજાર કરોડ રિલીઝ કરવાની મંજૂરીઃ ફડણવીસ

મુંબઈઃ રાજ્યમાં ભારે વરસાદ અને પૂરને કારણે ખેડૂતોને થયેલા નુકસાનની ભરપાઇ કરવા રાજ્ય સરકારે ખેડૂતો માટે રાહત પેકેજ જાહેર કર્યું હતું. દરમિયાન મંગળવારે પ્રધાનમંડળની બેઠકમાં આ રાહતની સમીક્ષા કરવામાં આવી હતી. આ પછી, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ અંગે વિગતવાર માહિતી આપી, જેમાં તેમણે વધુ ૧૧ હજાર કરોડ રૂપિયા રિલીઝ કરવાની મંજૂરી આપવામાં આવી હોવાનું જણાવ્યું.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે સરકાર દ્વારા જાહેર કરાયેલી સહાય હેઠળ અત્યાર સુધીમાં ૮,૦૦૦

(જુઓ પાનું ૪) ▸▸

### ૧૧ હજાર કરોડનું પેકેજ પણ ૩૨ હજાર કરોડ જેવું જ છેતરામણુંઃ કૉંગ્રેસ

મુંબઈઃ મહાયુતિ સરકારે ભારે વરસાદ અને પૂરથી થયેલા નુકસાનને કારણે પરેશાન ખેડૂતો સાથે છેતરપિંડી કરી છે. સરકારે જાહેર કરેલું ૩૨ હજાર કરોડનું પેકેજ એક મોટી છેતરપિંડી છે, તેવી જ રીતે મંગળવારે કેબિનેટની બેઠકમાં ૧૧ હજાર કરોડના વિતરણને આપવામાં આવેલી મંજૂરી પણ છેતરામણી છે. મહાયુતિ સરકાર ખેડૂતોના ઘા પર મીઠું ભભરાવી રહી છે એમ જણાવતાં મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ સમિતિના

(જુઓ પાનું ૪) ▸▸

# પ્રોટોકોલ પેટા વિભાગનું વિસ્તરણ

મુંબઈઃ મંગળવારે યોજાયેલી પ્રધાનમંડળની બેઠકમાં સામાન્ય વહીવટ વિભાગમાં પ્રોટોકોલ પેટા વિભાગના વિસ્તરણને મંજૂરી આપવામાં આવી હતી. તે મુજબ, પ્રોટોકોલ વિભાગમાં ત્રણ નવી કચેરીઓ બનાવવા માટે પણ મંજૂરી આપવામાં આવી હતી, જેમ કે ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ, ઓવરસીઝ સિટિઝન્સ અફેર્સ અને ઇન્ટરનેશનલ રિલેશન્સ. આનાથી રોકાણને પ્રોત્સાહન મળશે અને વિદેશમાં રહેતા મરાઠી નાગરિકો સાથે સંપર્ક વધશે.

વિદેશી રોકાણ આકર્ષવા અને રાજ્યમાં આંતરરાષ્ટ્રીય વેપાર, રોજગાર, સાંસ્કૃતિક સંબંધો, વિદેશમાં રહેતા મરાઠી નાગરિકો વચ્ચેના સંબંધોને પ્રોત્સાહન અને આંતરરાષ્ટ્રીય પર્યટનનો વ્યાપ વધારવા માટે પ્રયાસો ચાલી રહ્યા છે. આ માટે, રોયલ પ્રોટોકોલ વિભાગને તેના માનવબળ સાથે વિસ્તૃત કરવો જરૂરી હતો. તે મુજબ, સચિવ અને મુખ્ય રોયલ પ્રોટોકોલ ઓફિસરનો હોદ્દો બદલીને સેક્રેટરી (રોયલ પ્રોટોકોલ, ફોરેન ડાયરેક્ટ

(જુઓ પાનું ૪) ▸▸

# સુગર ઇન્સ્ટિટ્યૂટના ‘ઑડિટ’ પર શરદ પવાર જૂથનો વિરોધ

## મુખ્ય પ્રધાને નિયમિત પ્રક્રિયા કહી

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે શરદ પવારના નેતૃત્વ હેઠળના વસંતદાદા સુગર ઇન્સ્ટિટ્યૂટ (વીએસઆઈ) દ્વારા ભંડોળના ઉપયોગ અંગે માહિતી માગી છે, જેની એનસીપી (એસપી) તરફથી ટીકા થઈ રહી છે, જોકે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સ્પષ્ટતા કરતા કહ્યું છે કે તે એક નિયમિત પ્રક્રિયા છે.

એનસીપી (એસપી) ના વડા શરદ પવાર વીએસઆઈના પ્રમુખ છે, જે ખાંડ ઉદ્યોગને સેવા આપતી સંશોધન સંસ્થા છે, જ્યારે નાયબ મુખ્ય પ્રધાન અને હરીફ એનસીપીના વડા અજિત પવાર તેના નિયામક મંડળના સભ્ય છે. પુણે જિલ્લાનું બારામતી પવાર પરિવારનો ગઢ છે, જ્યારે થાણે શિવસેનાના નેતા અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેનું રાજકીય મેદાન છે.

મહારાષ્ટ્રના ખાંડ કમિશનર સંજય કોલ્ટેએ જણાવ્યું હતું કે, અમે સામાન્ય રીતે વીએસઆઈ માટે ખાંડ મિલો પાસેથી પ્રતિ ટન એક રૂપિયાના ભાવે

(જુઓ પાનું ૪) ▸▸

# બોગસ વિજ્ઞાનીને નકલી આઇડી કાર્ડ બનાવવામાં મદદ કરવા બદલ સાયબર કૅફેના માલિકની ધરપકડ

મુંબઈઃ ભાભા ઍટમિક રિસર્ચ સેન્ટર (બીએઆરસી)નો વિજ્ઞાની હોવાનો દાવો કરનારા શકમંદ અખ્તર કુતબુદ્દીન હુસેનીની ધરપકડના દસ દિવસ બાદ મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે ઝારખંડના જમશેદપુર ખાતેથી ૩૪ વર્ષના શખસની ધરપકડ કરી હતી, જે સાયબર કૅફેનો માલિક છે અને અખ્તર હુસેનીને નકલી આઇડી કાર્ડ બનાવવામાં મદદ કરી હોવાનો તેના પર આરોપ છે.

ક્રાઇમ ઇન્ટેલિજન્સ યુનિટે (સીઆઇયુ) સોમવારે ધરપકડ કરેલા શખસની ઓળખ મુન્નઝીર ખાન તરીકે થઇ હતી. ખાનને સ્થાનિક અદાલતમાં હાજર કરવામાં આવતાં તેને ૨૯ ઑક્ટોબર સુધીની પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી.

સીઆઇયુએ ૧૭ ઑક્ટોબરે અખ્તર હુસેનની ધરપકડ કરી હતી અને તેની પાસેથી પ્રતિબંધિત તથા અતિસંવેદનશીલ પરિસરના ૧૪ નકશા અને ન્યૂક્લિયર બૉમ્બની માહિતી

(જુઓ પાનું ૪) ▸▸

### મતદાર ફેર-તપાસણીને શિંદે-સેનાનું સમર્થન

મુંબઈઃ રાષ્ટ્રીય સ્તરે ચૂંટણી પંચ દ્વારા શરૂ કરવામાં આવેલી સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) પહેલને શિવસેના (શિંદે)એ સમર્થન આપ્યું છે. આગામી મહાનગરપાલિકા ચૂંટણીઓ પારદર્શક રીતે થાય એની તકેદારી રાખવા તાત્કાલિક અને સંપૂર્ણ રીતે ફરીથી ચકાસણી પ્રક્રિયા હાથ ધરવામાં આવે એ જરૂરી છે એવું વલણ પણ પક્ષે અપનાવ્યું છે.

આગામી બે વર્ષમાં જે જે ઠેકાણે વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે એ તમામ ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાર યાદીનીપુનઃ ચકાસણી કરવામાં આવશે. ચૂંટણી પંચે તાજેતરમાં જ આ અંગે જાહેરાત કરી છે. આ પહેલના બીજા તબક્કાની જાહેરાત ભારતના ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવી છે. પશ્ચિમ બંગાળ અને તમિળનાડુના શાસક પક્ષોએ આ પગલાંનો વિરોધ કર્યો છે.

જોકે, શિવસેના (શિંદે) એ આ પહેલને સમર્થન આપવાની જાહેરાત કરી છે. શિવસેનાના પ્રવક્તા સુશી બહેન શાહે જણાવ્યું હતું કે આ પહેલ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ અને ૧૯૫૧ હેઠળ કાયદાકીય માળખામાં લાગુ કરવામાં આવી રહી છે અને

(જુઓ પાનું ૪) ▸▸

# ‘બેસ્ટ’ની ૧૫૭ ઈકોફ્રેન્ડલી બસનું મુખ્ય પ્રધાનને હસ્તે લોકાર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બૃહનમુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)ના કાફલામાં મંગળવારે વધુ નવી ૧૫૭ ઈકોફ્રેન્ડલી એરકંડિશન બસનો ઉમેરો થયો હતો. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે મંગળવારે સાંજે કોલાબા ડેપોમાં લીઝ પર લેવામાં આવેલી આ બસનું લોકોર્પણ થયું હતું.



(જયપ્રકાશ કેળકર)

કોલાબા ડેપોમાં મુખ્ય પ્રધાનના હસ્તે ઈકોફ્રેન્ડલી એરકંડિશન બસ ૧૫૭ નવી ૧૨ મીટર લંબાઈની બસનું લોકાર્પણ થયું હતું. આ બસમાં પ્રવેશ કરવા માટે સિનિયિર સિટિઝન અને દિવ્યાંગ પ્રવાસીઓ માટે રૅમ્પની સુવિધા છે. જેથી દિવ્યાંગો વ્હીલચેર સહિત બસમાં પ્રવેશ કરી શકશે. મોટાભાગની બસ ઓશિવર, કુર્લા, આણિક અને ગોરાઈ આ ચાર ડેમાંથી જુદા જુદા ૨૧ રૂટ પર દોડાવવામાં આવશે. બસ સેવા અંધેરી પશ્ચિમ, જોગેશ્વરી પશ્ચિમ, કુર્લા પૂર્વ અને પશ્ચિમ, બાન્દ્રા પશ્ચિમ, કાંદિવલી પશ્ચિમ અને બોરીવલી પશ્ચિમ આ ઉપનગરીય રેલવે સ્ટેશન સાથે જોડાયેલી છે. એ સિવાય આ બસ રૂટ મેટ્રો-ટુએ, મેટ્રો-૭, એક્વા લાઈન-૩ અને મેટ્રો-ચાર સાથે પણ જોડાયેલી છે.

બેસ્ટ ઉપક્રમના જણાવ્યા મુજબ પીએમઆઈ ઈલેક્ટ્રો મોબિલિટી પ્રાઈવેટ લિમિટેડ અને ઓલેક્ટ્રા ગ્રીનટેક લિમિટેડ પાસેથી આ બસ લીઝ પર લેવામાં આવી છે. હાલ બેસ્ટ ઉપક્રમના કાફલામાં બસની સંખ્યા ઓછી થઈ ગઈ છે. બસની સંખ્યા ઓછી હોવાથી અનેક જગ્યાએ નાગરિકોને બસની રાહ જોવામાં હાલકી ભોગવી પડી રહી છે. વધારાની બસનો ઉમેરો થવાથી પ્રવાસીઓને થોડી રાહત થવાની શક્યતા છે.

બેસ્ટ ઉપક્રમ લાંબા સમયથી તેના કાફલામાં ઘટી રહી બસની સંખ્યાથી ચિંતિત છે. ૨૫ ઑક્ટોબર, ૨૦૨૫ સુધીમાં તેના કાફલામાં કુલ બસની સંખ્યા ઘટીને ૨,૬૪૮ થઈ ગઈ હતી, જે છેલ્લા અનેક વર્ષોમાંથી સૌથી ઓછી છે. જોકે આ બસમાં માત્ર ૩૦૮ બસ જ બેસ્ટની માલિકીની છે. બાકીની તમામ બસ લીઝ પર લીધેલી છે. ■

# આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી આવકવેરા મૂલ્યાંકનમાં ગંભીર ભૂલ

## આ રીતે આવકવેરાનું મૂલ્યાંકન કરવું નિયમોનું ઉલ્લંઘન કહી હાઇ કૉર્ટે આદેશ પણ રદ કર્યો

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ના આધારે આવકવેરાની આકારણી અંગે ચિંતા વ્યક્ત કરી છે. એઆઈની મદદથી આવકવેરાની આકારણી કરવી એ નિયમોનું ઉલ્લંઘન છે એવી ટિપ્પણી કરી અદાલતે આ બાબતે આપેલો આદેશ રદ કર્યો હતો.

ન્યાયમૂર્તિ બર્ગિસ કોલાબાવાલા અને ન્યાયમૂર્તિ અમિત જામસંડેકરની ખંડપીઠે પણ અવલોકન કર્યું હતું કે અસ્તિત્વમાં નહોતા એવા કાયદા એઆઈ દ્વારા ઉપલબ્ધ કરી આવકવેરા અધિકારીઓએ એવા કાયદાઓ પર આધાર રાખી કંપની દ્વારા જાહેર કરેલી આવક વધારી આવકવેરા આકારણી કરવામાં આવી હતી.

અદાલતે આદેશમાં નિર્દેશ આપ્યો છે કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના યુગમાં અર્ધ-ન્યાયિક અધિકારીઓએ એઆઈ દ્વારા પૂરી પાડવામાં આવતી માહિતી પર આંધળો આધાર ન રાખવો જોઈએ અને તેની ચકાસણી કરવી જોઈએ.

જો એવી તકેદારી નહીં રાખવામાં આવે તો આવી ભૂલો સતત થયા કરશે એવી તેમણે ચેતવણી આપી હતી. એ જ રીતે અદાલતે ગયા વર્ષે માર્ચમાં કેએમજી વાયર્સ પ્રાઇવેટ લિમિટેડ વિરુદ્ધ પસાર કરાયેલા આકારણી આદેશ અને બાકીની રકમ ચૂકવવાની નોટિસને રદ કરી દીધી હતી અને આ મામલાને નવી સુનાવણી માટે આકારણી અધિકારીને પરત મોકલી આપ્યો હતો.

એસેસમેન્ટ ઓર્ડર અનુસાર નેશનલ ફેસલેસ એસેસમેન્ટ સેન્ટર (એનએફએસી)એ કંપનીની કુલ આવક ૨૭ કરોડ ૯૧ લાખ રૂપિયા હોવાનું નક્કી કર્યું હતું. જોકે કંપનીએ ત્રણ કરોડ નવ લાખ રૂપિયાનું રિટર્ન ફાઇલ કર્યું હતું. આથી કંપનીએ આવકવેરા વિભાગ દ્વારા જારી કરવામાં આવેલી નોટિસની સાથે આકારણીના આદેશને પણ કોર્ટમાં પડકાર્યો હતો.

કંપનીની અરજીની નોંધ લઈ અદાલતે એમ પણ કહ્યું હતું કે નોટિસ અંગે કંપનીએ આપેલા જવાબની નોંધ લીધા વિના અને કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરીને આકારણી કરવામાં આવી હતી. વધારાની થાપણોની ગણતરી કરતી વખતે વિભાગે પ્રારંભિક થાપણો ધ્યાનમાં લીધી હતી. ચુકાદો એવા કાયદાઓ પર આધારિત હતો જે અસ્તિત્વમાં નથી અને એઆઈ દ્વારા ઉપલબ્ધ કરવામાં આવ્યા છે એવી ટિપ્પણી અદાલત દ્વારા કરવામાં આવી હતી. ■

# તે ૨૩૦ કરોડ રૂપિયા ફ્રીઝ કરોઃ જૈન બોર્ડિંગ જમીનનો સોદો રદ થતાં જ ધંગેકરની માગણી

પુણે : પુણેમાં જૈન બોર્ડિંગ માટેનો જમીન સોદો છેલ્લા કેટલાક દિવસોથી ચર્ચામાં છે. પૂર્વ ધારાસભ્ય રવિન્દ્ર ધંગેકર અને કેન્દ્રીય રાજ્ય પ્રધાન મુરલીધર મોહોલ વચ્ચે આરોપ-પ્રત્યારોપનો મારો શરૂ થયો છે. દરમિયાન, પુણેકર, જૈન સંગઠન અને રવિન્દ્ર ધંગેકરે આ મુદ્દો ઉઠાવ્યા બાદ, સંબંધિત ગોખલે બિલ્ડર્સે સોદો રદ કર્યો છે. જોકે ધંગેકરે હવે એક નવી માંગણી કરી છે. ભૂતપૂર્વ ધારાસભ્ય ધંગેકરે જણાવ્યું હતું કે, આ જમીન અંગેના કરારમાં જણાવાયું છે કે જો કોઈ સોદો રદ કરે છે, તો સંબંધિત રકમ પરત નહીં કરે. તેથી, તેમણે આપેલી ૨૩૦ કરોડ રૂપિયાની રકમ ફ્રીઝ કરવી જોઈએ.

રવિન્દ્ર ધંગેકરે આગળ કહ્યું, આ જમીન વ્યવહારમાં ગડબડ થઈ છે. આ લોકોએ જૈન મંદિર ગીરવે મૂક્યું હતું. ગોખલે બિલ્ડરે એક પત્ર આપ્યો છે જેમાં જણાવાયું છે કે વ્યવહાર ગેરકાયદેસર હોવાથી તેઓ સોદો રદ કરવા તૈયાર છે. જોકે, તેમણે ૨૩૦ કરોડ રૂપિયા ચૂકવ્યા છે. આ પૈસા સરકાર દ્વારા ટ્રાન્સફર કરવા જોઈએ અથવા ફ્રીઝ કરવા જોઈએ. સરકારે આ પૈસા ક્યાંથી આવ્યા તેની તપાસ કરવી જોઈએ. ■

# કોલાબામાં બાળકીનો વિનયભંગઃ ડિલિવરી બૉયની ધરપકડ

મુંબઈઃ કોલાબા વિસ્તારમાં આઠ વર્ષની બાળકીનો વિનયભંગ કરવા પ્રકરણે પોલીસે ૪૩ વર્ષના ડિલિવરી બૉયની ધરપકડ કરી હતી. આરોપીની ઓળખ ઇમરાન મોહંમદ શેરખાન તરીકે થઇ હતી, જે કફ પરેડ વિસ્તારમાં રહે છે. પોલીસના જણાવ્યા અનુસાર કોલાબામાં ઇમારતના પહેલા માળે દાદરા પર રવિવારે સાંજના સાત વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. બાળકીએ ઘરે જઇને બનાવની જાણ માતાને કર્યા બાદ માતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ અનુસાર આરોપીએ સરનામું પૂછવાને બહાને બાળકીને રોકી હતી અને બાદમાં બાળકીનો વિનયભંગ કરવામાં આવ્યો હતો. આ પ્રકરણે ફરિયાદ નોંધાયા બાદ કોલાબા પોલીસે ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી. ■

# પાલિકાની હૉસ્પિટલોમાં ૪૫ ટકા બેઠકો ખાલી

મુંબઈઃ મુંબઈની આરોગ્ય વ્યવસ્થાની કરોડરજ્જુ ગણાતી મુંબઈ મહાનગરપાલિકાની કેઈએમ, સાયન અને નાયર આ ત્રણ મહત્ત્વની હોસ્પિટલોમાં પ્રોફેસર, એસોસિયેટ પ્રોફેસર, લેબોરેટરી ટેકનિશિયન, એક્સ-રે ટેકનિશિયન, નર્સ, સફાઈ કર્મચારી, વોર્ડ એટેન્ડન્ટ જેવા વિવિધ કર્મચારીઓની ૪૫ ટકા જગ્યાઓ ખાલી હોવાનું બહાર આવ્યું છે. આનાથી દર્દીઓની સારસંભાળ પર અસર પડી છે, સાથે હાલના કર્મચારીઓ પર પણ તણાવ વધ્યો છે. જન આરોગ્ય હક અભિયાન દ્વારા આ આંકડા જાહેર કરવામાં આવ્યા છે. મુંબઈ મહાનગરપાલિકાએ હોસ્પિટલોનું જાહેર-ખાનગી ભાગીદારી (પીપીપી) દ્વારા ખાનગીકરણ કરવાને બદલે ખાલી જગ્યાઓ ભરીને જાહેર આરોગ્ય સેવાઓને મજબૂત કરવા પર ભાર મૂકવો જોઈએ, એવું

(જુઓ પાનું ૪) ▸▸



# ઠાણેમાં કોલેજ પાસેના નાળામાં આઠ ફૂટ લાંબો અજગર મળ્યો

થાણેઃ થાણેમાં મંગળવારે એક કોલેજ પાસે રસ્તાની બાજુના નાળામાં લગભગ આઠ ફૂટ લાંબો અજગર જોવા મળ્યો હતો, જેના કારણે વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો.

બાદમાં અજગરને બચાવી લેવામાં આવ્યો હતો અને વન્યજીવ કલ્યાણ સંસ્થાને સોંપવામાં આવ્યો હતો, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. સાવરકર નગરમાં એક કોલેજની સામે મરાઠા ગલી પાસે રસ્તાની બાજુની ગટરમાં કેટલાક રહેવાસીઓએ આ અજગરને જોયો હતો. આ અંગેની માહિતી મળતાં ડિઝાસ્ટર મેનેજમેન્ટના એક કર્મચારી, એક પિકઅપ વાહન, એક ફાયર ફાઈટર ઈમરજન્સી વાહન અને કોંકણી પાડાના વાઈલ્ડલાઈફ વેલફેર એસોસિએશનના સભ્યો ઘટનાસ્થળે દોડી ગયા હતા.

થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ યાસીન તડવીએ જણાવ્યું હતું કે, ‘‘લગભગ ૮આઠ ફૂટ લાંબા અજગરને પાછળથી સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યો હતો અને વધુ સંભાળ માટે વાઈલ્ડલાઈફ વેલફેર એસોસિએશનની ટીમને સોંપવામાં આવ્યો હતો.’’ ■

# વિદેશી નાગરિકોને છેતરનારા કૉલ સેન્ટર પર કાર્યવાહીઃ ૧૧૬ જણ પકડાયા

છત્રપતિ સંભાજીનગરઃ ચિકલઠાણા એમઆઈડીસી પરિસરમાં ધમધમતા કૉલ સેન્ટર પર કાર્યવાહી કરી પોલીસે ૧૧૬ યુવક-યુવતીને તાબામાં લીધાં હતાં.

અમેરિકન નાગરિક સહિત અન્ય દેશના નાગરિકોને છેતરીને નાણાં પડાવનારા કૉલ સેન્ટરની માહિતી પોલીસને મળી હતી. માહિતીને આધારે ચિકલઠાણા એમઆઈડીસીમાં ટી-૭ ખાતેના ત્રણ માળના મકાન પર મંગળવારની સવારથી મોટી સંખ્યામાં પોલીસ પહોંચી હતી. પોલીસનાં આઠ વાહન તેમ જ અધિકારીઓનાં વાહનો નજરે પડ્યાં હતાં.

કહેવાય છે કે આ કૉલ સેન્ટરના માધ્યમથી ટૅક્સમાં સુવિધાને નામે વિદેશી નાગરિકોને છેતરવામાં આવતા હતા. ત્રણ માળના મકાનમાં બે માળ પર આ કૉલ સેન્ટર ચલાવાતું હતું. મકાનમાલિકે લોકોને છેતરનારા કૉલ સેન્ટર અંગે તેને માહિતી ન હોવાનો દાવો કર્યો હતો. જોકે પોલીસને એગ્રિમેન્ટની નકલ મળી હતી, જેમાં આઈટી કંપની હેઠળ સૉફ્ટવેર અને કૉલ સેન્ટરનાં કામો કરવામાં આવશે એની નોંધ હોવાનું કહેવાય છે. ■

આજે વર્લ્ડ ચૅમ્પિયન ભારતનો ટી-૨૦માં ઑસ્ટ્રેલિયા સામે મુકાબલોઃ બપોરે ૧.૪૫ વાગ્યે જંગ શરૂ

# વર્લ્ડ નંબર-વન વિરુદ્ધ વર્લ્ડ નંબર-ટૂ



કૅનબેરામાં ભારતીય ખેલાડીઓ. ગંભીર અને સૂર્યા મજાકના મૂડમાં હતા. બુમરાહ કમબૅકની તૈયારીમાં વ્યસ્ત હતો. (બીસીસીઆઇ)

કૅનબેરાઃ ટી-૨૦ના વર્લ્ડ નંબર-વન ભારત અને નંબર-ટૂ ઑસ્ટ્રેલિયા વચ્ચે આજે (ભારતીય સમય મુજબ બપોરે ૧.૪૫ વાગ્યાથી) અહીં ટી-૨૦ સિરીઝની પ્રથમ મૅચ રમાશે અને એ સાથે આગામી ફેબ્રુઆરીમાં રમાનારા ટી-૨૦ વર્લ્ડ કપ માટેની બન્ને દેશની એક પ્રકારની પૂર્વતૈયારી શરૂ થશે. ભારત ટી-૨૦માં વર્લ્ડ ચૅમ્પિયન તેમ જ એશિયન ચૅમ્પિયન છે અને સૂર્યકુમાર યાદવની ટીમ સાથે ટક્કર ઝીલવાનું મિચલ માર્શની ટીમ માટે બહુ મુશ્કેલ બની રહેશે. શુભમન ગિલના સુકાનમાં તાજેતરમાં ઑસ્ટ્રેલિયામાં ભારતની ટીમ વન-ડે સિરીઝમાં મિચલ માર્શની ટીમ સામે ૧-૨થી હારી ગઈ, પણ હવે સૂર્યકુમારની ટીમ સામે મિચલ માર્શ ઍન્ડ કંપનીએ ટક્કર ઝીલવાની છે. ઑસ્ટ્રેલિયામાં ભારતને ઑસ્ટ્રેલિયન ટીમ ૨૦૦૮ પછી એક પણ ટી-૨૦ સિરીઝ નથી હરાવી શક્યું.

### સૂર્યાના સુકાનમાં ૨૯માંથી ૨૩માં જીત

સૂર્યકુમાર યાદવ થોડા અઠવાડિયાઓથી બૅટિંગમાં ફૉર્મ ગુમાવી બેઠો છે, પરંતુ કૅપ્ટન્સીમાં તેણે મોટી સફળતા મેળવી છે. તાજેતરમાં પાકિસ્તાનને એશિયા કપમાં તેના સુકાનમાં ભારતે ફાઇનલ સહિત તમામ ત્રણ મૅચમાં હરાવ્યું હતું અને ચૅમ્પિયનપદ મેળવ્યું હતું. ટી-૨૦ કૅપ્ટન તરીકે સૂર્યકુમારનો રેકૉર્ડ જબરદસ્ત છે. તેના નેતૃત્વમાં ભારત ૨૯માંથી ૨૩ ટી-૨૦ મૅચ જીત્યું છે. ૨૦૨૩નું વર્ષ સૂર્યકુમાર માટે ખૂબ સફળ હતું. એ વર્ષમાં તેણે ૧૮ ટી-૨૦ મૅચમાં ૧૫૬.૦૦ના સ્ટ્રાઇક-રેટ સાથે ૭૩૩ રન કર્યા હતા જેમાં બે સેન્ચુરી અને પાંચ હાફ સેન્ચુરી સામેલ હતી.

### છેલ્લી ૧૦માંથી આઠમાં વિજય

પોતપોતાની છેલ્લી ૧૦-૧૦ ટી-૨૦ મૅચમાં ભારત અને ઑસ્ટ્રેલિયાનો પર્ફોર્મન્સ એકસરખો છે. બન્ને ટીમે ૧૦માંથી આઠ ટી-૨૦માં વિજય મેળવ્યો છે. ભારતની બાકીની બેમાંથી એક મૅચમાં પરાજય થયો હતો અને એક મૅચ ટાઇ થઈ હતી. ઑસ્ટ્રેલિયાની બાકીની બેમાંથી એક મૅચમાં હાર થઈ હતી અને એક મૅચ અનિર્ણીત રહી હતી.

### બન્ને દેશની સ્ક્વૉડમાં કયા ખેલાડીઓ

**ભારતઃ** સૂર્યકુમાર યાદવ (કૅપ્ટન), શુભમન ગિલ (વાઇસ-કૅપ્ટન), સંજુ સૅમસન (વિકેટકીપર), જિતેશ શર્મા (વિકેટકીપર), અભિષેક શર્મા, તિલક વર્મા, રિન્કુ સિંહ, શિવમ દુબે, નીતીશ કુમાર રેડ્ડી, અક્ષર પટેલ, વૉશિંગ્ટન સુંદર, જસપ્રીત બુમરાહ, અર્શદીપ સિંહ, હર્ષિત રાણા, કુલદીપ યાદવ અને વરુણ ચક્રવર્તી.

**ઑસ્ટ્રેલિયાઃ** મિચલ માર્શ (કૅપ્ટન), ટ્રૅવિસ હેડ, જૉશ ઇંગ્લિસ, શૉન અબૉટ, ઝેવિયર બાર્ટલેટ, ટિમ ડેવિડ, નૅથન એલિસ, જૉશ હૅઝલવૂડ, મૅથ્યૂ કુહનેમન, મિચલ ઓવેન, જૉશ ફિલિપ, તનવીર સંઘા, મૅથ્યૂ શૉર્ટ અને માર્કસ સ્ટોઇનિસ. ■

# વર્લ્ડ કપમાં ઈજાગ્રસ્ત પ્રતીકા રાવલની જગ્યાએ આક્રમક ઓપનર શેફાલી વર્મા

નવી મુંબઈઃ ભારતીય મહિલા ટીમની યુવાન અને ભરોસાપાત્ર ઓપનિંગ બૅટર પ્રતીકા રાવલે વન-ડે વર્લ્ડ કપની છ મૅચમાં સેકન્ડ હાઈએસ્ટ ૩૦૮ રન કરીને ભારતીય ટીમને સેમિ ફાઈનલમાં પહોંચાડી, પરંતુ જમણા ઘૂંટણ અને ઘૂંટીની ગંભીર ઈજાને કારણે હવે તે નૉકઆઉટ રાઉન્ડની મહત્ત્વની મૅચોમાં જ નહીં રમી શકે એટલે તેના સ્થાને સિલેક્ટરોએ યુવાન ઓપનર અને જૂની ને જાણીતી આક્રમક બૅટર શેફાલી વર્માને ટીમમાં સમાવી છે.

રવિવારે નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમના મેદાન પર બાંગ્લાદેશ સામેની મૅચમાં ફીલ્ડિંગ દરમ્યાન પ્રતીકા રાવલનો પગ મચકોડાઈ ગયો હતો. આ ટૂર્નામેન્ટમાં સૌથી વધુ ૩૬૫ રન કરનાર સ્મૃતિ મંધાના પછીની બીજા નંબરની ટોપ-સ્કોરર પ્રતીકા રાવલ હવે સ્પર્ધાની બહાર થઈ ગઈ છે અને તેનાં સ્થાને શેફાલી વર્માને સ્કવૉડમાં સમાવી લેવામાં આવી છે. શેફાલી ભારતની મૂળ ટીમમાં હતી જ નહીં, પરંતુ સિલેક્ટરોએ ટીમમાં સામેલ તેજલ હસબનીસ કરતાં શેફાલી વર્મા પર વધુ ભરોસો મૂક્યો છે.

### શેફાલી એક વર્ષથી નથી રમી

હરિયાણાની ૨૧ વર્ષીય શેફાલી વર્મા ભારત વતી ૨૯ વન-ડે રમી છે જેમાં તેણે ચાર હાફ સેન્ચુરીની મદદથી કુલ ૬૪૪ રન કર્યા છે. જોકે ભારત વતી છેલ્લે તે ઑક્ટોબર ૨૦૨૪માં રમી હતી. વર્લ્ડ કપની શરૂઆત પહેલા ટીમ સિલેક્ટ કરવામાં આવી ત્યારે સિલેક્ટરોએ શેફાલી વર્માને બદલે પ્રતીકા રાવલને ઓપનિંગ બૅટર તરીકે ટીમમાં સમાવવાનું નક્કી કર્યું હતું. યોગાનુયોગ હવે પ્રતીકા રાવલના સ્થાને શેફાલીને રમવા મળી રહ્યું છે.

શેફાલી વર્મા તાજેતરમાં ઇન્ડિયા-એ ટીમ વતી ૫૦ ઓવરની મૅચોમાં રમી હતી. એમાં તેણે ઑસ્ટ્રેલિયા-એ સામેની મૅચમાં બાવન રન અને ન્યૂ ઝીલેન્ડ-એ સામેની મૅચમાં ૭૦ રન કર્યા હતા. શેફાલીએ ડિસેમ્બર ૨૦૨૪માં ડોમેસ્ટિક ક્રિકેટમાં હરિયાણા વતી ૭૫.૨૮ની સરેરાશે કુલ ૫૨૭ રન કર્યા હતા. ■




### ઇંગ્લૅન્ડ-સાઉથ આફ્રિકા વચ્ચેની આજની સેમિમાં વરસાદની સંભાવના

મહિલાઓના વન-ડે વર્લ્ડ કપમાં બુધવાર, ૨૯મી ઑક્ટોબરે (બપોરે ૩.૦૦ વાગ્યાથી) ગુવાહાટીમાં ઇંગ્લૅન્ડ અને સાઉથ આફ્રિકા વચ્ચે પ્રથમ સેમિ ફાઇનલ રમાશે જેમાં વરસાદ વિઘ્ન બની શકે. આ મૅચ માટે ગુરુવારનો રિઝર્વ ડે રાખવામાં આવ્યો છે. જોકે એ દિવસે પણ વરસાદને લીધે મૅચ પૂરી નહીં રમાય તો પૉઇન્ટ્સ-ટેબલમાં બેમાંથી આગળ રહેનારી ટીમ ફાઇનલમાં જશે. આ જોતાં ઇંગ્લૅન્ડ ફાઇનલમાં સીધો પ્રવેશ કરશે, કારણકે આ ટીમ ૧૧ પૉઇન્ટ સાથે બીજા નંબરે અને સાઉથ આફ્રિકાની ટીમ ૧૦ પૉઇન્ટ સાથે ત્રીજા ક્રમે હતી. ટી-૨૦માં જીત-હારના રેશિયોમાં સાઉથ આફ્રિકા સામે ઇંગ્લૅન્ડ ૩૬-૧૦ના તફાવતથી આગળ છે. ભારત-ઑસ્ટ્રેલિયાની બીજી સેમિ ફાઇનલ ગુરુવાર, ૩૦મીએ નવી મુંબઈમાં (બપોરે ૩.૦૦ વાગ્યાથી) રમાશે.

# સિંધુ વર્તમાન સીઝનમાં નહીં રમે

નવી દિલ્હીઃ બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા સ્ટાર મહિલા બેડમિન્ટન ખેલાડી પીવી સિંધુએ યુરોપિયન લેગ પહેલા પગની ઇજામાંથી સંપૂર્ણપણે સ્વસ્થ થવા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે ૨૦૨૫ સીઝનની બાકીની બીડબલ્યૂએફ ટૂર ઇવેન્ટ્સમાંથી હટવાનો નિર્ણય લીધો છે. હૈદરાબાદની ૩૦ વર્ષીય શટલરે જણાવ્યું હતું કે આ નિર્ણય તેની સપોર્ટ ટીમ અને પ્રખ્યાત સ્પોર્ટ્સ ઓર્થોપેડિસ્ટ ડો. દિનશા પારડીવાલા સહિત તબીબી નિષ્ણાતો સાથે સલાહ લીધા પછી લેવામાં આવ્યો છે.

સિંધુએ કહ્યું હતું કે ''મારી ટીમ સાથે ચર્ચા કર્યા પછી અને ડો. પારડીવાલાની સલાહ લીધા બાદ અમને લાગ્યું કે ૨૦૨૫માં બાકીની બધી બીડબલ્યૂએફ ટૂર ઇવેન્ટ્સમાંથી હટી જવું મારા માટે શ્રેષ્ઠ રહેશે.'' તેણીએ કહ્યું હતું કે ''યુરોપિયન લેગ પહેલા મને થયેલી પગની ઇજા હજુ સુધી સંપૂર્ણપણે સ્વસ્થ થઈ નથી.'' તેણીએ કહ્યું હતું કે ઇજાઓ કોઈપણ ખેલાડીની કારકિર્દીનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે, જોકે તે સ્વીકારવી સરળ નથી. આવી પરિસ્થિતિઓ તમારા ધીરજની કસોટી કરે છે.

# સૂર્યકુમાર યાદવ કયા માથાના દુખાવાને સારો કહેવડાવે છે?

કૅનબેરાઃ બુધવાર, ૨૯મી ઑક્ટોબરે ઑસ્ટ્રેલિયા સામે શરૂ થઈ રહેલી પાંચ મૅચની ટી-૨૦ સિરીઝમાં ઑસ્ટ્રેલિયાના પાટનગર કૅનબેરાના મનુકા ઓવલ ગ્રાઉન્ડમાં રમાનારી પ્રથમ મૅચ (ભારતીય સમય મુજબ બપોરે ૧.૪૫ વાગ્યાથી) પહેલાં વર્લ્ડ ચૅમ્પિયન ભારતના કૅપ્ટન સૂર્યકુમાર યાદવે એક સુખદ કહેવાય એવો માથાનો દુખાવો વ્યક્ત કર્યો છે જેમાં તેણે કહ્યું છે કે 'ક્યારેક ટીમ સિલેક્ટ કરવા માટે વિકલ્પ તરીકે એટલા બધા ખેલાડીઓ ઉપલબ્ધ હોય છે કે એ બધામાંથી ૧૫ ખેલાડીઓની ટીમ (તેમ જ પ્લેઇંગ ઇલેવન) નક્કી કરવાનું કામ પડકારરૂપ બની જાય છે.'

સૂર્યકુમારે પત્રકારો સાથેની વાતચીતમાં એવું પણ જણાવ્યું હતું કે 'ક્યારેક તો ટીમમાં એક ખેલાડીના સ્થાન માટે ઘણા બધા વિકલ્પો ઉપલબ્ધ હોય છે એટલે એ કામ સુખદ રીતે સમસ્યારૂપ બની જતું હોય છે, પરંતુ ટીમને કોની જરૂર છે એ ખેલાડીઓ સારી રીતે સમજતા હોય છે એટલે તેમનું ધ્યાન માત્ર એક સરળ ધ્યેય તરફ જ હોય છે અને એ ધ્યેય છે, ભારતને મૅચો જિતાડવામાં જરૂરી યોગદાન આપવું.'

### દરેક ખેલાડીમાં બહુ સારી સમજદારી છે

સૂર્યકુમારે વધુમાં કહ્યું હતું કે 'ફાસ્ટ બોલર હોય કે સ્પિનર, ઘણા બધા વિકલ્પો હોય એ ટીમ માટે સારી વાત કહેવાય. પહેલાથી સાતમા સ્થાન સુધીમાં દરેક ખેલાડી ક્રમની બાબતમાં કોઈ પણ સ્થાને ફિટ બેસે એવો છે. આ સાતમાંથી કોઈ પણ બૅટર કોઈ પણ નંબર પર બૅટિંગ કરી શકે છે. ટીમ સિલેક્ટ કરવાનું કઠિન થઈ જાય છે, પણ આ ટીમ એવી છે જેમાં પ્રત્યેક પ્લેયર બહુ સારી રીતે જાણે છે કે પોતાનું એકમાત્ર લક્ષ્ય ભારતને જિતાડવાનું છે. ટીમને વિજય અપાવવાનો ધ્યેય જ ધ્યાનમાં હોય ત્યારે ટીમમાં ખેલાડીઓનું કેવું કૉમ્બિનેશન હોવું જોઈએ એમાં હું માનતો જ નથી. એક ઉદાહરણ આપું, જો કોઈ ખેલાડીએ પાછલી બે મૅચમાં સારું પર્ફોર્મ કર્યું હોય પરંતુ જો નવી મૅચમાં એક વધારાનો સ્પિનર કે ઑલરાઉન્ડર કે ફાસ્ટ બોલર રમાડવાની જરૂર લાગે તો પેલા ઇન્ફૉર્મ પ્લેયરને ઇલેવનમાં ન પણ સમાવાય અને એ વાત એ પ્લેયર સારી રીતે સમજતો હોય છે. ટીમ ઇન્ડિયામાં આ પ્રકારની સમજદારી દરેકમાં છે.'

### સૂર્યાએ મજાકમાં કહ્યું કે...

સૂર્યકુમારે મજાકમાં કહ્યું હતું કે 'ટીમમાં દરેક ખેલાડી સાથે મારી બહુ સારી મિત્રતા છે એટલે હું તેમણે કઈ મૅચમાં નથી રમવાનું એ હું તેમને આસાનીથી સમજાવી શકું છું. જોકે મેં ટીમના તમામ ૧૫ ખેલાડીઓને એ પણ કહી દીધું છે કે તમારામાંથી કોઈને પણ ઇલેવનમાં સમાવવામાં આવી શકે એટલે તમારે દરેક મૅચ માટે તૈયાર રહેવું જોઈશે.'

### રિન્કુ સિંહનું ઉદાહરણ આપ્યું

સૂર્યકુમારે મિડલ-ઑર્ડરના આક્રમક બૅટ્સમૅન રિન્કુ સિંહનું ઉદાહરણ આપતા કહ્યું, 'તાજેતરના એશિયા કપમાં રિન્કુ સિંહને પાકિસ્તાન સામેની ફાઇનલ પહેલાંની એક પણ મૅચમાં રમવાની તક નહોતી મળી, પણ ફાઇનલમાં જ્યારે તેને અંતિમ ક્ષણોમાં રમવા મળ્યું ત્યારે ટીમને ત્રણ-ચાર રનની જરૂર હતી અને તેણે (પોતાના પહેલા જ બૉલમાં) ફોર ફટકારીને ભારતને રોમાંચક વિજય અપાવી દીધો હતો. એ રીતે હું સ્ક્વૉડના દરેક ખેલાડીને કહેતો હોઉં છું કે તમે તૈયાર રહેજો, કોઈ પણ મૅચમાં તમને રમવાની તક મળી શકે.'

### બે સિરીઝ હાર્યા, પણ આ અલગ ફૉર્મેટ છેઃ સૂર્યા

આ વર્ષની શરૂઆતમાં ઑસ્ટ્રેલિયામાં ભારતીયો ટેસ્ટ શ્રેણીમાં ૧-૩થી હારી ગયા હતા અને આ અઠવાડિયે રોહિત-કોહલીની ૧૬૮ રનની મૅચ-વિનિંગ ભાગીદારી પહેલાંની બે મૅચના પરાજયને પગલે ભારતે કાંગારુંઓ સામેની વન-ડે શ્રેણી ૧-૨થી ગુમાવી હતી. જોકે સૂર્યકુમારે આ વિશેના એક સવાલના જવાબમાં પત્રકારોને કહ્યું હતું કે 'ટેસ્ટ અને વન-ડેની તુલનામાં ટી-૨૦ ખૂબ ભિન્ન ફૉર્મેટ છે. એમાં અમે જે રીતે પર્ફોર્મ કરતા આવ્યા છીએ એ જ રીતે રમીશું અને ટીમને વિજયી બનાવીશું. ઑસ્ટ્રેલિયામાં પરિસ્થિતિ ખૂબ અલગ હોય છે, પરંતુ એને કેવી રીતે અનુરૂપ થવું એ પણ મહત્ત્વનું છે.'

સૂર્યકુમારે ટીમમાં ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહના પુનરાગમન વિશે આનંદ વ્યક્ત કર્યો હતો. સૂર્યાએ કહ્યું, 'અત્યારની અમારી ટી-૨૦ ટીમમાં બુમરાહ ઑસ્ટ્રેલિયામાં સૌથી વધુ રમી ચૂક્યો છે એટલે અમે બધાએ તેની પાસેથી અગાઉના અનુભવો અને પરિસ્થિતિ વિશે ઘણું બધું જાણી લીધું છે.'

### ભારતની ટી-૨૦ સિરીઝની સ્ક્વૉડઃ

સૂર્યકુમાર યાદવ (કૅપ્ટન), શુભમન ગિલ (વાઇસ-કૅપ્ટન), સંજુ સૅમસન (વિકેટકીપર), જિતેશ શર્મા (વિકેટકીપર), અભિષેક શર્મા, તિલક વર્મા, રિન્કુ સિંહ, શિવમ દુબે, નીતીશ કુમાર રેડ્ડી, અક્ષર પટેલ, વૉશિંગ્ટન સુંદર, જસપ્રીત બુમરાહ, અર્શદીપ સિંહ, હર્ષિત રાણા, કુલદીપ યાદવ અને વરુણ ચક્રવર્તી. ■

# ગુકેશે કિંગનું મહોરું ફેંકીને અપમાન કરનાર નાકામુરાને હરાવ્યો અને ભારતની સભ્યતાની ઝલક બતાવી

સેન્ટ લુઇસ (અમેરિકા)ઃ આ મહિનાની શરૂઆતમાં અમેરિકાના ચેસ ખેલાડી હિકારુ નાકામુરાએ ભારતના વર્લ્ડ ચૅમ્પિયન ડી. ગુકેશને એક સ્પર્ધામાં હરાવ્યા બાદ (આયોજકો દ્વારા નક્કી કરાયેલી યોજના મુજબ) માત્ર મજાક ખાતર ચેસ બોર્ડ પરથી ગુકેશનું કિંગનું મહોરું ઉપાડીને પ્રેક્ષકોમાં ફેંકીને ગુકેશનું તેમ જ ચેસની મહાન રમતનું અપમાન કર્યું હતું એનો બદલો ગુકેશે આ જ મહિનામાં તેને હરાવીને લઈ લીધો છે.

વિશ્વના ટોચના ચાર ચેસ ખેલાડીઓ વચ્ચેની 'ક્લચ ચેસઃ ચૅમ્પિયન્સ શૉડાઉન' સ્પર્ધાના પ્રથમ દિવસે ગુકેશે મૂળ જાપાનના નાકામુરાને ૧.૫-૦.૫થી હરાવી દીધો હતો. નાકામુરા રૅપિડ ચેસમાં સર્વશ્રેષ્ઠ ખેલાડી મનાય છે, પરંતુ ગુકેશે તેને પછડાટ આપી હતી. નાકામુરાએ ઑક્ટોબરની શરૂઆતમાં ગુકેશને હરાવીને સેલિબ્રેશનનો અતિરેક કર્યો હતો, પણ ગુકેશે તેને હરાવ્યા પછી શાંતિથી જીત માણી હતી અને ભારતની સભ્યતાનો પુરાવો આપ્યો હતો.

નાકામુરાએ અગાઉની સ્પર્ધામાં ગુકેશનું કિંગ ફેંક્યું હતું, પરંતુ ગુકેશે એવું સોમવારે એવું નહોતું કર્યું. એવું કરીને ગુકેશે વિનમ્રતાની સાથે પોતાની મહાનતાની ઝલક પણ આપી હતી.



ગુકેશ આ સ્પર્ધાના પ્રથમ રાઉન્ડમાં વર્લ્ડ નંબર-વન મૅગ્નસ કાર્લસન સામે ૦.૫-૧.૫થી પરાજિત થયો હતો, પણ નાકામુરા ઉપરાંત ફૅબિયાનો કૅરુઆનાને ૨-૦થી હરાવીને સ્પર્ધાનો પ્રથમ દિવસ ૪/૬ પૉઇન્ટની સરસાઈ સાથે પૂરો કર્યો હતો. બીજો રાઉન્ડ ભારતીય સમય મુજબ મંગળવારે રાત્રે ૧૧.૩૦ વાગ્યે શરૂ થશે. ■

# શ્રેયસ ઐયરે સિડનીમાં પાંસળીની સર્જરી કરાવી

સિડનીઃ ભારતની વન-ડે ટીમના મિડલ-ઑર્ડર બૅટ્સમૅન અને આઇપીએલની પંજાબ કિંગ્સ ટીમના સુકાની શ્રેયસ ઐયરે સિડનીની હૉસ્પિટલમાં પાંસળીની સર્જરી કરાવી છે અને હવે તેની તબિયત સુધારા પર છે. તેને શનિવારે ઑસ્ટ્રેલિયા સામેની છેલ્લી વન-ડે દરમ્યાન ફીલ્ડિંગમાં કૅચ પકડતી વખતે પાંસળીમાં ગંભીર ઈજા થઈ હતી ત્યાર બાદ તેને તરત હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

શ્રેયસ હવે આઇસીયુ (ઇન્ટેન્સિવ કેર યુનિટ)ની બહાર છે. જોકે ડૉક્ટરે તેને આ સર્જરી નાની હોવા છતાં તેને પૂરતો આરામ કરવાની સલાહ આપી છે. તે લગભગ એક અઠવાડિયું સિડનીની હૉસ્પિટલમાં રહેશે.

ભારતીય ટીમ માટેના ફિઝિશ્યન ડૉ. રિઝવાન ખાન મારફત બીસીસીઆઇ શ્રેયસની તબિયત વિશે લેટેસ્ટ જાણકારી મેળવતું રહે છે. શ્રેયસે ફિઝિયો કમલેશ સાથે પણ વાતચીત કરી છે. એવું જાણવા મળ્યું છે કે શ્રેયસના પરિવારજનના સિડની ખાતેના પ્રવાસની બધી વ્યવસ્થા પણ બીસીસીઆઇએ કરી છે.

શ્રેયસ હવે પરિવારજનો તેમ જ ખૂબ નજીકના મિત્રોના ફોન કૉલ રિસીવ કરે છે. તે ઘરમાં બનાવેલું ભોજન જ લે છે અને એની વ્યવસ્થા સિડનીમાં રહેતાં તેના કેટલાક મિત્રોએ કરી છે.

શ્રેયસે શનિવારે ઍલેક્સ કૅરીનો ડાઇવિંગ કૅચ ઝીલતી વખતે આ ઈજા થઈ હતી. તેને પાંસળીમાં રપ્ચર્ડ સ્પ્લીન પ્રકારની ઈજા થઈ હતી જેમાં બ્લીડિંગ થયું હતું અને સર્જરી જરૂરી બની હતી. ટી-૨૦ ટીમના કૅપ્ટન સૂર્યકુમાર યાદવે મંગળવારે કૅનબેરામાં પત્રકારોને કહ્યું હતું કે 'શ્રેયસે ફોન કૉલ્સ રિસીવ કરવાના અને મૅસેજિસની આપ-લે કરવાની શરૂઆત કરી છે એ બહુ સારો સંકેત છે. તેની તબિયત ઘણી સુધારા પર લાગે છે.' ■

# ભારતે ઑલિમ્પિક્સ અને કૉમનવેલ્થ પહેલાં બે મોટી એશિયન સ્પર્ધા યોજવાનો દાવો કર્યો

નવી દિલ્હીઃ ૨૦૩૦ની સાલની કૉમનવેલ્થ ગેમ્સ ભારતમાં યોજાવાની છે જેને પગલે ૨૦૩૬ની ઑલિમ્પિક ગેમ્સ માટેનો ભારતનો દાવો મજબૂત થયો છે અને આ બે સૌથી મોટી સ્પોર્ટ્સ ઇવેન્ટ પહેલાં ૨૦૨૬માં અને ૨૦૨૮માં એશિયન સ્તરની મોટી ખેલકૂદ સ્પર્ધા યોજવા માટે પણ ભારતે દાવો કર્યો છે.

ભારતે ૨૦૨૬ની એશિયન રિલે દોડ માટે અને ૨૦૨૮ની એશિયન ઇન્ડોર ઍથ્લેટિક્સ ચૅમ્પિયનશિપ્સ માટે સત્તાવાર રીતે બિડ મોકલ્યું છે.

જો ભારતના આ બે સ્પર્ધા માટેના બિડ મંજૂર કરાશે તો દેશને આ બે એશિયન સ્પર્ધાના આયોજનનો પહેલી વાર અવસર મળશે. ઍથ્લેટિક્સ ફેડરેશન ઑફ ઇન્ડિયાએ ૨૦૨૮ની એશિયન ઍથ્લેટિક્સ માટે ભુવનેશ્વર શહેરનું નામ સૂચવ્યું છે. ■

# સ્મૃતિ મંધાના કરીઅર-બેસ્ટ રેટિંગ સાથે મોખરે જ

નવી મુંબઈઃ ભારતીય મહિલા ટીમની વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાનાએ આઇસીસી વન-ડે રૅન્કિંગમાં કારકિર્દીનું સર્વશ્રેષ્ઠ ૮૨૮નું રેટિંગ હાંસલ કર્યું છે અને તેણે મહિલા વન-ડે જગતની તમામ બૅટર્સમાં મોખરે પોતાનું સ્થાન વધુ મજબૂત કર્યું છે. ૨૯ વર્ષની આ લેફ્ટ-હૅન્ડ બૅટરે તાજેતરમાં વર્લ્ડ કપની છેલ્લી બે મૅચની વાત કરીએ તો ન્યૂ ઝીલૅન્ડ સામેની અત્યંત મહત્ત્વની મૅચમાં ૧૦૯ રન અને બાંગ્લાદેશ સામેની વરસાદના વિઘ્નવાળી મૅચમાં અણનમ ૩૪ રન કર્યા હતા. બીજા નંબરે ઑસ્ટ્રેલિયાની ઍશ ગાર્ડનરના ૭૩૧ પૉઇન્ટ છે અને મંધાનાથી તે ૯૭ પૉઇન્ટ પાછળ છે. ■

# રણજી ટ્રોફીની ૧૯માંથી ૧૩ મૅચ ડ્રૉ

## ગુજરાતની ૧૭ વિકેટ મોહમ્મદ શમી અને શાહબાઝ અહમદે લીધી


કોલકાતા/રાજકોટઃ રણજી ટ્રોફીના બીજા રાઉન્ડમાં વરસાદે કેટલીક જગ્યાએ મૅચની મજા બગાડી નાખી અને પરિણામે આ રાઉન્ડની કુલ ૧૯માંથી ૧૩ મૅચ ડ્રૉમાં પરિણમી છે. ચાર દિવસીય મૅચોમાં જે છ મૅચના પરિણામ આવ્યા એમાં ખાસ કરીને ગુજરાત વિરુદ્ધ બેંગાલનું છે. કોલકાતામાં બેંગાલે મોહમ્મદ શમીની કુલ આઠ અને શાહબાઝ અહમદની કુલ નવ વિકેટને કારણે ગુજરાતને ૧૪૧ રને હરાવવામાં સફળતા મેળવી હતી.

ભારત વતી પાંચ ઇન્ટરનૅશનલ મૅચ રમી ચૂકેલા સ્પિનર અને મૅન ઑફ ધ મૅચ શાહબાઝ અહમદ અને શમીએ ભારતીય સિલેક્ટરોને પોતાની તરફ પણ ધ્યાન આપવાનો સંકેત આપી દીધો છે.

અન્ય કેટલીક મૅચોના પરિણામ આ મુજબ હતાઃ જમ્મુ/કાશ્મીરનો રાજસ્થાન સામે એક દાવ, ૪૧ રનથી વિજય, મહારાષ્ટ્રનો ચંડીગઢ સામે ૧૪૪ રનથી વિજય, સર્વિસીઝનો આસામ સામે આઠ વિકેટે વિજય, હરિયાણાનો ત્રિપુરા સામે નવ વિકેટે વિજય, મિઝોરમનો અરુણાચલ સામે એક દાવ અને ૫૮ રનથી વિજય.

આ ૧૩ મૅચ ડ્રૉમાં પરિણમી હતીઃ મુંબઈ-છત્તીસગઢ, બરોડા-આંધ્ર, ઉત્તર પ્રદેશ-ઓડિશા, ઝારખંડ-વિદર્ભ, કર્ણાટક-ગોવા અને સૌરાષ્ટ્ર-મધ્ય પ્રદેશ સહિત કુલ ૧૩ મૅચ ડ્રૉમાં પરિણમી હતી. ■

# બ્રિટિશ સ્કોર-કાર્ડની બોલબાલાઃ હેટ્સ ઑફ ટુ હેરી બ્રુક!



| ENGLAND | | | RUNS | BALLS |
|---|---|---|---|---|
| SMITH | | b HENRY | 0 | 1 |
| DUCKETT | c LATHAM | b FOULKES | 2 | 4 |
| ROOT | | b FOULKES | 2 | 6 |
| BETHELL | | b FOULKES | 2 | 12 |
| BROOK | c SMITH | b SANTNER | 135 | 101 |
| BUTTLER | c LATHAM | b HENRY | 4 | 8 |
| CURRAN | c LATHAM | b FOULKES | 6 | 10 |
| OVERTON | c MITCHELL | b DUFFY | 46 | 54 |
| CARSE | c WILLIAMSON | b DUFFY | 0 | 1 |
| RASHID | c BRACEWELL | b DUFFY | 4 | 12 |
| WOOD | NOT OUT | | 5 | 4 |
| | OVERS 35.2 | EXTRAS 17 | 223 | |

માઉન્ટ મોન્ગેનુઇ (ન્યૂ ઝીલેન્ડ)ઃ ઇંગ્લેન્ડ અહીં રવિવારે ન્યૂ ઝીલેન્ડ સામે શ્રેણીની પ્રથમ વન-ડેમાં હારી તો ગયું, પરંતુ ઇંગ્લેન્ડના બેટ્સમેન હેરી બ્રુકે (૧૩૫ રન, ૧૦૧ બોલ, ૧૧ સિક્સર, ૯ ફોર) અનેક લોકોનાં દિલ જીતી લીધા હતા. બન્યું એવું કે હેરી બ્રુકે ઇંગ્લેન્ડની ટીમને પરાજિત થતી જોઈ એ પહેલાં રેકોર્ડ-બુકમાં અનોખા સ્કોર-કાર્ડ સાથે પોતાનું નામ અંકિત કરાવી લીધું હતું. ઇંગ્લેન્ડના કુલ સ્કોરમાં હેરી બ્રુકનું યોગદાન ૬૦.૫૩ ટકા હતું જે ઇંગ્લેન્ડ માટે હવે નવો વિક્રમ છે. કેપ્ટન બ્રુકે હારવા છતાં એક વર્લ્ડ રેકોર્ડ પણ પોતાના નામે કર્યો હતો.

### ધબડકા છતાં બ્રુક અટલ

હેરી બ્રુકની કેપ્ટન્સીમાં ઇંગ્લેન્ડે પ્રથમ બેટિંગ મળ્યા પછી અત્યંત ખરાબ શરૂઆત કરી હતી. બ્રુક બેટિંગ કરવા આવ્યો ત્યારે ઇંગ્લેન્ડનો સ્કોર ત્રણ વિકેટે પાંચ રન હતો. થોડી વારમાં સ્કોર ચાર વિકેટે ૧૦ રન અને ત્યાર બાદ પાંચ વિકેટે ૩૩ રન તથા છ વિકેટે ૫૬ રન થયો હતો. જોકે બ્રુક અડીખમ રહ્યો હતો. બ્રુકના ૧૩૫ રનની મદદથી ઇંગ્લેન્ડની ટીમ ૩૫.૨ ઓવરમાં ૨૨૩ રનના સન્માનજનક સ્કોર પર ઑલઆઉટ થઈ હતી. ઇંગ્લેન્ડની ટીમમાં બ્રુક ઉપરાંત માત્ર જેમી ઑવર્ટન (૪૬ રન) સારું રમ્યો હતો. બ્રુક અને ઑવર્ટન વચ્ચે ૮૭ રનની બહુમૂલ્ય ભાગીદારી થઈ હતી.

### ૧૦માંથી ૯ વિકેટ પેસ બોલરે લીધી

બે બ્રિટિશ બેટ્સમેનના ઝીરો હતા અને બ્રુક-ઓવર્ટનને બાદ કરતા બીજા તમામ બેટ્સમેન સિંગલ ડીજિટના રન સાથે આઉટ થઈ ગયા હતા. ન્યૂ ઝીલેન્ડ વતી ત્રણ પેસ બોલરમાંથી ઝકારી ફોક્સે સૌથી વધુ ચાર વિકેટ, જેકબ ડફીએ ત્રણ વિકેટ અને મેટ હેન્રીએ બે વિકેટ લીધી હતી. એક વિકેટ સ્પિનર મિચલ સેન્ટનરે મેળવી હતી.

ન્યૂ ઝીલેન્ડે ડેરિલ મિચલના અણનમ ૭૮ રન અને માઈકલ બ્રેસવેલના ૫૧ રનની મદદથી ૩૬.૪ ઓવરમાં ૬/૨૨૪ના સ્કોર સાથે વિજય મેળવીને સિરીઝમાં ૧-૦થી સરસાઇ મેળવી હતી.

### હેરી બ્રુકની રેકોર્ડ-બુક

(૧) ઇંગ્લેન્ડના ૨૨૩ રનમાં હેરી બ્રુકના ૧૩૫ રનનું પ્રમાણ ૬૦.૫૩ ટકા છે જે ઇંગ્લેન્ડ માટે નવો વિક્રમ છે, કારણકે તેણે રોબિન સ્મિથનો ૩૨ વર્ષ જૂનો બ્રિટિશ રેકોર્ડ તોડ્યો છે. ૧૯૯૩માં રોબિન સ્મિથે બર્મિંગમમાં ઑસ્ટ્રેલિયા સામે અણનમ ૧૬૭ રન કર્યા હતા અને તેના એ યોગદાનનું પ્રમાણ ઇંગ્લેન્ડના ૫/૨૭૭ના સ્કોરમાં ૬૦.૨૮ ટકા હતું.

(૨) કોઈ ટીમનો કુલ સ્કોર જ્યારે ૧૦ રનથી પણ ઓછો હોય અને પાંચમા નંબરે રમવા આવેલા બેટ્સમેને સેન્ચુરી કરી હોય એવા ટોચના ત્રણ બેટ્સમેનમાં હેરી બ્રુક પણ હવે સામેલ છે. જોકે આ ત્રણેયમાં બ્રુકે હાઇએસ્ટ ૧૩૫ રન સાથે નવો વિશ્વવિક્રમ કર્યો છે. ૨૦૧૬માં પાકિસ્તાનના સરફરાઝ અહમદે ઇંગ્લેન્ડ સામે ત્રણ વિકેટે બે રનના સ્કોર પર રમવા આવ્યા બાદ ૧૦૫ રન કર્યા હતા. ૨૦૦૬માં યુવરાજ સિંહે સાઉથ આફ્રિકા સામે ત્રણ વિકેટે પાંચ રનના સ્કોર પર રમવા આવ્યા બાદ ૧૦૩ રન કર્યા હતા. રવિવારે ઇંગ્લેન્ડનો સ્કોર ત્રણ વિકેટે પાંચ રન હતો ત્યારે રમવા આવ્યા બાદ હેરી બ્રુકે ૧૩૫ રન કર્યા હતા.

### રેકોર્ડ બુકમાં કપિલ ત્રીજા અને રોહિત ચોથા નંબરે

હેરી બ્રુકે જે વિક્રમ નોંધાવ્યો એ પ્રકારની વૈશ્વિક રેકોર્ડ બુકમાં વિવ રિચર્ડ્સ (૧૯૮૪માં ઇંગ્લેન્ડ સામે ૯/૨૭૨ના કુલ સ્કોરમાં અણનમ ૧૮૯ રન સાથે ૬૯.૪૮ ટકા) પહેલા નંબરે, ડેવિડ વોર્નર (૨૦૨૨માં ઝિમ્બાબ્વે સામે ૧૦/૧૪૧ના કુલ સ્કોરમાં ૯૪ રન સાથે ૬૬.૬૬ ટકા) બીજા નંબરે, કપિલ દેવ (૧૯૮૩માં ઝિમ્બાબ્વે સામે ૮/૨૬૬ના કુલ સ્કોરમાં અણનમ ૧૭૫ રન સાથે ૬૫.૭૮ ટકા) ત્રીજા નંબરે અને રોહિત શર્મા (૨૦૧૪માં શ્રીલંકા સામે ૫/૪૦૪ના કુલ સ્કોરમાં વિક્રમી ૨૬૪ રન સાથે ૬૫.૩૫ ટકા) ચોથા નંબરે છે. ■

# ભાવનગર શહેરમાં બોરતળાવ ખાતે છઠ પૂજાનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો

**▶ જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ જોડાઈને ધાર્મિક વિધિ પૂર્ણ કરી હતી... ▶ કચ્છ પર માવઠાંનો માર: ખેતરોમાં પાણી ભરાઈ જતાં ઈસબગુલ, કપાસ અને જીરું સહિતના પાકમાં નુકસાનીની ભીતિ**

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: વિક્રમ સંવતના નૂતન વર્ષના પ્રારંભે અરબી સમુદ્રમાં સર્જાયેલી વરસાદી સિસ્ટમને પગલે હાલ રાજ્યભરમાં કમોસમી વરસાદનો નવો રાઉન્ડ શરૂ થયો છે ત્યારે આજે સતત બીજા દિવસે સરહદી કચ્છના મોટાભાગના વિસ્તારોમાં છૂટા-છવાયા વરસાદે હાજરી પૂરાવી હતી.

જિલ્લા મથક ભુજમાં બપોર બાદ સર્જાયેલા અષાઢી માહોલ વચ્ચે વરસેલા કમોસમી માવઠાંને કારણે શહેરના ભાનુશાલી નગર, જ્યુબિલી ગ્રાઉન્ડ સર્કલ,જૂના બસ સ્ટેશન વિસ્તાર તેમજ જૂની બજારમાં પાણી ભરાઈ જતાં શહેરીજનોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ભુજ ઉપરાંત બંદરીય માંડવી, અબડાસા અને રાપર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ મીનિ વાવાઝોડાં સાથે માવઠું થયું હતું, જયારે રાપર તાલુકાના ગાગોદર અને આસપાસના માણાબા, મેવાસા, કાનમેર અને સાય સહિતના ભાતીગળ ગ્રામ્ય વિસ્તારોમાં ભારે પવન સાથે થયેલા અડધાથી પોણો ઇંચ જેટલા કમોસમી વરસાદથી ખેતરોમાં પાણી ભરાઈ જતાં ઇસબગુલ, કપાસ અને જીરું સહિતના પાકમાં વ્યાપક નુકસાનની ભીતિ સેવાઈ રહી છે.

આ ઉપરાંત લખપત તાલુકાની આસપાસના બરદા,માતાના મઢ, વિરાણી, બિટીયારી સહિતના ગ્રામ્ય વિસ્તારમાં પણ એકાદ ઇંચ જેટલા છૂટાછવાયા ઝાપટાં વરસ્યાં હોવાનું જાણવા મળ્યું છે જયારે નખત્રાણા તાલુકાના રવાપર પંથકમાં પણ માવઠાનો માર ચાલુ રહેતાં નાગવીરી, નવાવાસ, ઘડાણી, વિગોડી, લીફરી, વાલ્કા નાના મોટા, ખીરસરા, રામપરમાં માર્ગો પરથી પાણી વહી નીકળ્યાં હતા જયારે ગાંધીધામ સંકુલ તેમજ અંજાર શહેરમાં બપોર બાદ થયેલાં માવઠાંએ અડધા ઇંચ પાણી વરસાવી દીધું હોવાનું ભરત અંજારિયાએ જણાવ્યું હતું. દરમ્યાન, જલારામ જયંતીના પર્વની ચાલી રહેલી તડામાર તૈયારીઓને વરસાદને કારણે થોડી માઠી અસર પહોંચી હતી. ■



ભાવનગર શહેરમાં બોરતળાવ ખાતે છઠ પૂજાનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ જોડાઈને ધાર્મિકવિધિ પૂર્ણ કરી હતી. (તસવીરઃ વિપુલ હિરાણી, ભાવનગર)

# ભચાઉના ચાંદીપારખુએ સસ્તા ભાવના શુદ્ધ સોનાંની લાલચમાં ૧૨ લાખ ગુમાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પૂર્વ કચ્છના ભચાઉ શહેરમાં દાગીનાને લગતું કામકાજ કરતા કારીગરને ભુજની ઠગ ટોળકીએ બજાર ભાવ કરતાં ઓછી કિંમતમાં ૨૪ કેરેટ શુદ્ધ સોનાંની લાલચ આપી રૂ. ૧૨ લાખ રૂપિયાની છેતરપિંડી કરી હોવાનો વધુ એક કિસ્સો બહાર આવ્યો હતો. પાંચ મહિના અગાઉ થયેલી છેતરપિંડી અંગે ભુજના એ-ડિવિઝન પોલીસ મથકે ભચાઉમાં ચાંદીના દાગીનાનું લેબોરેટરી ટેસ્ટિંગ કરવાનું કામકાજ કરનારા ચંદ્રકાંત ક્રિષ્નાદેવ ગાયકવાડે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગાંધીધામમાં તેના પુત્ર ઋષિકેશની કાપડની દુકાન છે. પાંચ-છ માસ પૂર્વે ઋષિકેશની દુકાન નજીકની ચાની હોટેલ પર અવારનવાર આવતા રહેતા સુખપર (ભુજ)ના ગોવિંદ મારવાડી સાથે મિત્રતા કેળવાઈ હતી. ઋષિકેશને ગોવિંદે ભુજથી સસ્તા ભાવે શુદ્ધ સોનું અપાવી દેવાની વાત કરી હતી. ત્યારબાદ ક્રિષ્નાદેવના મોબાઈલ નંબર પર ગોવિંદના ફોન આવવા ચાલુ થયા હતા. ગત ૩૦ મેના તેઓ કાર લઇને ભુજ આવ્યા બાદ ઠગ ટોળકીએ તેમને જાળમાં ફસાવવા માટે સેમ્પલ તરીકે ખરાં સોનાંનું બિસ્કિટ બતાવી રોકડા રૂ. ૧૨ લાખ મેળવી લીધા હતા. ત્યારબાદ સોનાની ડિલિવરી આપવા વખતે પાછળ કસ્ટમના અધિકારીઓ તેમનો પીછો કરી રહ્યા હોવાનો ડર બતાવી, કાર ક્યાંય ન રોકવાનું જણાવી, છેક ભચાઉ સુધી પહોંચાડી બાદમાં સોનું આપવાના ખોટા વાયદા આપ્યા હતા. આરોપીઓના મોબાઈલ નંબર પર વારંવાર ફોન કરવા છતાં કોઇ પ્રત્યુત્તર ન મળતાં ફરિયાદી ભુજ આવીને આ લોકોની પૂછપરછ કરતાં આરોપીઓનાં સાચાં નામ જાણવા મળ્યાં હતાં, જેમાં સુખપરના ગોવિંદ મારવાડીનું સાચું નામ ગૌતમ કેશારામ રાવ (રહે. સુખપર) છે અને સાથેના મામદ સિદ્દિક ફકીર સોઢા (રહે. ખરોડા, તા. લખપત),ઇજાજ ઉર્ફે લાખો સિદ્દિક હિંગોરજા (રહે. મુસ્તફાનગર,ભુજ), સોયબ મામદ કકલ (રહે.મદિનાનગર-૨, ભુજ) અને ઉરસ ઇલિયાસ સોઢા (રહે.સુખપર-ભુજ) હોવાનું સામે આવતાં તેઓ વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. ■

# રોકાણની સામે વધુ વ્યાજ-વિદેશ પ્રવાસની લાલચ આપીને અંજારના ૮૬ રોકાણકારો સાથે ૧.૫૪ કરોડની ઠગાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: અમદાવાદ શહેરના કેટલાક લેભાગુ તત્ત્વો દ્વારા કચ્છના અંજારના ૮૬ જેટલા રોકાણકારો સાથે વધારે વ્યાજ મળવાની લોભામણી સ્કીમના નામે ૧.૫૪ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરી હોવાનો બનાવ બહાર આવતાં ભારે ચકચાર પ્રસરી જવા પામી હતી.

અંજારમાં વીમા એજન્ટ તરીકે કામ કરનાર સંજય રમેશચંદ્ર મડિયારે રાજકુમાર કૈલાસ રાય, રાહુલ રાજકુમાર રાય, ઉત્કર્ષ રાજકુમાર રાય, ઉષારાજકુમાર રાય અને બે પેઢીના જનરલ મેનેજર હસમુખ ડોડિયા સામે અંજાર પોલીસમથકે છેતરપિંડી સહિતની કલમો તળે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૩માં તેમને મળવા આવેલા ભુજના રાજુ ઠક્કર અને અંજારના દિલીપ કોડરાણીએ યુનિક મર્કન્ટાઈલ ઈન્ડિયા અને યુનિક સ્વયં મલ્ટિસ્ટેટ-મલ્ટિપર્પઝ કો-ઓપરેટિવ સોસાયટીના સિનિયર લીડર તરીકે ઓળખ આપી હતી. તેઓ કંપનીમાં ફિક્સ ડિપોઝિટમાં રોકાણ કરવા અને તેમાં રોકાણકારો રોકાણ કરશે તો ૧૨ મહિને ૯.૭૫ ટકા વ્યાજ આપવાની વાત કરી હતી તેમજ અમુક ટકા વધુ રોકાણ કરાવશો તો તેમને અને રોકાણકારોને વિદેશ પ્રવાસનો પણ લાભ મળશે તેવી લાલચ આપી હતી. ભારતના વિવિધ શહેરોમાં યુનિક મર્કન્ટાઈલ ઈન્ડિયા અને યુનિક સ્વયં મલ્ટિસ્ટેટ-મલ્ટિપર્પઝ કો-ઓપરેટિવ સોસાયટીની ૮૪ જેટલી શાખાઓ કાર્યરત હોવાનું અને ભુજમાં પણ શાખા ટૂંક સમયમાં શરૂ કરાશે તેવું પણ કહ્યું હતું. ભુજ ખાતે કંપની દ્વારા રોકાણકારોને ફસાવવા માટે સેમિનારનું પણ આયોજન કરવામાં આવ્યું હતું અને તમામ આરોપીઓ પણ તેમાં હાજર હતા. સેમિનારમાં આરોપીઓએ લોભામણી જાહેરાતો કરી હતી, જેથી તેઓએ, તેમના પરિચિતો, કુટુંબીજનો અને સંબંધીઓને જાણ કરી હતી અને તેમના ૯૦ હજારથી ૫૦ લાખ સુધીની જુદી-જુદી રકમનું રોકાણ કુલ ૮૬ રોકાણકારોએ કર્યું હતું. વર્ષ ૨૦૧૩માં રોકાણ કર્યા બાદ મુદ્દત પૂરી થયે ખાતામાં રકમ કે વ્યાજ જમા થયા ન હતા. અમદાવાદના આશ્રમ રોડ ખાતે આવેલી હેડ ઓફિસમાં આરોપીઓને મળવા ગયા ત્યારે તમામ રોકાણકારોના પૈસા વ્યાજ સહિત ચૂકવી આપશું તેવી બાંહેધરી આપી હતી, ત્યાર બાદ પણ અવાર-નવાર અમદાવાદના ધક્કા ખાધા હતા, પરંતુ આરોપીઓએ પૈસા આપવાના માત્ર વાયદા જ કર્યા હતા. ૧૨ વર્ષ સુધી તેમના નાણાં ધરાર પરત ન આપ્યા બાદ આ મામલે આખરે પોલીસ ફરિયાદ નોંધાવાઇ હતી. ■

# જમીન માપણી વધારાનું કલેક્ટરની બોગસ સહી વડે જાલી હુકમનામું બનાવનાર ફરાર કારકુન પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: થોડા સમય અગાઉ ભુજ તાલુકાના રતિયા ગામમાં જમીન માપણી વધારા અંગે જિલ્લા સમાહર્તા આનંદ પટેલની ખોટી સહી કરી બોગસ હુકમનામું બનાવનારા ફરાર આરોપી એવા તત્કાલીન કારકુન અનિલકુમાર ભીખાલાલ કરેણને તેના ગામ લાલાવાડા (તા. પાલનપુર, જિ. બનાસકાંઠા)થી ઝડપી લેવાયો છે.

આ અંગે નાયબ પોલીસ અધીક્ષક એમ. જે. ક્રિશ્ચિયને વિગતો આપતાં જણાવ્યું હતું કે, અરજદારની માલિકીની રતિયા ખાતે આવેલી જમીનમાં માપણી વધારાનો હુકમ તત્કાલીન કારકુન એ.બી. કરેણે જિલ્લા સમાહર્તાની ખોટી સહી કરીને આ બોગસ દસ્તાવેજને ખરા દસ્તાવેજ તરીકે બતાવી ઠગાઇ અને વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ એકાદ માસ પૂર્વે એ-ડિવિઝન પોલીસ મથકે મામલતદાર અરુણ નાગરમલ શર્માએ નોંધાવી હતી.

ત્યારબાદ સ્થાનિક ગુન્હાશોધક શાખાએ આ કેસના નાસતા આરોપી અનિલ કરેણને તેના ગામથી ઝડપી લઇ તેની અટક કરવામાં આવી છે. બે વર્ષ દરમ્યાન કારકુન તરીકે ફરજ બજાવનાર આરોપી અનિલે આ રીતે કોઇ ખોટા દસ્તાવેજ બનાવ્યા છે કે કેમ તેમ જ આ ગુનામાં અન્ય કોઇની સંડોવણી અંગે છાનબીન થશે તેમ પોલીસ અધીક્ષક એમ.જે.ક્રિશ્ચિયને ઉમેર્યું હતું. ■



કમોસમી વરસાદના પગલે ઊભી થયેલી પરિસ્થિતિનો તાગ મેળવવા ભાવનગરના શિહોર ખાતે કૃષિ પ્રધાન જીતુ વાઘાણીએ બેઠક યોજી હતી. તેમણે શિહોર કાજાવદર ગામની મુલાકાત લઈને ખેડૂતો અને સ્થાનિકો સાથે ચર્ચા કરી હતી.. (તસવીરઃ વિપુલ હિરાણી, ભાવનગર)

# કેરાના કુખ્યાત બૂટલેગર અનોપસિંહની પાસા તળે ધરપકડ, વડોદરાની મધ્યસ્થ જેલમાં ધકેલી દેવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાંથી વિક્રમજનક શરાબના જથ્થા ઝડપાયાના મુખ્ય કેરાના કુખ્યાત બૂટલેગર અનોપસિંહ અભેસિંહ રાઠોડની 'પાસા' તળે ધરપકડ કરી, તેને વડોદરાની મધ્યસ્થ જેલમાં ધકેલી દેવાયો હતો. અગાઉ પણ પાસામાં સપડાઈ ચૂકેલો તેમજ જેલમાં રહીને પોતાના બેનામી શરાબના કાળા કારોબારને ચલાવનાર આ મોસ્ટ વોન્ટેડ બુટલેગર અનોપસિંહ સામે વીતેલા ૧૧ વર્ષ દરમ્યાન શરાબ સંબંધિત ૨૯ જેટલા ગુના નોંધાયેલા છે. સરહદી રેન્જ-ભુજના પોલીસ મહાનિરીક્ષક અને પશ્ચિમ કચ્છના જિલ્લા પોલીસ અધિક્ષક વિકાસ સુંડાએ જિલ્લામાં ગેરકાયદે-અસામાજિક પ્રવૃત્તિ ફેલાવતા શખ્સો વિરુદ્ધ પાસાની કાર્યવાહી કરવા આપેલી સૂચનાના આધારે કેરાના વિદેશી દારૂના ધંધાર્થી અનોપસિંહ વિરુદ્ધ પાસા હેઠળ કાર્યવાહી કરવા માટે સ્થાનિક ગુન્હાશોધક શાખાના ઈન્ચાર્જ પી.આઈ એચ.આર.જેઠીએ કરેલી દરખાસ્તને જિલ્લા મેજિસ્ટ્રેટે ગ્રાહ્ય રાખતાં અનોપસિંહની અટકાયત કરી વડોદરાની મધ્યસ્થ જેલમાં ધકેલી દેવામાં આવ્યો હતો. અત્રે એ નોંધનીય છે કે, રાજ્ય સ્તરની પોલીસ ટુકડી તથા સ્થાનિક પોલીસ તેમજ રાજ્ય બહાર આવતા અંગ્રેજી પ્રકારના શરાબ-બીયરના વિક્રમજનક જથ્થા જપ્ત થવાના અનેક કેસો અનોપસિંહ સામે દાખલ થયેલા છે. ■

# ભુજમાં ઘરની બાલ્કનીમાં અડધી રાત્રે કોઈ નવજાત બાળકીને મૂકી જતા ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: શહેરના મુંદરા રોડ પર આવેલા જલારામ નગરમા રહેતા એક પરિવારના મકાનની બાલ્કનીમાં મધ્યરાત્રીના સુનકાર વચ્ચે કોઈ અજ્ઞાત માતા પોતાના કાળજાના કટકા સમાન નવજાત બાળકને મૂકી જતાં આ મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો હતો.

આ હૈયું ધ્રુજાવી દેતી ઘટના અંગે મૂળ દાહોદના અને ભુજમાં ઈલેક્ટ્રીશિયન તરીકે કામ કરનારા ૪૦ વર્ષીય અનીલભાઈ નવલસિંહ ભીલે જણાવ્યું હતું કે તેઓ પત્ની તથા પાંચ પુત્રીઓ સાથે મુંદરા રોડ પર આવેલા જલારામ નગરમાં રહે છે. ગત રાત્રે ઘરે તેઓ નિંદ્રાધીન ત્યારે તેમની પુત્રી વંશિકા તેના હાથમાં એક નવજાત બાળકને લઈને તેમના રૂમમાં દોડી આવી હતી. આ બાળક વિશે પુછતા વંશિકાએ ધ્રુજતા અવાજે જણાવ્યું હતું કે, તે નીચેના માળે આવેલા બાથરૂમ તરફ જતી હતી ત્યારે ઘરની બાલ્કનીમાં કોઈ બાળકનો રડવાનો અવાજ સંભળાયો હતો. બાલ્કનીમાં જઈને તપાસ કરતાં ઉઘાડી અવસ્થામાં એક નવજાત બાળક રડતું જોવા હતું. પરિજનો તથા મિત્રોનો સંપર્ક કરી, આ સંવેદનશીલ મામલામાં શું કરી શકાય તે અંગે ચર્ચા કર્યા બાદ હેલ્પલાઇન નંબર ૧૧૨માં ફોન કરીને બાળક વિશે જાણકારી આપતાં ૧૧૨ની ટુકડી તેમના ઘરે દોડી આવી હતી અને નવજાત બાળકને તાત્કાલિક સારવાર અર્થે જી.કે.જનરલ હોસ્પિટલ દાખલ કરી દેવામાં આવી હતી.

આ ચોંકાવનારા કિસ્સાની તપાસ કરી રહેલા ભુજ બી-ડિવિઝનના પી.એસ.આઈ કે.એચ.આહીરે જણાવ્યું હતું કે, નવજાત બાળકી અંદાજે એકથી બે દિવસની છે અને ભયમુક્ત છે. બાળકીની કપાયેલી નાળ જોતા કોઈ તજજ્ઞ દ્વારા કપાઈ ન હોવાનું જણાઈ આવ્યું છે. ફરિયાદીના ઘર આસપાસના સીસીટીવી ફૂટેજીસ ખંગાળવાની કામગીરી ચાલી રહ્યાનું અને ફરિયાદી અનિલભાઈના ઘરે કોઈ અજાણી વ્યક્તિ ગુનાહિત ઈરાદાથી પ્રવેશ કરી નવજાત બાળકને ત્યજી તેના જીવને જોખમમાં મુક્યા અંગેનો ગુન્હો દાખલ કર્યો હોવાનું તેઓએ ઉમેર્યું હતું. ■

# રાપરના ત્રંબૌ ગામમાં તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી યુવકની ઘાતકી હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના રાપર તાલુકાના ત્રંબૌ ગામમાં રાત્રીના અરસામાં એક યુવકની કરપીણ હત્યા નીપજાવાઈ હોવાનો બનાવ બહાર આવતાં કચ્છ સહીત બૃહદ કચ્છમાં ભારે ચકચાર પ્રસરી હતી. આ અંગે પ્રાપ્ત પ્રાથમિક વિગતો મુજબ, ત્રંબૌ ગામના બસ સ્ટેશન પાસે રાત્રે ૯ અને ૩૦ કલાકના અરસામાં હત્યાનો આ બનાવ બનવા પામ્યો હતો જેમાં કોઈ મુદ્દે થયેલી તકરાર દરમ્યાન તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકીને ૨૪ વર્ષીય ધનસુખ નારણ ડોડિયાની કરપીણ હત્યા નીપજાવાઈ હતી. બનાવની જાણ થતાં રાપર પોલીસ ઘટનાસ્થળે ધસી ગઈ હતી તેમજ આ સંવેદનશીલ વિસ્તારમાં ચાંપતો બંદોબસ્ત ખડકી દેવાયો હતો. હત્યારાને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરાયા હોવાનું જાણવા મળ્યું હતું. ■

# કમોસમી વરસાદથી મગફળીનું ઉત્પાદન ઘટવાની ભીતિઃ ખેડૂતોને ભાવ અને નુકસાનનો બેવડો માર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સૌરાષ્ટ્રના મુખ્ય પાક ગણાતી મગફળીનું આ વર્ષે રાજકોટ જિલ્લામાં વાવેતર વધ્યું હોવા છતાં, કમોસમી વરસાદ અને બજારમાં નીચા ભાવને કારણે ખેડૂતો ચિંતામાં મુકાયા હતા. વાવેતરના વધારા છતાં ઉત્પાદન ઘટવાની શક્યતાને લીધે ખેડૂતોને આર્થિક નુકસાન સહન કરવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

રાજકોટ જિલ્લા ખેતીવાડી વિભાગના આંકડા મુજબ, ગત વર્ષની સરખામણીએ આ વર્ષે મગફળીનું વાવેતર નોંધપાત્ર રીતે વધ્યું હતું. ૨૦૨૪-૨૫માં ૨,૬૮,૦૦૦ હેક્ટરની સામે આ વર્ષે ૩,૨૯,૦૦૦ હેક્ટરમાં મગફળીનું વાવેતર થયું હતું. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, કપાસના વાવેતર વિસ્તારમાં ઘટાડો થતાં તે વિસ્તાર મગફળી તરફ વળ્યો હતો, જેના કારણે વાવેતરમાં વધારો થયો હતો. ખેડૂતો મગફળીનો પાક વહેલો લઈ લીધા બાદ ઘઉં કે ચણા જેવા અન્ય પાકો વાવી શકે છે, જે વાવેતર વધવાનું મુખ્ય કારણ છે.

જોકે, આ વધારા છતાં ઉત્પાદન પર સંકટ આવ્યું હતું. શરૂઆતમાં ૯ થી ૧૦ લાખ ટન ઉત્પાદનનો અંદાજ હતો, પરંતુ કમોસમી વરસાદ અને ભેજવાળા વાતાવરણના કારણે હવે તેમાં ૧૦ થી ૧૫ ટકા જેટલો ઘટાડો થવાની આશંકા છે. વરસાદને કારણે પાકને સીધી અસર થતાં બજારમાં પણ આવક ઘટવાની શક્યતા છે. ઉત્પાદન ઘટવાની ભીતિની સાથે ખેડૂતોને મગફળીના ભાવને લઈને પણ ચિંતા છે. ખેડૂતોના મતે, મગફળીનો પ્રતિ ૨૦ કિલોનો ભાવ રૂ. ૧૩૦૦ થી ૧૪૦૦ મળવો જોઈએ. રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં હાલમાં મગફળીના સોદા રૂ. ૧૧૦૦ થી ૧૨૦૦ પ્રતિ ૨૦ કિલો બોલાઈ રહ્યા છે. યાર્ડમાં નીચામાં નીચો ભાવ રૂ. ૭૦૦ અને ઊંચામાં ઊંચો ભાવ રૂ. ૧૩૦૦ આસપાસ નોંધાયો હતો.

રાજકોટ યાર્ડના સૂત્રોના જણાવ્યા મુજબ, યાર્ડમાં ૧૫ વિઘાનો મોટો શેડ ઉપલબ્ધ હોવાથી ચાલુ વરસાદમાં પણ ટોકન સિસ્ટમ શરૂ કરીને આવક મંગાવવામાં આવી રહી છે. ઓછા ભાવ મળવાના કારણે ખેડૂતોને કમોસમી વરસાદના નુકસાનની સાથે-સાથે બેવડો આર્થિક ફટકો પડી શકે છે. ■

# જામનગરમાં દબાણ હટાવ ઝુંબેશ અંતર્ગત ફલાય ઓવર બ્રિજ નીચેથી ૪૦ ઝૂંપડાં હટાવાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જામનગરમાં દબાણ હટાવ ઝુંબેશ અંતર્ગત ફલાય ઓવર બ્રિજ નીચેથી ૪૦ ઝૂંપડા હટાવાયાં હતાં. મળતી વિગત પ્રમાણે, જામનગરના જૂના રેલવે સ્ટેશન નજીક નવા બની રહેલા ફલાયઓવરની નીચે સંખ્યાબંધ ઝૂંપડાઓ ખડકાઈ ગયા હોવાથી અને ન્યુસન્સ ફેલાવતા હોવાથી તંત્ર સતર્ક બન્યું હતું. પોલીસની મદદ લઈને ભારે સંઘર્ષ બાદ દબાણ હટાવની કામગીરી કરવામાં આવી હતી.

જામનગરમાં અંબર ચોકડી નજીક જૂના રેલવે સ્ટેશન પાસેના વિસ્તારમાં નવા બંધાઈ રહેલા ફલાય ઓવર બ્રિજ નીચે છેલ્લા કેટલાક સમયથી ઝૂંપડાઓ ખડકાઈ ગયા હોવાની અને ઝૂંપડાવાસીઓ ન્યુસન્સ ફેલાવતા હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી. કેટલાક શખ્સો દ્વારા દેશી દારૂની પણ પ્રવૃત્તિ ચલાવવામાં આવતી હોવાની ફરિયાદો મળ્યા પછી જામનગર મહાનગરપાલિકા તંત્ર દ્વારા દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરી હતી. જેમાં ૪૦ જેટલાં દબાણ-કર્તાઓના ઝૂંપડા વગેરે ખસેડી લેવામાં આવ્યા હતા અને તેઓનો તમામ માલસામાન જપ્ત કરીને મહાનગરપાલિકાની કચેરીમાં જમા કરાવી દેવાયો હતો.

આ કામગીરી વખતે ભારે સંઘર્ષ થયો હતો અને ઝૂંપડાવાસીઓ દ્વારા ભારે હોબાળો મચાવવામાં આવ્યો હતો, પરંતુ પોલીસ તંત્ર અને મહાનગરપાલિકાની ટીમ દ્વારા કોઈપણ પ્રકારની મચક આપ્યા વિના તમામનો સમાન જપ્ત કરીને જુદા જુદા વાહનો મારફતે મહાનગરપાલિકાની કચેરીમાં લઈ જવાયો હતો. ■

# રાજકોટમાં ડિફોલ્ટરો સામે કલેક્ટરનું કડક વલણઃ રૂ. ૪.૭૦ કરોડની મિલકતો જપ્ત કરવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ શહેર અને જિલ્લામાં સરકારી, ખાનગી બેંકો અને ફાઇનાન્સ પેઢીઓમાંથી કરોડો રૂપિયાની લોન લઈને હપ્તા ન ભરનારા ડિફોલ્ટર સામે કલેક્ટર દ્વારા આક્રમક કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી, જેનાથી બેંક ડિફોલ્ટરોમાં ફફડાટ ફેલાયો હતો. છેલ્લા એક મહિનાના ગાળામાં જ કલેક્ટર તંત્ર દ્વારા ત્રણ અલગ-અલગ આસામીઓની અધધ ₹૪.૭૦ કરોડની મિલકતો જપ્ત કરીને બેંક અને સંબંધિત પેઢીઓને કબજો સોંપી દેવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ, કલેક્ટર તંત્રની સૂચનાના આધારે રાજકોટ પૂર્વ મામલતદાર કચેરી દ્વારા ગત મહિને 'સરફેસી એક્ટ' હેઠળ મોટી કાર્યવાહી કરવામાં આવી હતી.આ લોકોએ રાજકોટ અને મોરબી જિલ્લાની બેંકોમાંથી કરોડોની લોન લીધા બાદ તેના હપ્તા ભરવાનું બંધ કરી દીધું હતું. કલેક્ટરના આદેશ બાદ મામલતદાર દ્વારા આ આસામીની કુલ ₹૪.૨૮ કરોડની મિલકત જપ્ત કરવામાં આવી હતી. એક મહિનામાં ₹૪.૭૦ કરોડની મિલકતો જપ્ત કરવામાં આવી હતી.

બૅન્ક લોન લીધા બાદ હપ્તા નહીં ભરનારાઓ સામે કલેક્ટર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. ■